ગુજરાત હાઈકોર્ટે દારૂના સેવનના આરોપમાં સંડોવાયેલા ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ના એક ડ્રાઈવરને નિર્દોષ છોડવાના નીચલી અદાલતના નિર્ણયને માન્ય રાખ્યો છે. અદાલતે આ ચુકાદો આપતી વખતે પ્રોસિક્યુશન દ્વારા કરવામાં આવેલી ગંભીર પ્રક્રિયાગત ભૂલો અને તબીબી તપાસના ફરજિયાત નિયમોના ઉલ્લંઘનને મુખ્ય કારણ ગણાવ્યું હતું. વર્ષ ૧૯૯૯ની આ ઘટનામાં નબળી તપાસ અને વિસંગતતાઓને કારણે આરોપી સામેના પુરાવા શંકાસ્પદ સાબિત થયા હતા.

આ કેસની વિગત મુજબ, ડિસેમ્બર ૧૯૯૯માં જૂનાગઢ સ્થિત FSL ઓફિસમાં ફરજ બજાવતા આ ડ્રાઈવર નશાની હાલતમાં મળી આવ્યા હોવાનો આક્ષેપ થયો હતો. વર્ષ ૨૦૦૮માં જૂનાગઢની ટ્રાયલ કોર્ટે પુરાવાઓના અભાવે તેમને નિર્દોષ જાહેર કર્યા હતા, જેની સામે રાજય સરકારે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નોંધ્યું હતું કે આ કેસની મૂળ ફાઈલ નાશ પામી હોવાથી માત્ર ૨૦૦૮ના ચુકાદાને જ વિચારણામાં લેવામાં આવ્યો હતો. હાઈકોર્ટના જસ્ટિસે અવલોકન કર્યું હતું કે તપાસ દરમિયાન અનેક પાયાની ક્ષતિઓ રહી ગઈ હતી. ઘટના સમયે FSL ઓફિસ ખાતે કોઈ પંચનામું કરવામાં આવ્યું નહોતું કે આરોપીની શારીરિક તપાસનો રેકોર્ડ રાખવામાં આવ્યો નહોતો. આ ઉપરાંત, FSL અધિકારીને અપાયેલા ટેલિફોનિક મેસેજની નોંધ પણ પોલીસ સ્ટેશનની ડાયરીમાં કરવામાં આવી નહોતી, જે પ્રોસિક્યુશનની થીયરીને નબળી પાડે છે.

આ કેસમાં સૌથી નિર્ણાયક વળાંક બોમ્બે પ્રોહિબિશન (મેડિકલ એક્ઝામિનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ના ભંગને કારણે આવ્યો હતો. નિયમ ૪(૨) મુજબ, લોહીના નમૂના એકત્રિત કર્યાના સાત દિવસની અંદર પરીક્ષણ અધિકારી પાસે પહોંચવા અનિવાર્ય છે. પ્રસ્તુત કેસમાં લોહીના નમૂના ૧૦ ડિસેમ્બરના રોજ મોકલવામાં આવ્યા હતા, પરંતુ તે ૧૭ ડિસેમ્બરે FSLને મળ્યા હતા. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે, સમયમર્યાદાનું પાલન ન થવાને કારણે બ્લડ રિપોર્ટને કાયદેસર રીતે ગ્રાહ્ય રાખી શકાય નહીં. અંતે, હાઈકોર્ટે ઠેરવ્યું કે આરોપીને ગુના સાથે સાંકળતા કોઈ સીધા પુરાવા કે મજબૂત હેતુ પ્રોસિક્યુશન રજૂ કરી શક્યું નથી. સાક્ષીઓના નિવેદનોમાં પણ વિસંગતતા જોવા મળી હતી. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને અદાલતે રાજય સરકારની અપીલ ફગાવી દીધી હતી અને ડ્રાઈવરની નિર્દોષતા પર મહોર મારી હતી.

# મિલકત દસ્તાવેજના ૬ વર્ષ બાદ વધારાની સ્ટેમ્પ ડ્યુટી વસૂલી ન શકાય : હાઈકોર્ટ

## સુરતના જમીન સોદા કેસમાં હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

## ઓડિટરના રિપોર્ટના આધારે વેલ્યુએશન વધારી ન શકાય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

મિલકત સોદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરીને દસ્તાવેજ થઈ ગયાના છ વર્ષ બાદ તે ઓછી હોવાના દાવા સાથે વસુલાત ન થઈ શકે તેવો મહત્વનો ચુકાદો ગુજરાત હાઈકોર્ટે આપ્યો હતો. આ ચુકાદો વ્યાપક અસરકર્તા સાબીત થઈ શકે છે.

નવા કેસની વિગત મુજબ, નવી શરતની જમીન જુની શરતમાં ફેરવીને બીનકૃષિ કરાવવાની શરતે સોદો થયો હતો. સુરતના કલેક્ટરતંત્ર દ્વારા ૧૨.૩૬ કરોડનું પ્રીમિયમ ભરીને શરતફેરની મંજૂરી આપવામાં આવી હતી અને તેના આધારે જમીનનો વેચાણ વ્યવહાર થયો હતો. ૨૪-૮-૨૦૧૭ના રોજ ૬૮.૮૮ લાખની સ્ટેમ્પ ડ્યુટી ભરી દેવામાં આવી હતી અને ત્યારબાદ ઓક્ટોબર મહિનામાં બે લાખની ખુટતી સ્ટેમ્પ ડ્યુટીની ડીમાંડ નિકળતા તે પણ ભરી દેવામાં આવી હતી. ૭-૧૧-૨૦૧૭ના રોજ વેચાણ દસ્તાવેજ થયો હતો. ૨૦૧૭ના વર્ષમાં વેચાણ કરાર થઈ ગયા બાદ ગત વર્ષે ૧૧-૧૨-૨૦૨૫ના રોજ ચીફ મહેસુલી અધિકારી દ્વારા વધુ ૭૪.૪૧ લાખની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની નોટીસ ફટકારવામાં આવી હતી જે સામે રવજીભાઈ પ્રેમજીભાઈ પટેલ નામના અરજદારે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. સુનાવણીમાં તેમના વકીલે એવી દલીલ કરી હતી કે કાયદાના સ્થાપિત સિદ્ધાંતોની વિરૂદ્ધની નોટિસ ગેરકાયદે છે. કલમ ૫૩-એ હેઠળ મિલકત વ્યવહાર વેચાણ દસ્તાવેજના છ વર્ષ બાદ આ પ્રકારની નોટિસ ઈસ્યૂ કરી શકાતી નથી. આ કેસમાં ૨૦૧૭માં વેચાણ દસ્તાવેજ થયો હતો. ૨૦૨૩માં જ છ વર્ષ થઈ ગયા હતા અને સરકારે છેક ૨૦૨૫માં નોટિસ ઈસ્યૂ કરી હતી એટલે તે ગેરકાયદે હોવાથી રદ કરવી જોઈએ. અગાઉ તંત્રની સૂચના મુજબ જ સ્ટેમ્પ ડ્યુટી ભરવામાં આવી હતી એટલે પછી એક તરફી સુઓમોટો કાર્યવાહી ન થઈ શકે. સરકારી તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે એ.જી.ઓડિટના આધારે ૨૦૧૮, ૨૦૧૯ તથા ૨૦૨૪માં કુલ પાંચ નોટિસ ઈસ્યૂ થઈ હતી અને અરજદારે પ્રક્રિયામાં ભાવ પણ લીધો હતો. શોકોઝ નોટિસની પ્રક્રિયામાં હાઈકોર્ટ હસ્તક્ષેપ ન કરે તે કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે. સમગ્ર પ્રક્રિયા ૨૦૧૮થી જ ચાલુ હતી. બન્ને પક્ષોની દલીલો બાદ હાઈકોર્ટે સરકારની નોટિસ રદ કરવાનો આદેશ આપ્યો હતો અને એવી નોંધ કરી હતી કે, કલમ ૪૯ હેઠળ ઓડિટરના રીપોર્ટના આધારે પ્રોપર્ટીનું મૂલ્યાંકન કરીને સ્ટેમ્પ ડ્યુટીની માંગણી ન થઈ શકે. પ્રોપર્ટીના મૂલ્યાંકનની સતા અને કાર્યક્ષેત્ર સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન ઓથોરિટીની જ છે એટલે ઓડિટરના રિપોર્ટ મુજબ ઉંચુ વેલ્યુએશન ગણતરીમાં ન લઈ શકાય. આ સંજોગોમાં નોટિસ રદ કરવામાં આવે છે અને અરજદારની પીટીશન ગ્રાહ્ય રાખવામાં આવે છે.

### કોપીરાઈટ કાયદાના ભંગને લઈ કાનૂની કાર્યવાહી

# કન્ટેન્ટ ચોરીના કિસ્સાઓ બાદ AAP ગુજરાતનું ફેસબુક-ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ સસ્પેન્ડ કરાયું

## વારંવારના કન્ટેન્ટ ચોરીના કિસ્સાઓ બાદ AAP સામે કરાઈ કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ગુજરાત રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ હવે પ્રચાર શાંત થયા છે. આ વખતે મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આવતી કાલે ૨૬ એપ્રિલે મતદાન યોજાશે અને ૨૮ એપ્રિલે મતગણતરી હાથ ધરવામાં આવશે. પ્રચાર દરમિયાન અનેક સોશિયલ મીડિયાનો ઉપયોગ થયો છે. એવામાં આમ આદમી પાર્ટી પર કન્ટેન્ટ ચોરીના આરોપો લાગ્યા છે.

કોપીરાઈટ ભંગ મામલ AAP પર કડક એક્શન લેવાયો છે. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામે કાનૂની કાર્યવાહી કરતા તેમનું એકાઉન્ટ બ્લોક કર્યું છે. ડિજિટલ પ્રચારમાં કન્ટેન્ટ ચોરીના કારણે AAP ગુજરાત સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પ્રતિબંધ કરવામાં આવ્યું છે. AAP ગુજરાતનું ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. વારંવારના કન્ટેન્ટ ચોરીના કિસ્સાઓ બાદ AAP સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાતી ફિલ્મ ‘સાહેબ,’ ‘છેલ્લો દિવસ’ અને અભિનેતા મલ્હાર ઠક્કર, યશ સોની જેવા અભિનેતાઓનો અનધિકૃત ઉપયોગ કરતા હતા. માહિતી મુજબ, AAPએ કોપીરાઈટ કાયદાનો ભંગ કર્યો છે. AAPએ લોકો સુધી ભ્રામક અને ગેરકાયદેસર કન્ટેન્ટ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. આ કારણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે, કાયદા સામે કોઈપણ વ્યક્તિ કે રાજકીય પાર્ટી ઉપર નથી.

નિષ્ણાતોના મતે, વારંવારના આવા કેસ થવા એ એક “પેટર્ન” બની ગયું છે. સાથે જ, આ મુદ્દો કન્ટેન્ટ ક્રિએટર્સના અધિકારોના ભંગ અને ફિલ્મ-ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી માટે ચિંતાજનક છે. આ ઘટનાને કારણે AAPના ડિજિટલ પ્રચાર મોડેલ પર સવાલો ઊભા થઈ રહ્યા છે. AAPની બનેલી આ ઘટનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે, ડિજિટલ પ્લેટફોર્મ્સ જેમ કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ હવે કોપીરાઈટ અને કાનૂની નિયમો મામલે વધુ સખત બન્યા છે. આ સમગ્ર મામલો હવે “ઈનોવેશન કે ઈન્ફ્રિંજમેન્ટ” જેવા મોટા પ્રશ્ન ઉભા કરી રહ્યા છે.

### સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી સંદર્ભે ફરિયાદો-રજૂઆતો મુદ્દે

# અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કંટ્રોલરૂમ કાર્યરત કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલ અમદાવાદ મહાનગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના સુચારૂ સંચાલન માટે અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવનાર છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આચારસંહિતાનું પાલન થાય અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ખાસ ચૂંટણી કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવશે. કંટ્રોલ રૂમનો સંપર્ક નંબર ૦૭૯-૨૭૫૬૦૫૧૧ જાહેર કરવામાં આવ્યો છે. મતદાનના દિવસથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી લક્ષી ફરિયાદોનો ત્વરિત નિકાલ કરવા, આદર્શ આચારસંહિતાના અમલીકરણ પર દેખરેખ રાખવા અને મતદાનના દિવસે આંકડાકીય વિગતો એકત્રિત કરી રાજ્ય ચૂંટણી આયોગને રિપોર્ટિંગ કરવાના ઉદ્દેશ્ય સાથે કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. નાગરિકો ચૂંટણી સંબંધી રજૂઆતો કે ફરિયાદો માટે ઉપર જણાવેલ નંબર પર સંપર્ક કરી શકશે.

### કચેરી ખાતે મીડિયા મોનિટરિંગ સેન્ટર પણ કાર્યરત

આ ઉપરાંત અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે મીડિયા મોનિટરિંગ સેન્ટર પણ કાર્યરત કરાયું છે. મીડિયામાં ચૂંટણી પ્રક્રિયા સંબંધિત સમાચારો અને અહેવાલોને ચૂંટણી તંત્રના ત્વરિત ધ્યાને લાવીને તે સંદર્ભે ઝડપી કાર્યવાહી થાય તે હેતુસર અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયા મોનિટરિંગ સેન્ટરને કાર્યરત કરવામાં આવ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરે મીડિયા મોનિટરિંગ સેન્ટરની મુલાકાત લઈને જરૂરી કાર્યવાહી તાત્કાલિક ધોરણે અને સમયસર કરવા માટે સલાહ-સૂચન આપીને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

### રસ્તો ભૂલી હોવાનું નાટક કરી વૃદ્ધ દંપતીને ફોસલાવ્યા

# લસ્સીમાં નશીલો પદાર્થ પીવડાવી વૃદ્ધ દંપતીને લૂટનાર મહિલાની ધરપકડ

## ઝેરી પદાર્થની અસરથી વૃદ્ધનું કરૂણ મોત રૂા.૪૦ હજાર લૂટી ફરાર થઈ હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે. એક મહિલાએ રસ્તો ભૂલી હોવાનું નાટક કરી વૃદ્ધ દંપતીનો વિશ્વાસ જીત્યો અને ત્યારબાદ નશીલો પદાર્થ પીવડાવી લૂંટ ચલાવી હતી. આ ઝેરી પદાર્થની અસરને કારણે ૮૧ વર્ષીય વૃદ્ધનું કરૂણ મોત નિપજ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં આરોપી મહિલાની ધરપકડ કરી છે.

દરિયાપુરમાં રહેતા અબ્દુલભાઈ સિપાઈ અને તેમના પત્ની ઘરે એકલા હતા, ત્યારે લતા ઉર્ફે ગુલાબ ચૌહાણ ઉર્ફે લક્કી ચૌહાણ નામની મહિલા તેમના ઘરે પહોંચી હતી. મહિલાએ પોતે ખોવાઈ ગઈ હોવાનું કહી દંપતી પાસે મદદ માંગી હતી. દંપતીએ દયા ખાઈને તેને ઘરમાં બેસાડી ત્યારે મહિલાએ લસ્સી પીવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તે પોતે બહારથી લસ્સી લાવી હતી, જેમાં અગાઉથી જ નશીલો પદાર્થ ભેળવેલો હતો. લસ્સી પીતા જ દંપતી બેભાન થઈ ગયું હતું, જેનો લાભ ઉઠાવી લતા રૂા.૪૦,૦૦૦ની લૂંટ કરી ફરાર થઈ ગઈ હતી.

નશીલી લસ્સી પીવાને કારણે ૮૧ વર્ષીય અબ્દુલભાઈની તબિયત લથડી હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. આ મામલે દરિયાપુર પોલીસે સઅપરાધ મનુષ્ય વધ અને લૂંટનો ગુનો નોંધી તપાસ તેજ કરી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ડી.બી. પટેલની ટીમે બાતમીના આધારે લતા ચૌહાણની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આરોપી લતા વિરૂદ્ધ છેલ્લા ૭ વર્ષમાં જુગાર સહિતના ૯ ગુના નોંધાયેલા છે. તેનો પતિ પણ હત્યાના ગુનામાં જેલમાં છે. આરોપી મહિલા માત્ર ૧૫ દિવસ પહેલા જ જેલમાંથી બહાર આવી હતી. લતાને જુગાર રમવાની લત છે. જુગારના દેવા ભરવા અને વધુ પૈસા મેળવવા માટે તેણે આ ઘાતકી પ્લાન બનાવ્યો હતો. આ ગંભીર ગુનાની તપાસ માટે ક્રાઈમ બ્રાન્ચે ટેક્નિકલ અને માનવીય માહિતી (હ્યુમન ઈન્ટેલિજન્સ)ના આધારે તપાસ હાથ ધરી હતી. અગાઉના સમાન ગુનાઓના આધારે શંકાસ્પદોની યાદી તૈયાર કરી શાહપુર વિસ્તારમાં દરોડો પાડી આરોપીને ઝડપી પાડવામાં આવી હતી.

પોલીસના હાથ ઝડપાયેલા આરોપી લતાબેન ચૌહાણ વિરૂદ્ધ અમદાવાદના વિવિધ પોલીસ સ્ટેશનોમાં અગાઉ ૯ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જેમાં ચોરી, ઘુસણખોરી અને જુગાર સંબંધિત ગુનાઓનો સમાવેશ થાય છે. હાલના ગુનામાં દરિયાપુર પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ BNSની કલમ ૧૦૫, ૧૨૩, ૩૨૯ (૨) અને ૩૦૩ (૨) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### અરવલ્લીના હફશાબાદ ગામમાં મતદાન બુથને લઈ નારાજગી

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં લોકોનો રોષ સપાટીએ : બહિષ્કારનો નિર્ણય

## મતદાન મથક બે કિ.મી. દૂર ખસેડાતા લોકોમાં રોષ યથાવત્

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલા મતદાન પ્રક્રિયા અંગે અસંતોષનો માહોલ સર્જાયો છે. મોડાસા તાલુકાના હફશાબાદ ગામમાં ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારનો સૂર ઉઠાવતા “બુથ નહીં તો વોટ નહીં”ના નારા લગાવ્યા છે. આશરે ૪૦૦ જેટલા મતદાતાઓએ ગામમાં મતદાન બુથની સુવિધા ન હોવાને કારણે આ વખતે મતદાનથી દૂર રહેવાનો નિર્ણય કર્યો હોવાનું સામે આવ્યું છે.ગ્રામજનોના જણાવ્યા અનુસાર વર્ષોથી ગામની શાળામાં જ મતદાન બુથની વ્યવસ્થા કરવામાં આવતી હતી, જેના કારણે લોકો સરળતાથી મતદાન કરી શકતા હતા. જો કે, છેલ્લા બે વર્ષથી ગામની શાળા બંધ હાલતમાં હોવા છતાં ત્યાં મતદાન માટે જરૂરી તમામ વ્યવસ્થા થઈ શકે તેમ હોવાનો ગ્રામજનોનો દાવો છે. તેમ છતાં ચૂંટણી તંત્ર દ્વારા કોઈ પૂર્વ સૂચના કે ચર્ચા કર્યા વિના મતદાન બુથને ગામથી આશરે ૨ કિલોમીટર દૂર ખસેડી દેવામાં આવ્યું છે, જેને લઈને લોકોમાં ભારે રોષ વ્યાપ્યો છે.

ગ્રામજનોએ આ મુદ્દે અનેક વખત સ્થાનિક અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરી હોવાનો પણ દાવો કર્યો છે, પરંતુ તેમની માગ પર કોઈ કાર્યવાહી ન થતા અંતે તેમણે ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને શારીરિક રીતે અસમર્થ લોકો માટે દૂર સ્થિત બુથ સુધી પહોંચવું મુશ્કેલ બનશે તેવી ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ સમગ્ર ઘટનાએ ચૂંટણી વ્યવસ્થાપન પર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે. હવે જોવાનું રહેશે કે તંત્ર ગ્રામજનોની માંગ પર ધ્યાન આપે છે કે નહીં અને આવનારી ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા કેવી રીતે અસરગ્રસ્ત બને છે.

# ઈરાન યુદ્ધ લાઈવ: તેહરાનના વિદેશ મંત્રી ઈસ્લામાબાદમાં; અમેરિકાએ દૂતોને વાટાઘાટો માટે રવાના થવા આદેશ કર્યો

(એજન્સી) તા.૨૫

વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર ઈરાન સાથે વાટાઘાટો માટે આજે પાકિસ્તાનના ઈસ્લામાબાદ જશે, પરંતુ ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે "ઈરાન અને અમેરિકા વચ્ચે કોઈ બેઠક યોજવાનું આયોજન નથી", અને તેહરાનના "અવલોકનો પાકિસ્તાન દ્વારા જણાવવામાં આવશે". ઈસ્લામાબાદમાં અલ જઝીરાના સંવાદદાતાએ જણાવ્યું હતું કે ત્રણ દેશોના પ્રવાસના ભાગ રૂપે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીના પાકિસ્તાનની રાજધાનીમાં આગમન બાદ પાકિસ્તાની મધ્યસ્થીઓ ઈરાન-અમેરિકા વાટાઘાટો અંગે "સાવધાનીપૂર્વક આશાવાદી" છે.

કબજા હેઠળના પશ્ચિમ કાંઠા અને ગાઝા પટ્ટીના મધ્ય વિસ્તારમાં પેલેસ્ટીનીઓ મ્યુનિસિપલ ચૂંટણીઓમાં મતદાન કરી રહ્યા છે - ઈઝરાયેલના એન્ક્લેવ પરના યુદ્ધ પછી આ પહેલી ચૂંટણી છે. જોકે, કબજા હેઠળના પશ્ચિમ કાંઠાના અમારા સંવાદદાતાએ ચૂંટણીઓને આંતરરાષ્ટ્રીય કલાકારોને ખુશ કરવા માટે "બોક્સ-ટિકિંગ કવાયત" તરીકે વર્ણવી છે.

ઈરાનની IRGC કહે છે કે તેના અધિકારીઓએ બે પ્રાંતો, કુર્દીસ્તાન અને કેરમાનશાહમાં કાર્યવાહીમાં લગભગ ૨૪૦ લોકોની ધરપકડ કરી છે, એમ



ઈરાનની અર્ધ-સત્તાવાર મેહર ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે. કેરમાનશાહ પ્રાંતમાં, IRGCએ ૧૫૫ લોકોની ધરપકડ કરી, જેઓ "પ્રતિ-ક્રાંતિકારી જૂથો" સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે, જેમાં ઈઝરાયેલના મોસાદ સાથે સંકળાયેલા ચાર જાસૂસોનો સમાવેશ થાય છે. જર્મન સંરક્ષણ પ્રધાન બોરિસ પિસ્ટોરિયસ કહે છે કે જર્મન નૌકાદળ હોર્મુઝ સ્ટ્રેટમાં સંભવિત જમાવટની તૈયારી માટે ભૂમધ્ય સમુદ્રમાં એક માઈનસ્વીપર મોકલી રહ્યું છે. તુર્કીના વિદેશ પ્રધાન હકાન ફિદાને એમ પણ કહ્યું હતું કે યુએસ અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થયા પછી તુર્કીયે સ્ટ્રેટમાં માઈનિંગ ડિ-માઈનિંગ કામગીરીમાં જોડાઈ શકે છે.

ઈઝરાયેલી સેનાનું કહેવું છે કે તેણે દક્ષિણ લેબનોનમાં ત્રણ અલગ અલગ વિસ્તારોમાં હુમલો કર્યો છે, અને રાતોરાત કામગીરીમાં હિઝબુલ્લાહ રોકેટ લોન્ચરને નિશાન બનાવવાનો દાવો કર્યો છે. ઈઝરાયેલી સેનાએ દક્ષિણ લેબનોનના કેટલાક ડઝન ગામોના લેબનીઝ લોકોને તેમના ઘરે પાછા ફરવાની ધમકી આપી હતી. ઈઝરાયેલી દળોએ દક્ષિણ લેબનોનના બિંત જબેલમાં ઈમારતો તોડી પાડી. ઈઝરાયેલી દળોએ આજે સવારે દક્ષિણ લેબનોન પર તેમના હુમલા ચાલુ રાખ્યા છે. અલ જઝીરા અરબીના અમારા સાથીદારો કહે છે કે ઈઝરાયેલી સૈનિકોએ બિંત જબીલ શહેરમાં ઈમારતો ઉડાવી દીધી છે.

# ઈઝરાયેલી કબજેદારોએ પશ્ચિમ કાંઠાના નેબ્લસ નજીક પેલેસ્ટીની સંપત્તિને આગ ચાંપી દીધી

(એજન્સી) તા.૨૫

અનાદોલુના અહેવાલ મુજબ, શુક્રવારે ઈઝરાયેલી કબજેદારોએ કબજા હેઠળના પશ્ચિમ કાંઠાના નાબ્લુસની દક્ષિણમાં અનેક વિસ્તારોમાં હુમલા દરમિયાન પેલેસ્ટીની વાહનો અને સંપત્તિને આગ ચાંપી દીધી હતી, ઈઝરાયેલી દળોએ અનેક વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા અને ધરપકડ કરી હતી.

સ્થાનિક સૂત્રોએ અનાદોલુને જણાવ્યું હતું કે કુસરા શહેરના દક્ષિણ વિસ્તારમાં કબજેદારોએ ઘરો પર હુમલો કર્યો હતો, જેના કારણે રહેવાસીઓ સાથે અથડામણ થઈ હતી જેમણે તેમનો સામનો કર્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે કબજેદારોએ બે વાહનો સળગાવી દીધા હતા અને શહેરમાં મરઘાં અને પશુપાલન માટે ઉપયોગમાં લેવાતા કૃષિ માળખાને નિશાન બનાવ્યા હતા. તેમણે જલુદ અને કુસરા વચ્ચેના વિસ્તારમાં પેલેસ્ટિનિયનોના બાંધકામ વાહનને પણ આગ ચાંપી દીધી હતી. આ દરમિયાન, ઈઝરાયેલી દળોએ નાબ્લુસની પૂર્વમાં સલીમ ગામમાં દરોડો પાડ્યો હતો, જેમાં લશ્કરી વાહનો અને જીવંત દારૂગોળો સાથે વિસ્તારમાં હુમલો કર્યા પછી ઈબ્રાહિમ અબુ અલ-રીશ તરીકે ઓળખાતા એક યુવાનની ધરપકડ કરવામાં આવી હતી, સાક્ષીઓએ જણાવ્યું હતું કે તેના વાહનને પણ નુકસાન થયું હતું. ઈઝરાયેલી સૈનિકોએ નાબ્લુસના દક્ષિણમાં બેટાના કામાસ વિસ્તારમાં એક કૃષિ સુવિધા પર પણ દરોડા પાડ્યા, જ્યાં સ્થાનિક રહેવાસીઓ સાથે અથડામણ થઈ.

દળોએ જીવંત રાઉન્ડ અને સ્ટન ગ્રેનેડ



ફાયર કર્યા, જ્યારે પેલેસ્ટિનિયનોએ પથ્થરમારો કર્યો. સાક્ષીઓના જણાવ્યા અનુસાર, એક યુવાનને પાછળથી અટકાયતમાં લેવામાં આવ્યો અને તેના પર હુમલો કરવામાં આવ્યો.

બેથ્લેહેમમાં, ઈઝરાયેલી દળોએ શહેરના દક્ષિણપૂર્વમાં અલ-માનશિયા અને મારાહ રબાહ વિસ્તારોના પ્રવેશદ્વારો લોખંડના દરવાજાઓનો ઉપયોગ કરીને બંધ કરી દીધા, જેનાથી દક્ષિણ ગ્રામ્ય વિસ્તારના મુખ્ય પ્રવેશદ્વારો અવરોધિત થયા, સ્થાનિક સૂત્રોએ જણાવ્યું.

હેબ્રોનમાં, સૈનિકોએ શહેરની ઉત્તરે અલ-અરોબ શરણાર્થી શિબિર પર દરોડા પાડ્યા, જેના કારણે અથડામણો શરૂ થઈ જેમાં સૈનિકોએ સ્ટન ગ્રેનેડ અને ટીયર ગેસ છોડ્યા, જ્યારે પેલેસ્ટિનિયનોએ પથ્થરમારો કરીને જવાબ આપ્યો.

મધ્ય પશ્ચિમ કાંઠે, ઈઝરાયેલી દળોએ રામલ્લાહની ઉત્તરે આવેલા કોબાર શહેરમાં પણ પ્રવેશ કર્યો, આ વિસ્તારમાં લશ્કરી તૈનાતી વચ્ચે. પશ્ચિમ કાંઠાના ગામડાઓમાં ઈઝરાયેલી દળો અને કબજેદારો દ્વારા તાજેતરમાં થયેલા હુમલાઓમાં વધારો, જેમાં ઘરો પર હુમલા, ભરવાડો પર હુમલા અને જમીન જપ્તીનો સમાવેશ થાય છે, વચ્ચે આ ઘટનાક્રમ સામે આવ્યો છે.

સત્તાવાર પેલેસ્ટિનિયન ડેટા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩ થી પશ્ચિમ કાંઠામાં ઓછામાં ઓછા ૧,૧૫૩ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે, હજારો ઘાયલ થયા છે અને લગભગ ૨૨,૦૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# યુદ્ધ પછી પહેલી વાર ઈરાને તેહરાન એરપોર્ટથી વાણિજ્યિક ફ્લાઈટ્સ ફરી શરૂ કરી

## યુએસ-સમર્થિત યુદ્ધવિરામ હેઠળ બે મહિનાના વિરામ પછી ઈરાને તેહરાનથી ફ્લાઈટ્સ ફરી શરૂ કરી, જ્યારે વાટાઘાટો ટકાવી રાખવા માટે પાકિસ્તાનમાં રાજદ્વારી પ્રયાસો તીવ્ર બન્યા

(એજન્સી) તા.૨૫

લગભગ બે મહિના પહેલા યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયેલ સાથે સંઘર્ષ શરૂ થયા પછી ઈરાને શનિવારે તેહરાનના ઈમામ ખોમેની આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી વાણિજ્યિક ફ્લાઈટ્સ ફરી શરૂ કરી છે. સરકારી ટેલિવિઝન અહેવાલ આપે છે કે ફ્લાઈટ્સ ઈસ્તંબુલ, ઓમાનમાં મસ્કત અને સઉદી અરેબિયામાં મદીના માટે રવાના થઈ હતી. આ પગલું આ મહિનાની શરૂઆતમાં યુએસ સાથે યુદ્ધવિરામ હેઠળ ઈરાનના હવાઈ ક્ષેત્રને આંશિક રીતે ફરીથી ખોલવાને પગલે લેવામાં આવ્યું હતું, જેના કારણે સક્રિય લડાઈ બંધ થઈ ગઈ હતી. શુક્રવારે રાત્રે ઈસ્લામાબાદ પહોંચ્યા પછી ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ પાકિસ્તાનના ટોચના લશ્કરી અને રાજકીય નેતૃત્વ સાથે બે રાઉન્ડની બેઠકો યોજી હતી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાની પ્રતિનિધિમંડળ વરિષ્ઠ નેતૃત્વ સાથે વાટાઘાટો ચાલુ રાખશે કારણ કે શનિવારે યુએસ રાજદૂતો ઈસ્લામાબાદ પહોંચવાની અપેક્ષા હતી. વ્હાઈટ હાઉસે પુષ્ટિ આપી હતી કે ડોનાલ્ડ ટ્રમ્પ તેહરાન સાથે યુદ્ધવિરામ વાટાઘાટોને બચાવવાના નવેસરથી પ્રયાસમાં સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરને પાકિસ્તાન મોકલશે. જોકે, અરાઘચીના આગમન પછી તરત જ, ઈરાને કહ્યું કે યુએસ પ્રતિનિધિઓ સાથેની કોઈપણ વાતચીત પરોક્ષ રહેશે, પાકિસ્તાની અધિકારીઓએ બંને પક્ષો વચ્ચે સંદેશા પહોંચાડ્યા. તાજેતરની રાજદ્વારી કાર્યવાહી અનિશ્ચિત યુદ્ધવિરામ પછી થઈ છે જેણે મોટાભાગની લડાઈઓ થોભાવી દીધી છે પરંતુ આર્થિક અવરોધો છોડી દીધા છે, ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે વૈશ્વિક ઉર્જા શિપમેન્ટને અસર



થઈ છે. ટ્રમ્પે આ અઠવાડિયાની શરૂઆતમાં યુદ્ધવિરામને અનિશ્ચિત સમય માટે લંબાવવાની જાહેરાત કર્યા પછી, પાકિસ્તાન વોશિંગ્ટન અને તેહરાનને વાટાઘાટોના ટેબલ પર પાછા લાવવા માટે કામ કરી રહ્યું છે, જે ઈસ્લામાબાદની રાજદ્વારી માટે વધુ સમયની વિનંતીનો જવાબ આપે છે. અરાઘચી અને યુએસ રાજદૂતોએ અગાઉ ૨૭ ફેબ્રુઆરીએ ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર જીનીવામાં કલાકો સુધી પરોક્ષ વાટાઘાટો કરી હતી પરંતુ કોઈ કરાર પર પહોંચવામાં નિષ્ફળ ગયા હતા. બીજા દિવસે, ઈઝરાયેલ અને યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાન સામે લશ્કરી કાર્યવાહી શરૂ કરી હતી. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે જણાવ્યું હતું કે ટ્રમ્પે વિટકોફ અને કુશનરને "ઈરાનીઓની વાત સાંભળવા માટે" પાકિસ્તાન મોકલવાનો નિર્ણય લીધો છે, અને ઉમેર્યું હતું કે વોશિંગ્ટને તાજેતરના દિવસોમાં "ઈરાની બાજુથી કેટલીક પ્રગતિ" જોઈ છે, વધુ વિગતો આપ્યા વિના.

# ગાઝા નાગરિક સંરક્ષણ એજન્સીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી હુમલામાં ૧૩ લોકોનાં મોત







(એજન્સી) તા.૨૫

ગાઝા શહેર, પેલેસ્ટીની પ્રદેશો : ગાઝાની નાગરિક સંરક્ષણ એજન્સીએ જણાવ્યું હતું કે શુક્રવારે પેલેસ્ટીની પ્રદેશમાં ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા ૧૩ લોકો માર્યા ગયા હતા, જેમાં પોલીસ વાહનને નિશાન બનાવતા પાંચ લોકોનો સમાવેશ થાય છે.

ઓક્ટોબરના યુદ્ધવિરામ છતાં, ગાઝામાં રોજિંદા હિંસા ચાલુ રહે છે કારણ કે ઈઝરાયેલી હુમલાઓ ચાલુ રહે છે અને ઈઝરાયેલી સૈન્ય અને હમાસ બંને એકબીજા પર યુદ્ધવિરામ ભંગ કરવાનો આરોપ લગાવે છે.

હમાસ હેઠળ બચાવ સેવા તરીકે કાર્યરત નાગરિક સંરક્ષણ એજન્સીએ જણાવ્યું હતું કે દક્ષિણ શહેર ખાન યુનિસના અલ-માવાસી વિસ્તારમાં ઈઝરાયેલી હવાઈ હુમલો પોલીસ વાહન પર પડતાં એક બાળક સહિત આઠ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. પ્રદેશના ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેમાંથી બે પોલીસ અધિકારીઓ હતા. એક અલગ ઘટનામાં, ઉત્તર ગાઝામાં બેટ લાહિયામાં કમાલ અદવાન હોસ્પિટલ નજીક રહેણાંક ઘરો પર ઈઝરાયેલી તોપમારો થયો ત્યારે ત્રણ લોકો - એક મહિલા અને તેના બે બાળકો - માર્યા ગયા હતા. ત્રીજા હુમલામાં, ઈઝરાયેલી વિમાને ગાઝા સિટીમાં પોલીસ પેટ્રોલિંગ ટુકડી પર હુમલો કર્યો, જે પ્રદેશના સૌથી મોટા શહેરી કેન્દ્ર છે, જેમાં બે લોકો માર્યા ગયા અને બે અન્ય ઘાયલ થયા, એમ તેમાં ઉમેર્યું હતું.

ગૃહ મંત્રાલયે પુષ્ટિ આપી છે કે માર્યા ગયેલા બે પોલીસ અધિકારીઓ હતા. અલ-શિફા હોસ્પિટલમાં, મૃતકોમાંના એકના ભાઈ મોહમ્મદ અલ-કાસાસે એએફપીને જણાવ્યું હતું કે "યુદ્ધ ક્યારેય બંધ થયું નથી... આ વાજબી નથી."

ગાઝાની અલ-શિફા અને નાસેર હોસ્પિટલોએ મૃત્યુઆંકની પુષ્ટિ કરી છે,



જેમાં ૧૩ પીડિતોમાંથી ૧૨ ના નામ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

૧૩મો પીડિત ૧૨ વર્ષનો હતો જેની ઓળખ તાત્કાલિક પુષ્ટિ થઈ શકી નથી. ઈઝરાયેલી સૈન્યએ ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો. તેણે પાછળથી એક સંક્ષિપ્ત નિવેદન પ્રકાશિત કર્યું, જેમાં કહેવામાં આવ્યું: "આજે (શુક્રવારે), દક્ષિણ કમાન્ડ હેઠળના IDF સૈનિકોએ ઉત્તરી ગાઝા પટ્ટીમાં સશસ્ત્ર હમાસ આતંકવાદીઓને ઓળખી કાઢ્યા, જેઓ સૈનિકોની બાજુમાં કાર્યરત હતા અને ખતરો ઉભો કરતા હતા. ખતરાને દૂર કરવા માટે, હવાઈ હુમલામાં આતંકવાદીઓને ખતમ કરવામાં આવ્યા હતા." અલ-શિફા હોસ્પિટલમાં, એક AFP પત્રકારે મૃતકોના સંબંધીઓને મૃતકો પર રડતા જોયા, જેમાં ઓછામાં ઓછા ત્રણ મૃતદેહો શબઘરમાંથી બહાર નીકળતા જોવા મળ્યા. ખાન યુનિસમાં, એક AFP ફોટોગ્રાફરે તંબુ શિબિરની મધ્યમાં ધૂળિયા રસ્તા પર બળી ગયેલી કારના હાડપિંજરની આસપાસ ડઝનબંધ દર્શકોને એકઠા થયેલા જોયા.

હમાસે "આજ સવારથી ગાઝા પટ્ટીના તમામ ભાગોમાં પહોંચેલા બર્બર ઝાયોનિસ્ટ હુમલાઓની" નિંદા કરી, આંતરરાષ્ટ્રીય સમુદાયની "આપણા લોકો સામે ચાલી રહેલા ગુનાઓને રોકવામાં જવાબદારીઓ લેવામાં નિષ્ફળતા" ની નિંદા કરી. ઓક્ટોબર યુદ્ધવિરામથી હમાસના ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના હુમલા પછી શરૂ થયેલા ગાઝા યુદ્ધને મોટાભાગે અટકાવી દેવામાં આવ્યું છે.

પરંતુ હિંસા ચાલુ રહી છે, યુદ્ધવિરામ શરૂ થયા પછી ઓછામાં ઓછા ૭૯૨ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે, ગાઝાના આરોગ્ય મંત્રાલય અનુસાર, જે હમાસ સત્તા હેઠળ છે અને જેના આંકડા સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વસનીય માનવામાં આવે છે. ઈઝરાયેલી સૈન્યએ યુદ્ધવિરામ શરૂ થયા પછી ગાઝામાં પાંચ સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ આપ્યા છે.

ગાઝામાં મીડિયા પ્રતિબંધો અને મર્યાદિત પ્રવેશને કારણે છૂટ્ટ સ્વતંત્ર રીતે જાનહાનિના આંકડાઓની ચકાસણી કરી શકતું નથી અથવા લડાઈને મુક્તપણે કવર કરી શકતું નથી.

# શિપિંગ સંસ્થાએ જણાવ્યું હતું કે, અમેરિકા-ઈરાન દ્વારા જહાજો કબજે કરવાથી આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન થાય છે

## ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ શિપિંગના અધિકારીએ અલ જઝીરાને કહ્યું હતું કે અમેરિકા અને ઈરાને કબજે કરેલા જહાજોના ક્રૂને તાત્કાલિક મુક્ત કરવા જોઈએ

(એજન્સી) તા.૨૫

એક અગ્રણી શિપિંગ સંગઠને યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન દ્વારા વાણિજ્યિક જહાજોના કબજાની નિંદા કરી છે અને તેમના ક્રૂને તાત્કાલિક મુક્ત કરવાની હાકલ કરી છે.

અલ જઝીરા સાથેની એક મુલાકાતમાં, ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ શિપિંગના મરીન ડિરેક્ટર જોન સ્ટેપર્ટે કહ્યું હતું કે ખલાસીઓને "મુક્તપણે અને સતાવણી વિના" તેમનો વ્યવસાય કરવા દેવામાં આવે. સ્ટેપર્ટ, જેમનું સંગઠન વિશ્વભરમાં વેપારી જહાજ માલિકો અને સંચાલકો માટે ટોચનું વેપાર સંગઠન છે, તેમણે જહાજોના કબજાને આંતરરાષ્ટ્રીય કાયદામાં સમાવિષ્ટ નેવિગેશનની સ્વતંત્રતાનું અપમાન ગણાવ્યું. "આ બધા લોકો વેપારનું પરિવહન કરી રહ્યા છે. અને ખરેખર, આપણે એવી પરિસ્થિતિ ન બનાવી શકીએ જ્યાં જહાજોને રાજકીય હેતુઓ માટે જપ્ત કરવામાં આવે, આખરે રાજકીય મુદ્દો સાબિત કરવા માટે," સ્ટેપર્ટે કહ્યું, જેમનું સંગઠન વિશ્વના લગભગ ૮૦ ટકા વેપારી કાફલાનું પ્રતિનિધિત્વ કરે છે.

"આ નિર્દોષ મુસાફરો છે અને તેમને કેદના ભય વિના, મૂળભૂત રીતે, તેમના કામ કરવા દેવા જોઈએ."

સ્ટેપર્ટે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટમાં ટોલ વસૂલવાની ઈરાનની જાહેર કરેલી ઈચ્છાનો આંતરરાષ્ટ્રીય કાયદામાં કોઈ આધાર નથી અને તે એક ખતરનાક મિસાલ સ્થાપિત કરશે. "જો તમે હોર્મુઝ સ્ટ્રેટમાં આવું કરી શકો છો, તો તમે જિબ્રાલ્ટરની સ્ટ્રેટ, કહો કે, મલાક્કા સ્ટ્રેટમાં કેમ નહીં કરી શકો ?" તેમણે પૂછ્યું.

સ્ટેપર્ટે એમ પણ કહ્યું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાની બંદરો પર નૌકાદળની નાકાબંધીએ ઈરાન દ્વારા સ્ટ્રેટના અસરકારક બંધ થવાથી પહેલાથી જ શિપિંગ કંપનીઓ પર વધુ અનિશ્ચિતતા ઊભી કરી છે.

"અમને ખબર નથી કે કઈ પરિસ્થિતિઓ સ્થાને છે. અમને ખબર નથી કે ઈરાનના લક્ષ્યાંક માપદંડ ખરેખર શું છે," સ્ટેપર્ટે કહ્યું. "અને તેથી આપણી પાસે બીજું રાજ્ય આવી રહ્યું છે, જે સ્ટ્રેટના નાકાબંધી દ્વારા અસરકારક રીતે તે જ કામ કરી રહ્યું છે".

યુએસ અને ઈરાની સૈન્યએ છેલ્લા અઠવાડિયામાં બે વ્યાપારી જહાજો કબજે



કરવાની જાહેરાત કરી છે કારણ કે વોશિંગ્ટન અને તેહરાન ખાડીની બહારના પાણીમાં સામસામે છે.

યુએસ સંરક્ષણ વિભાગે ગુરૂવારે કહ્યું કે તેણે ઈરાન સાથે જોડાયેલા મેજેસ્ટિક એક્સને કબજે કર્યું છે કારણ કે તે હિંદ મહાસાગરમાં પ્રતિબંધિત તેલનું પરિવહન કરી રહ્યું હતું, બીજા જહાજ, ટિફાનીને અટકાવવાની જાહેરાત કર્યાના થોડા દિવસો પછી. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે બુધવારે કહ્યું કે તેણે પનામાના ધ્વજવાળા સ્જીઝ ફ્રાન્સેસ્કા અને ગ્રીક માલિકીની એપામિનોન્ડાસને "જરૂરી પરમિટ વિના કામ કરવા અને નેવિગેશન સિસ્ટમ્સ સાથે ચેડા કરવા" બદલ જપ્ત કર્યા.

ફિલિપાઈન્સના માઈગ્રન્ટ વર્કર્સ વિભાગે બુધવારે પુષ્ટિ કરી કે ૧૫ ફિલિપિનો નાવિક બે જહાજો પર હતા.

અધિકારીઓએ જણાવ્યું કે તેમને ઈરાની અધિકારીઓ દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે તમામ ક્રૂ "અનુભવી" અને "સલામત" હતા.

જહાજમાં આગ લાગવાથી ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં બે જહાજો કબજે કર્યા.

મોન્ટેનેગ્રોના દરિયાઈ મંત્રી ફિલિપ રાડુલોવિકે આ અઠવાડિયાની શરૂઆતમાં રાજ્ય પ્રસારણકર્તા સાથેની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે MSC ફ્રાન્સેસ્કા પરના ચાર મોન્ટેનેગ્રિન ક્રૂ "ઠીક" હતા.

યુએસ દળો દ્વારા કબજે કરાયેલા જહાજો પરના ક્રૂની સ્થિતિ અંગે કોઈ સત્તાવાર અપડેટ્સ નથી.

"એવું લાગે છે કે તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવી રહ્યો નથી," સ્ટેપર્ટે કહ્યું. "પરંતુ તેમ છતાં, તે ખરેખર મુદ્દો નથી. મુદ્દો એ છે કે તેઓ શરૂઆતમાં કસ્ટડીમાં ન હોવા જોઈએ".

સ્ટેપર્ટે અંદાજે ૨૦,૦૦૦ ખલાસીઓની સુખાકારી માટે પણ ચિંતા વ્યક્ત કરી હતી જેઓ સ્ટ્રેટના અસરકારક બંધ થવાને કારણે ગલ્ફમાં ફસાયેલા છે.

"તેમનું કલ્યાણ પણ અમારા માટે પ્રાથમિકતા છે," તેમણે કહ્યું. "મને લાગે છે કે, સાત અઠવાડિયા પછી તેમના પર માનસિક બોજ આવવા લાગશે કે, બધા હેતુઓ અને હેતુઓ માટે, નજરકેદ શું છે". સ્ટેપર્ટે યુએસ અને ઈરાન બંનેને નેવિગેશનની સ્વતંત્રતાનો આદર કરવા હાકલ કરી.

"ચાલો શક્ય તેટલી વહેલી તકે નેવિગેશનની સ્વતંત્રતા ફરી શરૂ કરીએ અને નિર્દોષ માર્ગના અધિકારનો આદર કરીએ," તેમણે કહ્યું. સામુદ્રધુનીના અવરોધને કારણે, જે સામાન્ય રીતે વૈશ્વિક તેલ અને કુદરતી ગેસના પુરવઠાનો પાંચમા ભાગ વહન કરે છે, તેણે વિશ્વભરમાં ઈંધણના ભાવમાં વધારો કર્યો છે અને ઘણી સરકારોને કટોકટી ઊર્જા બચત પગલાં શરૂ કરવાની ફરજ પાડી છે.

જળમાર્ગમાં ટ્રાફિક યુદ્ધ પહેલાના સ્તરનો એક અંશ રહ્યો છે, અહેવાલો અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ફક્ત પાંચ જહાજો સામુદ્રધુનીમાંથી પસાર થયા છે.

યુનાઈટેડ નેશન્સ ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ અનુસાર, ૨૮ ફેબ્રુઆરીએ યુએસ અને ઈઝરાયેલે ઈરાન સામે યુદ્ધ શરૂ કર્યું તે પહેલાં, સામુદ્રધુનીમાં દૈનિક સરેરાશ ૧૨૯ પરિવહન જોવા મળ્યું હતું.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# લોહી વગરનો હત્યાકાંડ : 'તાર્કિક વિસંગતતા'થી બંગાળના મતદારો ઘેરા સંકટમાં

**આ** લોકો મરી નથી ગયા ના તો તેઓ ક્યાંય ગયા નથી. તેમની પાસે ભારતના ચૂંટણી પંચ (ECI)ને માન્ય મતદાર તરીકે માન્ય કરવા માટે જરૂરી તમામ દસ્તાવેજો છે. તેમનું નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં પણ છે, જે ECI દ્વારા માન્યતા માટે મહત્વપૂર્ણ માપદંડ છે. છતાં, તેઓને મતદાર તરીકે અયોગ્ય ગણવામાં આવ્યા છે. કારણ છે: "તાર્કિક વિસંગતતા." આમાં કોઈ સ્પષ્ટ તર્ક દેખાતો નથી, છતાં લગભગ ૨૭ લાખ મતદારો માટે આ હકીકત બની ગઈ છે.

૨૩ અને ૨૯ એપ્રિલ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી નજીક આવતાં પશ્ચિમ બંગાળમાં એક નવી અને અદૃશ્ય સરહદ ઉભી થઈ છે. આ સરહદ નકશા પર નથી, પરંતુ ECIના ડિજિટલ સર્વરમાં છે. લાખો લોકોને એક દિવસ ઉઠીને ખબર પડે છે કે તેઓ "આંકડાકીય છાયા-વિશ્વ"ના નાગરિક બની ગયા છે. તેઓને મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે કારણ કે તેમણે કોઈ ગુનો કર્યો નથી કે સ્થળાંતર કર્યું નથી પરંતુ કારણ કે એક અલ્ગોરિધમે તેમનું અસ્તિત્વ "અતાર્કિક" ગણાવ્યું છે.

આ "તાર્કિક વિસંગતતા"નો મુદ્દો એ ઘટના છે, જેણે ટેકનોલોજી, નાગરિકતા અને સમાજના પછાત વર્ગો વચ્ચેના સંબંધને ફરીથી વિચારવા મજબૂર કર્યો છે, ખાસ કરીને રાજકીય રીતે સંવેદનશીલ રાજ્ય પશ્ચિમ બંગાળમાં આ મુદ્દો ખાસ બન્યો છે. આ સંકટ ૨૦૨૪ના અંતમાં શરૂ થયું, જ્યારે ECIએ પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) શરૂ કરવાની જાહેરાત કરી. આ નિર્ણય શરૂઆતમાં યોગ્ય લાગ્યો, કારણ કે ૨૦૦૨ પછી ઘર-ઘર જઈને સઘન ચકાસણી થઈ નહોતી. ઘણા વર્ષોથી યાદીમાં મૃત્યુ પામેલા અને ડુપ્લિકેટ નામો હતા. ૨૦૨૫માં બિહારમાં પણ આવું જ SIR કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યાં "તાર્કિક વિસંગતતા"નો આધાર લેવામાં આવ્યો નહોતો. કેટલાક લોકોનો આરોપ છે કે અસરગ્રસ્ત મતદારોમાં મોટા ભાગે ભાજપના વિરોધીઓ છે, છતાં ECI પોતાની સ્થિતિમાં ફેરફાર કરતું નથી.

શરૂઆતમાં, ECIએ લોકોમાં વિશ્વાસ જગાવવા માટે એક "ગોલ્ડ સ્ટાન્ડર્ડ" જાહેર કર્યો હતો. ૨૦૦૨ની મતદાર યાદીને અંતિમ આધાર બનાવવામાં આવી. જો કોઈ વ્યક્તિ પોતાનું નામ ૨૦૦૨ની યાદી સાથે જોડાવી શકે કાં તો પોતાનું નામ બતાવીને અથવા પોતાના માતા-પિતાના સંબંધથી તો તેને આપમેળે માન્ય ગણવામાં આવશે. આ અભિગમને ન્યાયસંગત અને સુરક્ષાત્મક માનવામાં આવ્યો.

પરંતુ જ્યારે ૨૦૦૨ના હસ્તલિખિત રેકોર્ડને ડિજિટલ રૂપમાં બદલવાનું કામ શરૂ થયું, ત્યારે ECIએ AI આધારિત નવી સોફ્ટવેર સિસ્ટમ અમલમાં મૂકી. અહીંથી "તાર્કિક વિસંગતતા" શબ્દનો ઉપયોગ શરૂ થયો. આ સોફ્ટવેરમાં "જૈવિક અને તાર્કિક ફિલ્ટર" લગાવવામાં આવ્યા હતા, જે આંકડાકીય ધોરણોથી અલગ લાગતા ડેટાને ઓળખી કાઢે છે. તેમાં આ પ્રકારના નિયમો સામેલ હતા:

૧. **ઉંમરના અંતરનો નિયમ :** માતાની ઉંમર બાળકથી ૧૫ વર્ષથી ઓછી હોય તો શંકાસ્પદ ગણાય.

૨. **પરિવાર મર્યાદા :** એક જ પૂર્વજ સાથે જોડાયેલા છ કરતાં વધુ સંતાનો હોય તો એન્ટ્રીને શંકાસ્પદ ગણાય.

૩. **સાતત્યની ભૂલ :** ૨૦૦૨ના રેકોર્ડ અને ૨૦૨૫ના ડેટામાં નામના સ્પેલિંગમાં ફેરફાર હોય તો સમસ્યા ગણાય.

આ નિયમો સામાન્ય રીતે ડેટા શુદ્ધ કરવા માટે હોય છે, પરંતુ ગ્રામિણ પશ્ચિમ બંગાળમાં તેઓ મોટા પાયે લોકોને બહાર કાઢવાના સાધન બની ગયા. ઘણા લોકોની વાર્તાઓ મીડિયામાં આવી. ઉદાહરણ તરીકે, માલદા જિલ્લાના ૫૮ વર્ષીય



ખેડૂત અબ્દુર રહીમ. તેઓ ૧૯૯૦થી દરેક ચૂંટણીમાં મતદાન કરતા આવ્યા છે, અને ૨૦૦૨ની યાદીમાં તેમનું નામ સ્પષ્ટ રીતે છે. છતાં, તેમના આઠ સંતાનો હોવાથી સમસ્યા ઊભી થઈ. જ્યારે સોફ્ટવેરે તેમના પરિવારના ડેટાને તપાસ્યો, ત્યારે તે "ફ્લેગ" થયો. કારણ કે સિસ્ટમમાં છ કરતાં વધુ સંતાનો ધરાવતા પરિવારોને "આંકડાકીય વિસંગતતા" માનવામાં આવ્યા હતા. પરિણામે, અબ્દુર રહીમ અને તેમના બે નાના પુત્રોના નામ ડ્રાફ્ટ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા. મશીનના દૃષ્ટિકોણથી, તેમના સાતમા અને આઠમા સંતાનો "તાર્કિક વિસંગતતા" ગણાયા.

પછી મુર્શિદાબાદની ફરઝાના ખાતુનનો કેસ આવે છે. ૨૦૦૨ના હસ્તલિખિત રેકોર્ડમાં તેમના પિતાનું નામ સ્થાનિક બોલીમાં થોડા અલગ ઉચ્ચાર સાથે લખાયેલું હતું. જ્યારે AIએ આ નામની તુલના તેમના આધુનિક આધાર કાર્ડ સાથે કરી ત્યારે તેને વંશમાં "તાર્કિક વિસંગતતા" લાગી. ત્રણ સંતાનોની માતા ફરઝાનાએ ક્યારેય પોતાનું ગામ છોડ્યું નથી, છતાં હવે તેમને ૫૦ વર્ષ જૂનું જન્મ પ્રમાણપત્ર રજૂ કરવા કહેવામાં આવ્યું એવો દસ્તાવેજ જે તેમની પેઢીની ઘણી ગ્રામિણ મહિલાઓ પાસે હોતો જ નથી.

૨૦૨૬ની શરૂઆતમાં "ડ્રાફ્ટ રોલ" બહાર પડતાં એક ચિંતાજનક પેટર્ન સામે આવી "તાર્કિક વિસંગતતા"નો પ્રભાવ સમગ્ર રાજ્યમાં સમાન ન હતો. આંકડાકીય માહિતી બતાવે છે કે દૂર કરાયેલા નામ મુખ્યત્વે મુર્શિદાબાદ, માલદા, ઉત્તર દિનાજપુર અને દક્ષિણ ૨૪ પરગણા જેવા "મુસ્લિમ બહુમતી વિસ્તારો"માં કેન્દ્રિત હતા. આ વિસ્તારોમાં લગભગ ૧૫%થી ૧૮% મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા. તેના બે મુખ્ય કારણ હતાઃ પ્રથમ, આ સમુદાયોમાં સામાન્ય રીતે પરિવારનું કદ મોટું હોય છે; અને બીજું, બંગાળી અથવા ઉર્દૂ ભાષામાં લખાયેલા નામોને અંગ્રેજી ડિજિટલ રેકોર્ડમાં ફેરવતી વખતે ઘણી વાર જોડણીની ભૂલો થઈ જાય છે.

ECIએ પોતાના બચાવમાં કહ્યું કે તેમને "અશક્ય" કેસો મળ્યા, જેમ કે બીરભૂમમાં એક વ્યક્તિ ૧૪૨ સંતાનો સાથે જોડાયેલો બતાવવામાં આવ્યો હતો. આવા ખોટા કેસો હોવા શક્ય છે, પરંતુ AI સિસ્ટમએ કાયદેસર મોટા પરિવારો અને ખરેખર ખોટા ડેટા વચ્ચે કોઈ ભેદ કર્યો નહોતો તેને બધા જ શંકાસ્પદ ગણીને કાઢી નાખ્યા.

આ વિવાદનો સૌથી દુઃખદ ભાગ એ છે જેને કાર્યકરો "પિતા-પાતા ટ્રેપ" કહે છે. બંગાળી લિપિમાં "પિતા" (પિતા) અને "પાતા" (સરનામું/સ્થળ) શબ્દો ખૂબ સમાન દેખાય છે. ૨૦૦૨ના રેકોર્ડને ઝડપથી ડિજિટલ બનાવતી વખતે ઘણા ડેટા-એન્ટ્રી ઓપરેટરોએ ભૂલથી "પિતાનું નામ" જગ્યાએ ગામનું નામ લખી દીધું. માનવી સરળતાથી આને સામાન્ય ભૂલ તરીકે ઓળખી શકે, પરંતુ AIએ તેને ગંભીર ગેરસમજ તરીકે લીધો. તેના અનુસાર, કેટલીક વ્યક્તિઓના "પિતા" કોઈ ગામ હતા, એટલે તેઓને શંકાસ્પદ અથવા ખોટા ગણવામાં આવ્યા. પરિણામે લાખો ગરીબ લોકો કાનૂની રીતે સાબિત કરવા મજબૂર થયા કે તેઓ કોઈ જગ્યાના સંતાન નથી.

ચૂંટણી પંચે કોર્ટમાં દલીલ કરી કે "લોકશાહી શુદ્ધ હોવી જોઈએ, પ્રદૂષિત નહીં." તેમની દૃષ્ટિએ, SIR પ્રક્રિયા ગેરકાયદેસર ઘુસણખોરોને દૂર કરવા માટે જરૂરી હતી. પરંતુ શાસક ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ આ પ્રક્રિયાને "રક્તવિહીન હત્યાકાંડ" ગણાવી. તેમનો આરોપ હતો કે ૨૦૦૨ની યાદીને આધાર માનવાની વાત છતાં "તાર્કિક વિસંગતતા"નો નિયમ કાયદેસર મતદારોને દૂર કરવા માટે એક છુપાયેલો રસ્તો હતો.

બીજી તરફ ભારતીય જનતા પાર્ટી (BJP)એ આ પગલાને લાંબા સમયથી જરૂરી "મતદાર યાદી સુધારણા" ગણાવ્યું. તેમના મતે, અગાઉની યાદીઓમાં ગેરકાયદેસર રીતે ઘણા નામ ઉમેરાયા હતા. આ રીતે "તાર્કિક વિસંગતતા" ૨૦૨૬ની ચૂંટણીનો મુખ્ય મુદ્દો બની ગયો વિકાસ કે રોજગાર નહીં, પરંતુ નાગરિક તરીકે માન્યતા મેળવવાનો અધિકાર.

આ મુદ્દો અંતે એપ્રિલ ૨૦૨૬માં સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો. કોર્ટે નોંધ્યું કે ECI પોતાનાં જ નિયમોથી ભટકી ગયું છે. ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીએ ટિપ્પણી કરી કે આ "તાર્કિક વિસંગતતા"નો નિયમ મુખ્યત્વે પશ્ચિમ બંગાળમાં જ લાગુ પડતો દેખાય છે, જ્યારે બિહાર જેવા રાજ્યોમાં આવું કડક ફિલ્ટરિંગ કરવામાં આવ્યું નહોતું.


કોર્ટે મહત્વનો પ્રશ્ન પૂછ્યોઃ જો કોઈ વ્યક્તિ ૨૦૦૨ની યાદીમાં માન્ય હતી, તો ૨૪ વર્ષ પછી એક અલ્ગોરિધમ તેને અચાનક "અતાર્કિક" કેવી રીતે કહી શકે? કોર્ટે જણાવ્યું કે મતદાનનો અધિકાર એક મૂળભૂત અને સમાન અધિકાર છે એવો સમય જ્યારે અમીર અને ગરીબ બંને સમાન રીતે એક જ કતારમાં ઊભા રહે છે. આવા અધિકારને "અપારદર્શક અલ્ગોરિધમ" દ્વારા દૂર કરવો એ લોકશાહી માટે ખતરનાક છે.

કોર્ટના હસ્તક્ષેપ છતાં, સમસ્યા હજુ યથાવત છે. ECIએ ૩૪ લાખથી વધુ અપીલો સાંભળવા માટે ૧૯ ટ્રિબ્યુનલ બનાવ્યા છે, પરંતુ દરેક ટ્રિબ્યુનલ પર લગભગ ૧.૮ લાખ કેસોનો ભાર છે. કોલકાતાના રિક્ષાચાલક સઈદ અલીનું ઉદાહરણ લો. તેને તેના મોટા ભાઈ સાથે "માત્ર ૧૧ મહિનાનો ઉંમરનું અંતર" હોવાના કારણે શંકાસ્પદ ગણાવવામાં આવ્યો જ્યારે આ જૈવિક રીતે શક્ય છે. પોતાની નિર્દોષતા સાબિત કરવા માટે તેને કામ છોડવું પડશે, વકીલ રાખવો પડશે અને લાંબી કાનૂની પ્રક્રિયા પસાર કરવી પડશે.

ઘણા લોકો આ પ્રક્રિયા સામે હાર માની રહ્યા છે. તેઓ હવે ૨૦૨૬ની ચૂંટણીમાં મતદાર તરીકે નહીં, પરંતુ માત્ર "દર્શક" તરીકે રહી જશે. ખાસ કરીને સરહદી વિસ્તારોના મુસ્લિમ મતદારો માટે, આ લડત હવે રાજકીય પ્રતિનિધિત્વની નથી પરંતુ "ડિજિટલ અસ્તિત્વ" બચાવવાની છે. તેઓ એ સાબિત કરવા લડી રહ્યા છે કે ભલે કમ્પ્યુટરનું તર્ક તેમને સ્વીકારતું ન હોય, છતાં તેઓ નિર્વિવાદ રીતે ભારતીય નાગરિક છે.

**(સૌ. : ઈન્ડિયા ટુમોરો.નેટ)**

# મધ્યપ્રદેશના ગરીબ ખ્રિસ્તીઓ ભયના ઓથાર હેઠળ જીવી રહ્યાં છે



## અન્ય એક ઘટનામાં હિન્દુ જમણેરીઓના એક ટોળાએ ખ્રિસ્તીઓની પ્રાર્થના સભા પર હુમલો કર્યો અને ખોટી ફરિયાદ નોધાવીને પાદરીને ફસાવી દીધા

**ધ** ક્વિન્ટે આવી ઘટનાઓ પાછળના સત્ય સમજવાનો પ્રયત્ન કર્યો છે. બાળપણથી જ દૃષ્ટિહીન સફલતા કાર્તિક ખ્રિસ્તી નથી. તે કાટિયા સમુદાય (SC)ની છે. તે દર વર્ષે તે પાદરી ધર્મેન્દ્ર જેના દ્વારા આયોજિત ક્રિસમસ લંચમાં હાજરી આપતી હતી. તે જોઈ શકતી નથી પણ હુમલાના દિવસની ઘટનાને એ તે ભૂલી શક્તી નથી. ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ના દિવસે નાતાલ પહેલા ચાલી રહેલા ભોજન દરમિયાન જબલપુરના ભાજપ જિલ્લા પ્રમુખ અંજુ ભાર્ગવે આ ભોજન સમારંભમાં તેના પર મૌખિક અને શારીરિક હુમલો કર્યો હતો. કેમેરામાં કેદ થયેલી તેના પરના હુમલાની ઘટના અંગે વાત કરતા તે કહે છે કે, "ક્રિસમસ પર મારા પર જે રીતે હુમલો થયો તેનાથી હું ખૂબ જ હતાશ હતી. મારા પર થયેલા હુમલાનો વીડિયો વાયરલ થતા મને કેટલાય દિવસો સુધી વિચાર આવતા રહ્યાં કે, હું આનો સામનો કેવી રીતે કરીશ?"

આવી ઘટના ફક્ત કાર્તિક સાથે જ નથી બની. મધ્યપ્રદેશમાં ખ્રિસ્તીઓ વિરુદ્ધની આવી કેટલીય ઘટનાઓ નફરતના વધી રહેલા ગુનાઓની ચાડી ખાય છે. ખ્રિસ્તીઓની વસ્તી ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ મધ્ય પ્રદેશ રાજ્યની કુલ વસ્તીના ૧% કરતા પણ ઓછી છે.

કાર્તિકના મનમાં ભાર્ગવે કહેલા શબ્દો વારંવાર ગુંજતા રહે છે. હુમલા દરમિયાન ભાર્ગવે તેને કહ્યું હતુ કે, તું તારા આગામી જન્મમાં પણ અંધ જ જન્મ પામીશ.

હુમલા અંગે પાદરી જેનાએ કહ્યું હતુ કે, સફલતા કાર્તિક પર થયેલા હુમલાની મધ્યપ્રદેશના ખ્રિસ્તી સમુદાય પર ભારે અસર થઈ છે. સમગ્ર મસીહ સમુદાય હવે ભયમાં જીવી રહ્યો છે."

ક્વિન્ટે જબલપુર અને ભોપાલ જેવા અનેક જિલ્લાઓનો પ્રવાસ કરીને એ જાણવાનો પ્રયાસ કર્યો કે, વર્ષોથી ખ્રિસ્તીઓ પરના હુમલાઓ કેમ વધી રહ્યાં છે અને આ હુમલાઓની સામાજિક-આર્થિક અસર શું થઈ છે.

ક્વિન્ટે તેની ડોક્યુમેન્ટરીમાં કંડાર્યું છે કે, 'બળજબરીથી ધર્મ પરિવર્તન'ના પ્રયાસ હેઠળ, મધ્યપ્રદેશ ધર્મ સ્વતંત્રતા અધિનિયમ, ૨૦૨૧નો દુરુપયોગ કરીને રાજ્યમાં ખ્રિસ્તીઓના જીવનને બરબાદ કરવામાં આવી રહ્યું છે.

બી.એડ.ના છેલ્લા વર્ષમાં ભણતી અને ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે શિક્ષક બનવાની ઈચ્છા ધરાવતી કાર્તિક સાથે ક્વિન્ટે વાત કરતા તે પ્રસંગને યાદ કરતાં કાર્તિકે કહ્યું હતુ કે, "દર વર્ષની જેમ ગયા વર્ષે પણ ક્રિસમસ પહેલાના ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. હું ત્યાં હાજર હતી તે દરમિયાન જબલપુરના ભાજપ જિલ્લા પ્રમુખ અંજુ ભાર્ગવ તેના સાગરીતો સાથે ત્યાં આવી પહોંચી હતી અને અચાનક હુમલો કરી દીધો. ત્યારબાદ ભાર્ગવ મારી પર ધસી આવી અને મારા ચહેરાને કડક રીતે પકડીને મને કહ્યું, તું આટલા બધા લોકોને ધર્માંતરણ કરાવવા માટે તારી સાથે લાવી છે અને તારી સાથે એક બાળક પણ લાવી છે. ભગવાન આવતા જન્મમાં પણ તને અંધ જ બનાવશે."

પાદરી જેનાએ પણ આ ઘટનાની પુષ્ટિ કરી છે. તેમણે અને કાર્તિકે જણાવ્યું હતું કે, ઘટના બાદ અમે FIR દાખલ કરી છે પરંતુ અત્યાર સુધી આ કેસમાં કંઈ પ્રગતી થઈ નથી. હજુ સુધી અમને કોઈ ન્યાય મળ્યો નથી.

જો કે, ઘટના પછી તરત જ અંજુ ભાર્ગવે ભાજપને તેનું રાજીનામું મોકલી દીધું હતું.

વધુમાં ધ ક્વિન્ટને જાણવા મળ્યું કે, હિન્દુત્વના સુરક્ષા દળો દ્વારા કરાયેલા કેસોને કારણે ખ્રિસ્તીઓને ઘણીવાર કાયદાનો ભોગ બનવું પડ્યું છે.

ધ ક્વિન્ટે જબલપુરના રાંઝીમાં પાદરી મનોજ પિલેના ઘરે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, પાદરી મનોજ બળજબરીથી ધર્મ પરિવર્તનના કથિત કેસમાં ફસાયા છે અને ઓક્ટોબર ૨૦૨૫થી તે નેતાજી સુભાષચંદ્ર બોઝ જેલમાં બંધ છે.

ધ ક્વિન્ટ સાથે રડતી આંખે વાત કરતા પાદરીના પત્ની કાદમ્બરી પિલેએ જણાવ્યું કે તેમના પતિને ધર્માંતરણ કરાવવાના ખોટા કેસમાં ફસાવીને જેલ મોકલવામાં આવ્યા હતા.

પાદરી મનોજનો હિન્દુત્વ સાથેનો એક ભૂતકાળ હતો. પહેલા તેઓ શિવસેના સાથે સંકળાયેલા હતા પરંતુ તેમણે ઘણા સમય પહેલા શિવસેના સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા. ખ્રિસ્તી ધર્મ અપનાવ્યા પછી, તેઓ એક સરળ જીવન જીવતા હતા. તે ઓટોરિક્ષા ચલાવીને ઘરનું ગુજરાન ચલાવતા હતા. આજે તે જેલમાં હોવાને કારણે તેમની ઓટો બિનઉપયોગી હાલતમાં તેમના ઘરની બહાર ધૂળ ખાય છે.

કાદમ્બરીના જણાવ્યા મુજબ, આ બધું સ્થાનિક હિન્દુત્વ વકીલ પ્રીતિ ધંધારિયા સાથેની મુલાકાતથી શરૂ થયું હતું. ધંધારિયાએ ૧૮ મે ૨૦૨૫ના રોજ રાંઝીના ફુલ ગોસ્પેલ ચર્ચમાં ઘૂસીને હાજર લોકોને ખ્રિસ્તી ધર્મ અપનાવવા બદલ ઠપકો આપ્યો હતો. જે બાદ, પાદરી મનોજ અને પ્રીતિ ધંધારિયા અને તેમની ટીમ વચ્ચે ઝઘડો થયો હતો. એક મહિના પછી, પાદરી મનોજ વિરુદ્ધ હિંદુઓને ખ્રિસ્તી ધર્મમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કરવા બદલ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. FIRમાં એક સ્થાનિક નીતુ રાયકવારે આરોપ લગાવ્યો હતો કે, પાદરી મનોજે તેની બીમારી મટાડવાનું વચન આપીને તેને ખ્રિસ્તી ધર્મ અપનાવી લેવા માટે લલચાવવામાં આવી હતી. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, પાદરી કે કાદમ્બરી બંનેમાંથી કોઈપણ નીતુ રાયકવારને પહેલાં ક્યારેય મળ્યા ન હતા કે ન તો તેના વિશે સાંભળ્યું હતું.

ધ ક્વિન્ટે એક્સેસ કરેલા એક વીડિયોમાં, ધંધારિયા બૂમો પાડીને કહેતા દેખાય છે કે, "તમે બધા દંભી લોકો છો, તમે હિન્દુ પણ નથી અને ખ્રિસ્તી પણ નથી, તમને લોકોને શું ગણવા?"

ક્વિન્ટ રાંઝી નજીકના આવેલું રાયકવારનું ઘર શોધી કાઢ્યું પણ તે ઘરે હાજર ન હોવાથી, તેની સાથે થયેલી ટેલિફોનિક વાતચીતમાં તેણે કહ્યું હતું કે, મેં કોર્ટ અને પોલીસ સમક્ષ મારૂં નિવેદન આપી દીધું છે. હવે ફરીથી મારા ઘરે ન આવતા."

સ્થાનિક લોકોની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, રાયકવારે ધાંધારિયાના કહેવા પર ફરિયાદ નોંધાવી હતી.

**ટોળાએ પ્રાર્થના કરી રહેલાં લોકો પર ખુરશીઓ ફેંકી**

જબલપુરના માધોતલ વિસ્તારમાં, હિંદુ જમણેરી ટોળાએ ત્યાંના પાદરી રાજેશ ચૌધરીની પ્રાર્થના સભામાં આવેલા ભક્તો પર ખુરશીઓ ફેંકી હતી અને તેમના પર શારીરિક હુમલો કર્યો હતો.

ધ ક્વિન્ટે એક્સેસ કરેલા સીસીટીવી વીડિયો ફૂટેજમાં ટોળું પ્રાર્થના કરતા લોકો પર હુમલો કરતું દેખાય છે.

ઘટનાને યાદ કરતા પાદરી રમેશ ચૌધરીએ ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે, "અમે હવે સતત ભયમાં જીવીએ છીએ કે એ ટોળું ફરી આવશે અને બધાને ફરી મારશે. તે દિવસે જ્યારે પ્રાર્થના સભા ચાલી રહી હતી ત્યારે જમણેરી જૂથના કેટલાક સભ્યો અચાનક ધસી આવ્યા હતા. તેમણે પ્રાર્થના કરી રહેલા ભક્તો પર ખુરશીઓ ફેંકી અને બધાને બેઝબોલ બેટથી ફટકાર્યા હતા. જ્યારે હાજર મહિલાઓએ પ્રતિકાર કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમણે કંપાઉન્ડમાં પાર્ક વાહનો પર પથ્થરમારો કર્યો હતો. થોડા દિવસો પછી, મધ્યરાત્રિએ તે લોકો ફરી આવ્યા હતા અને તેમણે ચર્ચના દરવાજાનું તાળું તોડી નાખ્યું હતું. ૨૨ ડિસેમ્બરના રોજ, લગભગ પાંચ લોકો મારા ઘરે આવ્યા હતા. મારી પત્ની સિવાય ઘરે કોઈ હાજર ન હતું. તેમણે મારા અને મારા બાળકો વિશે પૂછ્યું અને મારી પત્નીને ધમકી આપી કે, 'અમે તમારા પરિવારને મારી નાખીશું, તેમને બહાર કાઢ. મારી પત્નીએ તેમને કહ્યું કે, ઘરે કોઈ નથી અને તે એકલી છે, જો તમે મારી નાખવા માંગતા હો, તો મને મારી નાખો."

પાદરી રાજેશ પર બળજબરીથી ધર્માંતરણ કરાવવાના આરોપોમાં નવા નથી. ધર્માંતરણના કેસોમાં તેમને અગાઉ બે વાર નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. બંને કિસ્સાઓમાં, તેમની સામે કંઈપણ ગુનાહિત મળ્યું નથી. તેમનો દાવો છે કે બંને કિસ્સાઓમાં, ફરિયાદીએ કબૂલાત કરી હતી કે, તેમણે દબાણ હેઠળ તેમની સામે ફરિયાદ નોંધાવી હતી.

**ખોટા ફરિયાદીઓનો ઉપયોગ**

મધ્યપ્રદેશમાં ખ્રિસ્તી સમુદાય સામૂહિક હેરાનગતિનો સામનો કરી રહ્યો છે. જબલપુરથી લગભગ ૩૦૦ કિમી દૂર ભોપાલમાં એક દલિત પાદરી બાલાસાહેબ વાવલેની ધ ક્વિન્ટે મુલાકાત કરી તો જાણવા મળ્યું કે, આમ તો સમગ્ર ખ્રિસ્તી સમુદાયને હિન્દુત્વ જૂથોના ગુસ્સોનો સામનો કરવો પડે છે પરંતુ દલિત ખ્રિસ્તી પાદરીઓને ધર્માંતરણના આરોપ હેઠળ વધુ સહન કરવું પડે છે. આ એવા પાદરીઓ છે જે સ્વ ખર્ચ કરીને પોતાના ઘરે અથવા સ્થાનિક ચર્ચમાં નાના મેળાવડાનું આયોજન કરે છે. દલિત ખ્રિસ્તીઓને સરળ નિશાન ગણાવતા યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ (UCF)ના પ્રમુખ માઈકલ વિલિયમ્સે ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે, "અમને લાગે છે કે બેકાબુ અને અનિયંત્રિત યુવાન હિન્દુ ટોળા, અતિ ગરીબ ખ્રિસ્તી લોકો પર હુમલા કરે છે. તેમને પાકી ખબર હોય છે કે આ ગરીબ ખ્રિસ્તી લોકોની ફરિયાદ કોઈ સાંભળવાનું નથી." એક બાળાસાહેબ નામના પાદરીને ભોપાલમાં ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ દાખલ કરાયેલા પહેલા કેસમાં ૭૫ દિવસ જેલમાં રહેવું પડ્યું હતું. તેમની પત્નીએ પણ તેમની સાથે ૨૨ દિવસ જેલમાં વિતાવ્યા હતા.

પાદરી બાલાસાહેબે ધ ક્વિન્ટને જણાવ્યું હતુ કે, "તેમણે અમને માર્યા, અમારી દિકરીઓ સાથે ગેરવર્તન કર્યું, અમારા ચર્ચના દરવાજા તોડી નાખ્યા. અમારું બાઈબલ ઉપાડીને ફેંકી દીધું. તેમણે અમારા પર આરોપ લગાવ્યો કે, અમે લોકોને ૫૦,૦૦૦ રૂપિયા આપીને ધર્મ પરિવર્તન કરાવી રહ્યા છીએ. અમે ગરીબ છીએ, અમારી પાસે લોકોને આપવા માટે આટલા પૈસા ક્યાંથી હોય?" 'ખોટા' ફરિયાદીઓ કેવી રીતે કાર્ય કરે છે તેનો ખ્યાલ પાદરી બાળાસાહેબના કેસમાં દેખાઈ આવે છે. તેમણે જણાવ્યું કે, એક અજાણી વ્યક્તિ અમારી પ્રાર્થના સભામાં ભક્ત બનીને આવ્યો પછી તેણે પોતાના મોબાઈલ ફોનમાં અમારી પ્રાર્થના રેકોર્ડ કરવાનું શરૂ કર્યું. થોડા સમય પછી, એક ટોળું ધસી આવ્યું.

તેમની આ વાતનું સમર્થન તેમના વકીલ, વિનય ડેવિસ જેમ્સ દ્વારા આપવામાં આવ્યું હતું. વિનય ડેવિસ જેમ્સે એપ્રિલ ૨૦૨૩માં પાદરી બાળાસાહેબને સફળતાપૂર્વક નિર્દોષ છોડાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પાદરી બાળાસાહેબે કહ્યું હતું કે, "જે લોકોએ મારી પર ફરિયાદ કરી હતી તે બધા ભોપાલના હતા. તેમાં એક ચંદ્રશેખર તિવારી નામનો વ્યક્તિ હતો જે આ કેસને કારણે પ્રખ્યાત થયો હતો. આ પછી તિવારીએ સ્થાનિક ચૂંટણી લડી હતી અને હવે તે હિન્દુ સમિતિનો પ્રમુખ છે. તેને મારા કેસને લીધે જ ફાયદો થયો હતો." ધ ક્વિન્ટે તિવારીનો સંપર્ક કર્યો ત્યારે તેણે કહ્યું, "હું ૧૯૯૨થી હિંદુત્વ માટે કામ કરી રહ્યો છું, હું અયોધ્યા આંદોલન દરમિયાન પણ કારસેવક હતો. બાલા (પાદરી બાલાસાહેબ) પહેલા પણ મેં ઘણા 'લવ જેહાદ' અને ધર્માંતરણના કેસ પકડ્યા છે."

પરંતુ ડેવિસે ક્વિન્ટને જણાવ્યું હતું કે, જ્યારે તેણે કોર્ટમાં ફરિયાદી આકાશ પ્રજાપતિની ઉલટતપાસ કરી ત્યારે તેણે કબૂલાત કરી હતી કે, તેણે બજરંગ દળના કહેવા પર પાદરી બાલાસાહેબ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેમણે કહ્યું, "આ એવા ડમી ફરિયાદીઓ છે જે ખોટા ધર્માંતરણના આરોપો લગાવીને ફરિયાદ કરવા તૈયાર હોય છે." એડવોકેટ વિનય ડેવિસ જેમ્સે ધ ક્વિન્ટને એમ પણ કહ્યું કે, ધર્માંતરણ વિરોધી કાયદાની કલમ ૪ (જે જણાવે છે કે ફક્ત પરિવારના સભ્યો, વાલીઓ જ ફરિયાદ નોંધાવી શકે છે) ઉપરાંત કલમ ૩/૫નું પણ વારંવાર ઉલ્લંઘન થઈ રહ્યું છે. "જ્યારે કોઈ પાદરી વિરુદ્ધ ધર્માંતરણ વિરોધી કાયદાના ૩/૫ હેઠળ કેસ દાખલ કરે છે ત્યારે સંબંધિત ગૃહ વિભાગની ફરજિયાત પરવાનગી લેવી પડે છે પરંતુ આવું કરવામાં આવતું નથી. આ કેસમાં પાદરી વિરુદ્ધ ફરિયાદ કર્યા પછી પરવાનગી ઉમેરવામાં આવી હતી." ખ્રિસ્તીઓ વિરુદ્ધ હિન્દુત્વના 'કાર્યકર્તાઓ'ના નફરત અભિયાન પાછળની માનસિકતાને વધુ સમજવા માટે, ધ ક્વિન્ટે જબલપુરમાં બજરંગ દળના સંજય તિવારી (ગૌ-રક્ષા દળ-બજરંગ દળ) અને અજય ચૌરસિયા (બજરંગ દળ, પ્રવક્તા)ની મુલાકાત કરી હતી.

તેમની બે બાબતોમાં અડગ શ્રદ્ધા દેખાઈ આવી. પહેલી ખ્રિસ્તીઓ ગરીબોને પૈસા, નોકરી, જમીન અને લગ્નની લાલચ આપીને તેમને ધર્માંતરણ કરવા માટે નિશાન બનાવે છે. અને બીજી એ કે, તેઓ તેમની 'હિન્દુત્વ' વિચારધારા માટે અડગ છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ કાયદાથી ડરે છે, ત્યારે ચૌરસિયાએ કહ્યું, "અમને ડર તો લાગે છે પણ અમે આ બધુ સમાજ માટે કરી રહ્યા છીએ. અમારી સામે કેસ થયા છે. પરંતુ તેમાં પોલીસે તપાસ કરીને અમારા કાર્યકરોને છોડી દે છે." બજરંગ દળના સંજય તિવારીએ કહ્યું, "અમે હિન્દુત્વ, ગાયો અને મહિલાઓ માટે કામ કરીએ છીએ. વહીવટીતંત્રનો અમને ટેકો છે અને તેઓ 'લવ જેહાદ' અથવા બળજબરીથી ધર્માંતરણ અંગે ગંભીર છે." આવા જૂથોની ક્રિયાઓને કારણે, પાદરી શિવકુમાર ઝારબડે અને પાદરી હરિ ઓમ જેવા ઘણા પાદરીઓને વાસ્તવિક પરિણામોનો સામનો કરવો પડ્યો છે. ધર્મ પરિવર્તનનો ખોટો આરોપ લાગ્યા બાદ પાદરી ઝારબડેને ઘર વેચવું પડ્યું હતું. જેમાં તે ૧૨ વર્ષથી રહેતા હતા. પાદરી હરિ ઓમ અને તેમની પત્ની જેલમાંથી મુક્ત થયા પછી, બજરંગ દળના કાર્યકરો ફરી હુમલો ન કરે તે ડરથી તેમની દુકાન ખાલી કરી દીધી હતી. મધ્યપ્રદેશમાં તો હવે ફક્ત પાદરીઓ સામે જ નહીં પરંતુ કોઈપણ સ્થાનિક ખ્રિસ્તી સામે પણ 'બળજબરીથી ધર્માંતરણ'ની ધમકીનો ઉપયોગ કરવો સરળ બની ગયું છે. લુઈસ મોરિસ નામના એક પત્રકાર અને સર્વ ઈસાઈ મહાસભા (ઓલ ક્રિશ્ચિયન ફેડરેશન)ના જિલ્લા પ્રમુખને તેમના જ એક સહયોગી પત્રકારે ધમકી આપી હતી.

તેણે કહ્યું કે, "મારું નામ લુઈસ હોવાથી હું તેમના માટે સોફ્ટ ટાર્ગેટ છું. હું પત્રકાર તરીકે કામ કરું છું. તાજેતરમાં હું એક ઓફિસ બેઠો હતો ત્યારે એક માણસ આવ્યો, આ માણસને હું પહેલાથી ઓળખતો હતો. તેણે મને ધમકાવતા કહ્યું કે, 'હું તને ધર્માંતરણના કેસમાં ફસાવીશ અને પછી તને ખબર પડશે.' મારી સાથે રહેલા મિત્રએ તેને પૂછ્યું, 'તું આ બધું શું બોલી રહ્યો છે, આ બધું તને કોણ શીખવી રહ્યું છે?' ત્યારે તેણે તેને જવાબ આપતા કહ્યું, 'તને ખબર નથી, આ લોકો ઘણા ધર્માંતરણ કરે છે.' ભયાનક ઘટનામાંથી પસાર થઇ હોવા છતાં, સફલતા કાર્તિકે કહ્યું કે, હવે તે કોઈ પણ ટોળાથી ડરશે નહી. જ્યારે ધ ક્વિન્ટે તેને પૂછ્યું કે શું તે ફરીથી ક્રિસમસ લંચમાં હાજરી આપશે, ત્યારે તેણે તરત જ કહ્યું, "તેઓ (ટોળા) ને જે કરવાનું હતું તે તેમણે કરી નાખ્યું. જો પાદરી જેના ફરીથી આવા કાર્યક્રમનું આયોજન કરશે, તો હું તેમાં ચોક્કસ મારી હાજરી આપીશ."

**- અલિઝા નૂર**

**(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)**

### દેશી પિસ્તોલ અને ૧૬ જીવતા કારતૂસ મળી આવ્યા

# અમીરગઢ ચેક પોસ્ટ પરથી ૧૪ કિલો ચરસ સાથે બિહારી શખ્સ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૨૫

ચૂંટણીને અનુલક્ષીને બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા આંતરરાજ્ય ચેકપોસ્ટ પર સઘન તપાસ ચાલી રહી હતી. આ તપાસ દરમિયાન, લક્ઝરી બસમાં મુસાફરી કરી રહેલા એક શખ્સ પાસેથી આ પ્રતિબંધિત નશીલા પદાર્થો અને હથિયારો મળી આવ્યા હતા. ઝડપાયેલા આરોપીની ઓળખ મુકેશ પ્રકાશ તરુણ પ્રસાદ તરીકે થઈ છે, જે બિહારનો રહેવાસી છે અને જયપુરથી આ બસમાં મુસાફરી કરી રહ્યો હતો. પોલીસે તેની અટકાયત કરી છે. જોકે, તેની સાથે મુસાફરી કરી રહેલો અન્ય એક પેસેન્જર, વિકી કુમાર, પોલીસ ચેકિંગ શરૂ થતાં જ નાસી છૂટ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મુકેશ કુમાર દ્વારા આ ચરસ, હથિયાર અને કારતૂસ પુણેમાં મોહમ્મદ ખાલિદ યુનુસને પહોંચાડવાનું હતું. મોહમ્મદ ખાલિદ યુનુસ ભાઈ મૂળ પાટણનો રહેવાસી છે અને પોલીસે તેને પણ હાલમાં ડિટેઈન કર્યો છે. આ કેસમાં આગળની કાર્યવાહી અને પૂછપરછ ચાલુ છે. જપ્ત કરાયેલા કુલ મુદ્દામાલની કિંમત આશરે ૩૪,૭૦,૦૦૦ આંકવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબેએ જણાવ્યું કે, 'ચૂંટણી અંતર્ગત ચેકિંગ દરમિયાન અમીરગઢ ચેકપોસ્ટ પર ૨૪ એપ્રિલના રોજ લક્ઝરી બસની તપાસમાં બેગમાંથી રૂ.૩૪.૫૦ લાખની કિંમતનું ૧૩ કિલો ૭૮૦ ગ્રામ ચરસ, પિસ્તોલ અને ૧૬ કારતૂસ મળી આવ્યા હતા.

# ખેડા શહેરના અનેક વિસ્તારોની લો વોલ્ટેજની સમસ્યા ક્યારે ઉકેલાશે ?

(સંવાદદાતા દ્વારા) ખેડા, તા.૨૫

ખેડા શહેરના અનેક વિસ્તારમાં લો વોલ્ટેજની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડા શહેરના ભાઠા વિસ્તારમાં છેલ્લા છ માસથી લો વોલ્ટેજની સમસ્યા વીજ ગ્રાહકોને સતાવી રહી છે. તે વિસ્તારના અગ્રણી વિજયભાઈ દરબારે એમજીવીસીએલ ઉપર આક્રોશ ઠાલવતા આક્ષેપ કર્યો છે. મુખ્ય અધિકારી ખેડાની આસપાસના વિસ્તારના ફાર્મ હાઉસમાં તેમજ નવા કનેકશનો આપવામાં જ કેમ 'રસ' ધરાવે છે ? જ્યારે ખેડાના અન્ય વિસ્તાર જેવા કે ઈન્દિરાનગર, શાલીમાર સોસયાટી, પટેલ નગર, નૂરે ઈલાહી, બાગે આયશા, મોમીનનગર વગેરેમાં છેલ્લા છ માસથી લો વોલ્ટેજનો પ્રોબ્લેમ છે. અને અહીંના રહીશોએ વારંવાર લેખિત રજૂઆત કરી છે. અનેક લોકોએ થ્રીફેજ કનેકશનોના ચાર્જ પણ ભર્યો છે. પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. જ્યારે અત્યારે પંખા પણ ચાલુ થતા નથી તો એસીની તો વાત જ ક્યાં છે ? જ્યારે કાળઝાળ ગરમીમાં બિમારો, નાના બાળકો અને વૃદ્ધોની તો હાલત કફોડી થઈ જવા પામી છે. આ સમસ્યાનો યુદ્ધના ધોરણે પ્રાથમિકતા આપીને યોગ્ય નિરાકરણ કરવામાં આવે તેથી સ્થાનિક રહીશોની લાગણી અને માગણી છે.

# ચિરાગ ગોટીના કેસમાં યુવરાજ જાદવની ધરપકડ પર ગુજરાત હાઈકોર્ટની રોક

## ચિરાગ ગોટીના કેસમાં વ્યાસબંધુઓએ પોતાના જ નિર્દોષ મિત્રને આરોપી બનાવ્યો ?

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૫

થોડા સમય પહેલાં જે ચિરાગ ગોટીનો ખૂબ ચર્ચિત એવો માર મારતો વીડિયો વાયરલ થયા બાદ અલગ અલગ પો.સ્ટે.માં ચિરાગ ગોટી તથા અન્યો વિરૂદ્ધ મારામારી કરવાના, ખંડણી માંગવાના તથા કિડનેપિંગ કરવા જેવા ગુનાઓમાં એફ.આઈ.આર. નોંધાઈ હતી. જે પૈકી એક એફ.આઈ.આર. જીગ્નેશ વ્યાસે ચોક બજાર પો.સ્ટે. તથા તેના ભાઈ પ્રભાત વ્યાસે કતારગામ પો.સ્ટે.માં ચિરાગ ગોટી તથા અન્યો વિરુદ્ધ નોંધાવેલ હતી. તે પૈકીના સહ આરોપી યુવરાજ જાદવ જે પોતે વકીલ છે તથા જીગ્નેશ વ્યાસની ઓફિસની બાજુમાં જ ઓફિસ ધરાવતો હતો. જેથી યુવરાજ જાદવ સારી એવી આવક ધરાવે છે જેની જાણ થતાં જીગ્નેશ વ્યાસ અને તેના ભાઈ પ્રભાતે યુવરાજ જાદવ સાથે મિત્રતા કેળવેલી ત્યારબાદ આ મિત્રતાનો લાભ લઈ યુવરાજ જાદવ પાસે જીગ્નેશ વ્યાસે અલગ અલગ ધંધાઓમાં રોકાણ કરાવેલ, જીગ્નેશ વ્યાસના લગ્ન તથા તેના ભાઈ પ્રભાતના લગ્નનો ખર્ચ કરાવેલ, એ સિવાય જીગ્નેશ વ્યાસની એમજી હેક્ટર ગાડીની લોન ભરપાઈ કરાવેલ આ સિવાય યુવરાજ જાદવે જીગ્નેશ વ્યાસના સગા સંબંધીઓને પણ રૂપિયા આપેલ. આમ મિત્રતાનો લાભ લઈ જીગ્નેશ વ્યાસે યુવરાજ જાદવ પાસે કરોડો રૂપિયા ખર્ચાવેલ તથા આ બધા રૂપિયા પાછા ન આપવા પડે તેથી મિત્રની પીઠ પાછળ છુરો ભોંકી દેવાના ઈરાદા સાથે જીગ્નેશ વ્યાસ તથા તેના ભાઈ પ્રભાત વ્યાસે કરાવેલી એફ.આઈ.આર.માં યુવરાજ જાદવને પણ આરોપી બનાવી દીધેલ. જે સંદર્ભે યુવરાજ જાદવે ગુજરાત હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવા માટે અરજ ગુજારેલ તે અરજીની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે બધા પુરાવાઓ તથા દલીલોને ધ્યાને લઈને યુવરાજ જાદવની ધરપકડ પર રોક લગાવતો ઓર્ડર કરીને યુવરાજ જાદવને મોટી રાહત આપેલી છે.

**હદીસ બોધ**

કોઈપણ માણસના દિલમાં ઈમાન અને ઈર્ષ્યા સાથે નથી રહી શકતા. (હદીસ બોધ)

**બોધ વચન**

જે માણસો સવારથી જ સત્કાર્યો શરૂ કરે છે એમને દિવસનો દરેક કલાક મજા આપે છે અને તેમની આસપાસની દરેક વસ્તુમાંથી તેમને માટે શાંતિ અને ઉલ્લાસ જન્મે છે. - ગેસનર

**આજની આરસી**

૨૬ એપ્રિલ રવિવાર ૨૦૨૬
૮ ઝિલકદ હિજરી ૧૪૪૭
વૈશાખ સુદ દસમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૪-૪૭
ખત્મે ઝવાલ ૧૨-૩૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૫

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# IPL ઈતિહાસમાં ૧૫૦ રન બનાવનાર પ્રથમ ભારતીય બન્યો KL રાહુલ; પંજાબ કિંગ્સ સામે ૧૫૨ રનની રેકોર્ડબ્રેક ઈનિંગ



નવી દિલ્હી, તા.૨૫

કેએલ રાહુલે શનિવારે તેની પૂર્વ ટીમ પંજાબ કિંગ્સ સામે શાનદાર સદી ફટકારીને ઈતિહાસના પાનાઓમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરી દીધું છે. દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દિલ્હી કેપિટલ્સ તરફથી ઓપનિંગ કરવા ઉતરેલા રાહુલે માત્ર ૬૭ બોલમાં ૧૫૨ રનની અદ્‌ભૂત ઈનિંગ રમી હતી. તેની આ આક્રમક બેટિંગની મદદથી દિલ્હી કેપિટલ્સે ૨૬૪ રનનો વિશાળ સ્કોર ઊભો કર્યો હતો. આ સાથે જ ૩૨ વર્ષીય રાહુલ IPLમાં ૧૫૦ કે તેથી વધુ રન બનાવનાર પ્રથમ ભારતીય ખેલાડી બની ગયો છે.

**ક્રિસ ગેલ અને મેક્કુલમની ક્લબમાં એન્ટ્રી**

આ સિદ્ધિ સાથે કેએલ રાહુલ હવે ક્રિસ ગેલ અને બ્રેન્ડન મેક્કુલમ જેવા દિગ્ગજ ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ ગયો છે. IPL ઈતિહાસમાં અત્યાર સુધી માત્ર ત્રણ જ ખેલાડીઓ ૧૫૦ રનનો આંકડો પાર કરી શક્યા છે, જેમાં રાહુલ હવે ત્રીજા ક્રમે છે. ઉલ્લેખનીય છે કે IPLમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ હજુ પણ ક્રિસ ગેલ (૧૭૫★)ના નામે છે, જ્યારે બીજા ક્રમે બ્રેન્ડન મેક્કુલમ (૧૫૮★) છે.

**અભિષેક શર્માનો રેકોર્ડ તોડ્યો**

દિલ્હીની કાળઝાળ ગરમીમાં પણ રાહુલે પંજાબ કિંગ્સના બોલરોની બરાબરની ધોલાઈ કરી હતી. તેણે નીતીશ રાણા સાથે મળીને મેદાનની ચારેબાજુ ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કર્યો અને તેની IPL કારકિર્દીની છઠ્ઠી સદી ફટકારી હતી. આ પહેલા કોઈપણ ભારતીય દ્વારા IPLમાં સૌથી વધુ સ્કોર બનાવવાનો રેકોર્ડ અભિષેક શર્મા (૧૪૧ રન, વર્ષ ૨૦૨૫)ના નામે હતો, જે આજે રાહુલે તોડી નાખ્યો છે. રસપ્રદ વાત એ છે કે, ગયા વર્ષે અભિષેક શર્માએ રાહુલનો જ ૧૩૨ રનનો જૂનો રેકોર્ડ તોડ્યો હતો, જે આજે રાહુલે ફરી પોતાના નામે કરી લીધો છે.

**IPL ઈતિહાસના સૌથી મોટા વ્યક્તિગત સ્કોર :**

ક્રિસ ગેલ : ૧૭૫★ (૨૦૧૩)
બ્રેન્ડન મેક્કુલમ : ૧૫૮★ (૨૦૦૮)
કેએલ રાહુલ : ૧૫૨★ (૨૦૨૬)
અભિષેક શર્મા : ૧૪૧ (૨૦૨૫)
ક્વિન્ટન ડી કોક : ૧૪૦★ (૨૦૨૨)

**Need a Teacher**

Required for a non-granted school with a total of 1 qualified teacher with a Bachelor's/ PTC/ B.Ed. in English medium. Experience preferred. Decent salary will be given.

Send the application to the Reg. AD. with all the supporting documents - photos within seven days.

President Miss/Principal

Sharifa English Medium Primary School
Nirmali Road, Opposite Vohra Cemetery, Sultanpur, Nawagam, Ta.Kapdavanj, District Kheda, Gujarat.

વંથલી પંથકમાં ખાણ-ખનીજ વિભાગ અને પોલીસ તંત્રની મિલીભગતથી બેફામ ખનીજ ચોરીનો કાળો કારોબાર ધમધમી રહ્યો હોવાના આક્ષેપો ઉઠ્યા છે. આ વિસ્તારના ગ્રામ્ય માર્ગો પર દિવસ-રાત પૂરપાટ ઝડપે અને ક્ષમતા કરતા બમણા ઓવરલોડ વજન સાથે દોડતા ડમ્પરો હવે નિર્દોષ લોકો માટે કાળ સાબિત થયા છે.



(તસવીર : એસ.આઈ. બુખારી, જૂનાગઢ)

આજે વંથલીના કણજડી ગામે પિયુષ નામના એક આશાસ્પદ યુવાનને બેફામ દોડતા ડમ્પરચાલકે અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે ગ્રામજનોનો વર્ષોથી દબાયેલો આક્રોશ ફાટી નીકળ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ અકસ્માત સર્જનાર ડમ્પરને આગ ચાંપી દીધી હતી. આ સમગ્ર મામલે ગ્રામજનોએ તંત્રની પોલ ખોલતા ગંભીર આક્ષેપો કર્યા છે. કણજડી ગામના રહીશ વિજય મૈતરરે જણાવ્યું હતું કે, જ્યારે પણ કોઈ જાગૃત નાગરિક વંથલીના પ્રાંત અધિકારી કે અન્ય જવાબદાર અધિકારીઓ પાસે ગેરકાયદેસર ખનીજ ચોરી કે ઓવરલોડ વાહનો બાબતે રજૂઆત કરવા જાય, ત્યારે અધિકારીઓ પ્રજાના સેવક બનવાને બદલે ભૂમાફિયાઓના ભાગીદાર હોય તેમ વર્તે છે. વધુમાં તેમણે આક્ષેપ કર્યો કે, અધિકારીઓ ફરિયાદ કરનાર અરજદારના મોબાઈલ નંબર અને વિગતો ગેરકાયદેસર ખનન કરતા લીઝધારકોને આપી દે છે. ત્યારબાદ આ ભૂમાફિયાઓ સીધો અરજદારને ફોન કરી 'તમને શું તકલીફ છે ? તેમ કહી ધમકીઓ આપે છે. આવી સ્થિતિમાં હવે સામાન્ય જનતા માટે ન્યાય માંગવો પણ જીવનું જોખમ બની ગયું છે. સ્થાનિક અગ્રણીએ તંત્ર પર પ્રહાર કરતા કહ્યું કે, ''ખનીજ વિભાગ અને પોલીસની હપ્તાખોરીને કારણે આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ રહ્યું નથી. ૫૦ ટનની ક્ષમતા ધરાવતા વાહનોમાં ૯૦ ટન સુધીનો માલ ભરીને દોડાવવામાં આવે છે, જેના કારણે કરોડોના ખર્ચે બનેલા રસ્તાઓ ગણતરીના દિવસોમાં જ બિસ્માર બની જાય છે.'' તેમણે કહ્યું કે, જો સરપંચ પણ રજૂઆત કરે તો અધિકારીઓ તેમને જ 'ગાડીઓ પકડી રાખવા' કહી પોતાની જવાબદારીમાંથી છટકી જાય છે. અકસ્માતની ઘટના બાદ ગામમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને ગ્રામજનોએ રસ્તા પર ચક્કાજામ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ જૂનાગઢ ડીવાયએસપી રવિરાજસિંહ પરમાર સહિતનો પોલીસ કાફલો અને ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા.

જો કે, ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, જો હવે પછી આ રસ્તા પરથી ગેરકાયદેસર ઓવરલોડ વાહનો પસાર થશે, તો આખું ગામ કાયમી ધોરણે રસ્તા પર ઉતરી આવશે અને ઉગ્ર આંદોલન કરશે. હાલ પોલીસે મામલો થાળે પાડ્યો છે.

વડોદરા ચૂંટણી પ્રચારમાં ધમકીનો સૂર

# 'કમળ સિવાય કોઈની તરફેણ કરી તો સીધો કરી નાખીશ'; ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાનું વિવાદાસ્પદ નિવેદન

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૫

વડોદરામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે પ્રચાર મેદાનમાં હવે ભાષાની મર્યાદા ઓળંગાઈ રહી હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. વાઘોડિયા બેઠકના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ એક જાહેર ચૂંટણી સભામાં ખુલ્લેઆમ ધમકીભર્યું નિવેદન આપતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.ચૂંટણી સભાને સંબોધતા ધારાસભ્યએ આક્રમક તેવરમાં મતદારો અને કાર્યકરોને જણાવ્યું હતું કે, જો કોઈ પણ વ્યક્તિ કમળ (ભાજપ) સિવાય અન્ય કોઈને મત આપવાની વાત કરે અથવા ભાજપ વિરોધી પ્રચાર કરવા માટે આવે, તો તુરંત તેમને ફોન કરીને જાણ કરવી. તેમણે મંચ પરથી ધમકી ઉચ્ચારતા કહ્યું હતું કે, ભાજપ સિવાયની કોઈ પણ વાત કરનારને તેઓ 'સીધો કરી નાખશે'. આ નિવેદનને પગલે ચૂંટણીમાં લોકશાહીના મૂલ્યો સામે સવાલો ઉભા થયા છે.




વધુમાં ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પક્ષની શિસ્ત અને પેનલનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, જો કોઈ ઉમેદવાર પેનલ તોડીને અથવા અપક્ષ રીતે જીતવાનો પ્રયાસ કરશે કે જીતી જશે, તો પણ તેને પક્ષમાં ટકવા દેવામાં નહીં આવે અને તેને 'ઘર ભેગો' કરી દેવામાં આવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ચૂંટણીમાં માત્ર 'કમળ, કમળ અને કમળ' જ ચાલવું જોઈએ. જો કોઈ ઉમેદવાર મતદારોને એમ કહે કે એક મત મને આપજો અને બાકીના તમારી મરજી મુજબ આપજો, તો તેવા જીતેલા ઉમેદવારને પણ સત્તા પરથી હટાવી દેવાની ચીમકી તેમણે આપી હતી.

ધારાસભ્યના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા વડોદરાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વિપક્ષો દ્વારા આને સત્તાનો અહંકાર અને મતદારોને ડરાવવાનો પ્રયાસ ગણાવવામાં આવી રહ્યો છે. ચૂંટણી ટાણે જ ધારાસભ્ય દ્વારા અપાયેલી આ ખુલ્લી ધમકીને પગલે ચૂંટણી પંચ કોઈ પગલાં લે છે કે કેમ તે જોવું રહ્યું.

# વડગામ તાલુકામાં કોંગ્રેસના બળવાખોરો સામે કાર્યવાહીની ચીમકી

છાપી, તા.૨૫

વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા શનિવારે એક પત્ર જારી કરી કોંગ્રેસમાં ટિકિટથી વંચિત રહેલા કાર્યકરો એ બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર તમામને લેખિત જાણ કરી તાત્કાલિક કોંગ્રેસના ઉમેદવારોને ટેકો જાહેર કરવા આદેશ કરવામાં આવ્યો છે. ટેકો જાહેર કરવામાં નહિ આવે તો પક્ષ વિરોધી પ્રવુતિ માની છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાની ચીમકી આપતા ખળભળાટ મચી ગયો છે.

# વડોદરામાં ઢોર પકડનાર કોર્પોરેશનની ટીમ પર હુમલો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૨૫

વડોદરા શહેરમાં રખડતા ઢોરોને પકડવા માટે કોર્પોરેશનની ટીમો દ્વારા કામગીરી કરવામાં આવતી હોય છે. જે દરમિયાન પશુપાલકો પણ ગાયો બચાવવા માટે ઉમટી પડતા હોવાથી ઉત્તેજનાભર્યા દશ્યો સર્જાતા હોય છે. પોલીસ દ્વારા કોર્પોરેશનની ટીમને બંદોબસ્ત પણ આપવામાં આવતો હોય છે. આમ છતાં ઘર્ષણના બનાવો સતત જારી રહ્યા છે. એક સપ્તાહ પહેલાં ગોરવામાં કોર્પોરેશનની ટીમ સાથે ઘર્ષણ કરી ગાય છોડાવી જવાના બનેલા બનાવમાં ત્રણ પશુ પાલકોની ધરપકડ કરવામાં આવી હતી. ગઈ કાલે આવી જ રીતે ન્યુ વીઆઈપી રોડના વૈકુંઠ-૨ વિસ્તારમાં કોર્પોરેશનની ટીમે ગાય પકડતાં એક સફેદ બંડીધારી ગોપાલક લાકડી સાથે ધસી આવ્યો હતો. તેની સાથે અન્ય બે પશુપાલક પણ આવ્યા હતા અને જબરદસ્તી ગાય છોડાવી ગયા હતા.

# વડોદરામાં 'પોસ્ટર વોર' : માંજલપુરમાં 'આયાતી' ઉમેદવારનો ઉગ્ર વિરોધ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૫

વડોદરામાં સ્થાનિક રાજકારણનો ગરમાવો હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ખાસ કરીને મતદાનના આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે માંજલપુર વિસ્તારમાં સામે આવેલા વિરોધના સુરથી રાજકીય ગલિયારાઓમાં ખળભળાટ મચી ગયો છે. અહીં 'વડોદરા જાગૃતિ સમિતિ'ના નામે ઠેર-ઠેર બેનરો અને પોસ્ટરો લગાવવામાં આવ્યા છે, જેમાં મતદારોને સ્પષ્ટ અપીલ કરવામાં આવી છે કે, તેઓ માત્ર સ્થાનિક ઉમેદવારને જ પસંદ કરે અને 'આયાતી' ઉમેદવારથી દૂર રહે.આ ઘટનાએ ભાજપના આંતરિક અસંતોષને જાહેરમાં લાવી દીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પક્ષના જ કેટલાક નારાજ નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા આ પોસ્ટર વોર શરૂ કરવામાં આવ્યું હોય તેવું જણાઈ રહ્યું છે. આ અગાઉ પણ જ્યારે ચૂંટણીની જાહેરાત થઈ હતી, ત્યારે વોર્ડ નંબર ૧૮માં એક વરિષ્ઠ નેતાએ જાહેરમાં જ આયાતી ઉમેદવારનો વિરોધ કરવા માટે કાર્યકર્તાઓને હાકલ કરી હતી. તે વિવાદ હજુ શમ્યો નથી ત્યાં જ મતદાનના આગલા દિવસે માંજલપુરમાં લાગેલા આ બોર્ડ એ વિરોધની જ્વાળામાં ઘી હોમવાનું કામ કર્યું છે.માંજલપુરના મુખ્ય માર્ગો અને સોસાયટીઓ બહાર લાગેલા આ બેનરોમાં લખવામાં આવ્યું છે કે, ''સ્થાનિક ઉમેદવારને મતદાન કરશો, આયાતી ઉમેદવારને મતદાન કરવાથી દૂર રહેશો.'' આ પ્રકારના લખાણથી મતદારોમાં પણ અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. હાલમાં આ પોસ્ટરો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યા છે, જેના કારણે માંજલપુર બેઠક પરના ચૂંટણીના સમીકરણોમાં મોટો પલટો આવવાની શક્યતાઓ નકારી શકાય તેમ નથી.




(તસવીર : અતિક શેખ, વડોદરા)

# ઉમરેઠ નજીક વિચિત્ર અકસ્માતમાં ડમ્પરે કિશોરને કચડ્યો

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૪

આણંદ જિલ્લાના ઉમરેઠ નજીક આવેલ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ નજીક પુરઝડપે જઈ રહેલ બાઈકચાલકે અચાનક સ્ટેરિંગ ઉપરથી કાબૂ ગુમાવતાં બાઈક ડિવાઈડર સાથે અથડાયું હતું. જેને કારણે બાઈક પાછળ બેઠેલ ૧૭ વર્ષનો કિશોર ઉછળીને સામેની સાઈડના રોડ ઉપર પટકાતા પૂરઝડપે આવી ચડેલા ડમ્પર નીચે કચડાઈ જતાં કિશોરનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

મૂળ મધ્યપ્રદેશના હાલ ગોંડલ તાલુકાના પીપળીયા ગામ સિનરજી કંપની નજીક રહેતાં રમેશભાઈ દેવાભાઈ હઠીલા મજૂરી કામ કરે છે. તેમનો દીકરો અજય ઉંમર વર્ષ ૧૭ ફુવા રસુલભાઈ મનુભાઈ બીલવાળ સાથે દાહોદથી પ્રફુલભાઈ રમણભાઈ દાફડાની મોટર સાઈકલ લઈને રાજકોટ જવા માટે નીકળ્યાં હતાં.

દરમિયાન ઉમરેઠ નજીક સેન્ટ ઝેવિયર્સ સ્કૂલથી થોડે આગળ રોડ ઉપરથી પસાર થતાં હતાં. ત્યારે અચાનક રસુલભાઈએ બાઈકના સ્ટેરિંગ ઉપરથી કાબૂ ગુમાવી દેતા બાઈક સીધું ડીવાઈડર સાથે ધડાકાભેર અથડાતાં તેઓ રોડ ઉપર પટકાયા હતાં જ્યારે બાઈક પાછળ બેઠેલ અજય ડીવાઈડર કૂદી સામેની સાઈડે રોડ પર પટકાતા સામેથી આવતાં ડમ્ફર નીચે આવી જતાં માથાના પાછળના ભાગે, પેટના નીચેના ભાગે, હાથે - પગે ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજા પહોંચતાં તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટનાને લઈને આજુબાજુના લોકો દોડી આવ્યાં હતાં. આ અંગે રમેશભાઈ દેવાભાઈ હઠીલાએ ઉમરેઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે બાઈકચાલક રસુલભાઈ મનુભાઈ બીલવાળ વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નડિયાદ મહાનગરપાલિકા સહિત પંચાયતોમાં ઊભેલા ૫૯૦ ઉમેદવારોનું ભાવિ આજે સીલ થશે

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૫

ખેડા જિલ્લાની નડિયાદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને ચાર નગરપાલિકાઓની સામાન્ય તથા પેટા ચૂંટણી માટે આવતીકાલે રવિવારે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ચૂંટણીમાં જિલ્લા પંચાયતની કુલ ૪૨ બેઠકોમાંથી સાત બિનહરીફ બનતા બાકીની ૩૫ બેઠકો માટે ૮૨ ઉમેદવાર મેદાનમાં છે આની સાથે સાથે વિવિધ નવ તાલુકા પંચાયતોની બાકી રહેલ કુલ ૧૫૫ બેઠકો પર રસાકસી જામશે. જેને ૩૬૧ ઉમેદવારનું ભાવિ સીલ થશે. વહીવટી તંત્ર દ્વારા સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે, જ્યારે દરેક મથકો પર આરોગ્યની ટીમો પણ કાર્યરત રહેશે. ખેડા જિલ્લાની તાલુકા પંચાયતની બેઠકોની વિગતે વાત કરીએ તો નડિયાદ (ગ્રા) તાલુકા પંચાયતની ૨૨માંથી ૫ બિનહરીફ થતાં હવે ૧૫ બેઠકો પર ચૂંટણીની જાશે જેમાં ૩૯ ઉમેદવાર મેદાન છે વસોની ૧૬ બેઠકોની ચૂંટણીમાં ત્રણ બેઠકો બિનહરી બનતા હવે બાકીની ૧૩ બેઠકો પર ચૂંટણી થઈ જશે જેમાં ૩૨ ઉમેદવાર મેદાનમાં છે માતરની ૨૦ બેઠકો માટે ૪૭ ઉમેદવાર મેદાનમાં છે, ખેડાની ૧૮ બેઠકોમાંથી સાત બિન હરીફ બનતા હવે ૧૧ બેઠકો માટેની ચૂંટણીમાં ૨૭ ઉમેદવાર મેદાનમાં છે, મહેમદાવાદની ૨૬ બેઠકોની ચૂંટણીમાં ચાર ઉમેદવાર ૨૨ બેઠકો માટે ૪૭ ઉમેદવાર મેદાનમાં છે. મહુધાની ૧૮ બેઠકોમાંથી એક બિનહરીફ થતા બાકીની ૧૭ બેઠકો માટે ચૂંટણીમાં ૪૦ ઉમેદવાર મેદાનમાં છે, ફાગવેલ તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે ૩૭ ઉમેદવાર મેદાનમાં છે. ઠાસરાની ૨૨ બેઠકોમાંથી બે બિનહરીફ બનતા બાકીની ૨૦ બેઠકો માટે ૫૦ ઉમેદવાર મેદાનમાં છે અને ગળતેશ્વર તાલુકા પંચાયતની ૧૮ બેઠકોમાંથી એક બિનહરીફ બનતા ૧૭ બેઠકો માટેની ચૂંટણીમાં ૪૨ ઉમેદવાર મેદાનમાં છે. હવે, નવ તાલુકા પંચાયતની ૧૭૬ બેઠકોમાંથી ૨૩ બિનહરીફ બની હતી એટલે કે બાકીની ૧૫૩ માટે ૩૦૧ ઉમેદવાર મેદાનમાં છે. આ ઉપરાંત કણજરી કઠલાલ કપડવંજ અને ઠાસરા નગરપાલિકાની સામાન્ય અને મહુધા અને મહેમદાવાદ નગરપાલિકાની પેટા ચૂંટણીમાં થઈને કુલ ૧૫૬ બેઠકો હતી જેમાંથી ૧૯ બેઠકો બી નદી બનતા ૧૩૭ બેઠકો માટે ચૂંટણી મેદાનમાં ૩૦૬ ઉમેદવાર છે. શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

# વડોદરા : RTOની APK ફાઈલ ડાઉનલોડ કરતા જ રેલવે સુપરવાઈઝરના રૂા.૧૨.૮૬ લાખ ઉપડી ગયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૫

વડોદરાના ન્યુ સમા રોડ વિસ્તારમાં રહેતા રેલવેના એક કર્મચારીને આરટીઓના નામે આવેલી ફાઈલ ડાઉનલોડ કરતા ૧૨.૮૬ લાખ ગુમાવવા પડ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ન્યુ સમા રોડના નિશિગંધ ફ્લેટ્સમાં રહેતા અને બાજવા રેલવે ખાતે સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા અવનીશભાઈ સોનીએ પોલીસને કહ્યું છે કે, ગત તા.૧૮મી જાન્યુઆરીએ મારા મોબાઈલ ઉપર અજાણા નંબર ઉપરથી આરટીઓની એપીકે ફાઈલ આવી હતી.

હું ઈન્દોરથી મારા ભાઈની કાર લાવ્યો હોવાથી મને શંકા થઈ હતી અને ઈન્દોરના વાહનનો મેમો આવ્યો હશે તેમ માનીને મેં ફાઈલ ડાઉનલોડ કરી હતી. આ સાથે જ મારૂં સીમકાર્ડ બંધ થઈ ગયું હતું અને મોબાઈલ હેક થઈ ગયો હતો. સુપરવાઈઝરે કહ્યું છે કે, મેં રેલવે ઓફિસમાં જાણ કારી સીમકાર્ડ ચાલુ કરાવ્યું ત્યારે મારા એકાઉન્ટમાંથી રૂા.૨૪,૪૨૭નો હપ્તો કપાતા મને આશ્ચર્ય થયું હતું. જેથી તપાસ કરાવતા મારા નામે રૂા.૧૨.૮૬ લાખની લોન લેવામાં આવી હોવાની અને તેનો હપ્તો કપાયો હોવાની માહિતી જાણવા મળી હતી. મેં આવી કોઈ લોન લીધી નહીં હોવાથી સાયબર સેલને જાણ કરી હતી. વડોદરા સાયબર શૈલેષ આ બાબતે ગુનો નોંધ બેન્ક એકાઉન્ટની વિગતો મેળવી તપાસ શરૂ કરી છે.

# ચૂડાના છલાળા ગામે ખેતરના પાણીના ખાડામાં પડી જતાં બાળકનું મોત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૫

ચૂડા તાલુકાના છલાળા ગામે આઠ મહિનાનું બાળક ખેતરમાં પાણીના ખાડામાં પડી જતાં તેનું મોત નિપજવા પામ્યું છે. દાહોદ જિલ્લાના વાઘનળના વતની સુરેન્દ્રનગરના ચુડા તાલુકાના છલાડા ગામે પરિવાર સાથે ખેતરમાં રહી અને ખેત મજૂરી કરતા હતા અને પોતાનું જીવન ધોરણ ચલાવતા હતા તે દરમિયાન તેમને ૮ મહિનાનું બાળક અચાનક ખેતરમાં પાણીના ખાડામાં પડી જતા ડૂબી જવાથી તેનું મોત નિપજવા પામ્યું હતું ત્યારે અચાનક આ પ્રકારની ઘટના બનતા ખેત મજૂર ઉપર પણ આભ ફાટી પડવા પામ્યું હતું. આજુબાજુના લોકો દ્વારા બાળકને પાણીમાંથી શોધી અને ત્યારબાદ બહાર કાઢવામાં આવતા અને હોસ્પિટલે લઈ જવામાં આવતા તેને મૃત જાહેર કરવામાં આવ્યું હતું. આ અંગે પીએમ કરી અને વધુ તપાસ દ્વારા શરૂ કરવામાં આવી છે.

# મહેમદાવાદ પોલીસે વિદેશી દારૂ, બાઈક અને મોબાઈલ મળી કુલ રૂા. ૨.૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

## શત્રુંડા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અંકિત પટેલ સામે ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૫

મહેમદાબાદ પોલીસે બાતમીના આધારે પકડેલા દારૂ સાથે પકડાયેલા આરોપીઓએ સનસનાટી ભર્યો ખુલાસો કર્યો છે આરોપીઓને જણાવ્યું હતું કે આ દારૂ ચૂંટણીમાં વહેંચવા માટે ઉમેદવારના ટેકેદાર દ્વારા મંગાવવામાં આવ્યો છે જેથી પોલીસે મહેમદાવાદ તાલુકા પંચાયતની ચૂંટણીના કોંગ્રેસના ઉમેદવાર અંકિત પટેલ સામે પણ ગુનો દાખલ કર્યો છે. જેના પગલે રાજકીય ગરમાવો છવાયો છે. મળતી માહિતી મુજબ મહેમદાવાદ પોલીસ સ્ટેશનના સ્ટાફને બાતમી મળી હતી કે અકલાચા ચોકડી પાસે મુરજી મહારાજના મંદિર પાછળ ગૌચરમાં કેટલાક ઈસમો વિદેશી દારૂના જથ્થા સાથે ઉભા છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી રેડ કરી હતી. પોલીસને જોતા જ ત્યાં ઉભેલા ઈસમોએ ભાગવાની કોશિશ કરી હતી, પરંતુ પોલીસે કોર્ડન કરી ત્રણ ઈસમોને સ્થળ પર જ ઝડપી પાડ્યા હતા. પકડાયેલા ઈસમોની પૂછપરછ કરતા તેઓના નામ કલ્પેશ ઉર્ફે હુકાભાઈ ડાભી, જયંતિભાઈ નટુભાઈ પરમાર અને રસીકભાઈ લક્ષ્મણભાઈ ગોહેલ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ઘટનાસ્થળે તપાસ કરતા મોટરસાયકલ અને પ્લાસ્ટિકની કોથળીઓમાંથી વિદેશી દારૂની કુલ ૧૦ મોટી બોટલો અને ૩૫૫ નાની બોટલો (ક્વાટર) મળી આવી હતી. જેની કુલ કિંમત રૂા.૭૩,૨૦૦ આંકવામાં આવી છે. આ ઉપરાંત પોલીસે આરોપીઓ પાસેથી રૂા.૯૦,૦૦૦ની કિંમતના બે હોન્ડા એક્ટિવા, રૂા.૫૦,૦૦૦નું સ્પલેન્ડર પ્લસ મોટરસાયકલ અને રૂા.૩૦,૦૦૦ની કિંમતના ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨,૧૩,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ દરમિયાન તેઓએ કબૂલાત કરી હતી કે, આ દારૂનો જથ્થો અકલાચા ગામના અંકિત વનરાજભાઈ પટેલ ના ટેકેદારોએ મંગાવ્યો હતો. અંકિત પટેલ મહેમદાવાદ તાલુકા પંચાયતની શત્રુંડા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યો છે. આ દારૂનો જથ્થો રિછોલના સબુરભાઈ મગનભાઈ પરમારે પૂરો પાડ્યો હોવાનું પણ તપાસમાં ખુલ્યું હતું. પોલીસે આ મામલે પકડાયેલા ત્રણેય આરોપીઓ સહિત દારૂ મંગાવનાર ઉમેદવાર અંકિત વનરાજભાઈ પટેલ, ભાર્ગવભાઈ અંબાલાલ પટેલ અને સબુરભાઈ મગનભાઈ પરમાર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલમાં મુખ્ય સૂત્રધાર ગણાતા ઉમેદવાર અંકિત પટેલ અને અન્ય બે આરોપીઓ ફરાર હોવાથી પોલીસે તેઓને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. ચૂંટણીમાં દારૂની વહેંચણી થાય છે તે બાબત જગ જાહેર છે પરંતુ કોઈ ઉમેદવાર દ્વારા દારૂ મંગાવવામાં આવ્યો હોવાની કાયદેસરની ફરિયાદ ભાગ્ય જ નોંધાય છે મહેમદાવાદમાં નોંધાયેલી આ ફરિયાદને આધારે પોલીસ ઉમેદવારને શોધવા કામે લાગી છે ચૂંટણીના દિવસે ઉમેદવાર નજરે પડશે તો પોલીસને ચોક્કસ પકડશે.. આ મામલે રાજકીય કાવાદાઓ તો નથી ને ? એ પ્રશ્ન પણ ઉઠ્યો છે.

# સુરેન્દ્રનગર ખાતે પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



સુરેન્દ્રનગર સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારના ટાવર ચોક, ઘાંચીવાડ, ટાંકી ચોક વિસ્તાર, પોપટપરા, મહેતા માર્કેટ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવેલ. આ ફૂટ પેટ્રોલિંગ દરમ્યાન વાહન ચેકિંગ કરી વાહન ડિટેઈન, એન.સી દંડ, એમ.સી.આર, લિસ્ટેડ બુટલેગરો ચેક કરવાની કામગીરી કરવામાં આવેલ હતા.

### જિલ્લા તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવા સાથે કડક બંદોબસ્ત પણ ગોઠવાયો

# અમદાવાદ મહાપાલિકા સહિત જિલ્લામાં ૫૫૧૪ મતદાન મથકો પર મતદાન

### રિસીવીંગ- અને ડિસ્પેચીંગ સેન્ટરની કલેક્ટરે મુલાકાત લઈ સમીક્ષા કરી



રિસીવીંગ ડિસ્પેચીંગ સેન્ટર પરથી EVM સહિતની ચૂંટણીલક્ષી સામગ્રી મેળવી જે તે ફાળવેલ મતદાન મથક પર ચૂંટણી કર્મીઓ રવાના થયા હતા.

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૫

અમદાવાદ મહાનગર પાલિકા તથા તાલુકા-જિલ્લા પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણીઓ માટે આવતીકાલ તા. ૨૬ એપ્રિલે યોજાનારી મતદાન પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ચૂંટણીને લઈ પોલીસનો કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બીજી તરફ તૈયારીઓના ભાગરૂપે, જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી સુજીત કુમારે આજે વિવિધ રિસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટરોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન કલેક્ટરે ઈવીએમ (EVM) સ્ટોરેજ, સ્ટાફની ફાળવણી અને કેન્દ્રો પર ઉપલબ્ધ પાયાની સુવિધાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી, સમગ્ર કામગીરીની સમીક્ષા કરી હતી અને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ પણ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં કુલ ૨૮ જેટલાં રિસીવિંગ-ડિસ્પેચિંગ કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં છે. જેમાં અમદાવાદ મહાનગર પાલિકામાં ૧૬, જિલ્લા અને તાલુકા પંચાયત માટે ૯ અને નગરપાલિકાનાં ૩ કેન્દ્ર પરથી ઈવીએમ રિસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર કાર્યરત્ છે આ બધા સેન્ટર પરથી આજે પોલિંગ સ્ટાફ દ્વારા ઈવીએમ સહિતની તમામ સામગ્રી લઈને જે તે મતદાન મથક તરફ રવાના થયા હતા. સમગ્ર જિલ્લામાં અમદાવાદ મહાપાલિકામાં ૪૨૫૭ મતદાન મથક, જિલ્લા અને તાલુકા પંચાયતનાં ૧૧૨૫ કેન્દ્ર જ્યારે ત્રણ નગરપાલિકા માટે કુલ ૧૩૨ મતદાન મથક પર મતદાન થનાર છે. આ સમગ્ર પ્રક્રિયાને સુચારુ રીતે પાર પાડવા માટે જિલ્લામાં ૨૭ હજારથી વધુ પોલિંગ સ્ટાફ સહિત કુલ અંદાજે ૩૦ હજારથી વધુ કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં જોડાયા છે. અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૪૮ વોર્ડ માટે ૬૫૨ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે બે બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. અમદાવાદ મહાનગરપાલિકામાં ૩૮ લાખ મતદારો મતદાન કરશે. અમદાવાદ જિલ્લા કલેક્ટર ઓફિસથી પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૪૨૫૭ બુથ ઉપર મતદાનનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ૯૭૭૮ બેલેટ યુનિટ અને ૪૮૮૮ કંટ્રોલ યુનિટ ઉપયોગમાં લેવાશે .અમદાવાદ જિલ્લામાં ૬૫૦૦થી વધુ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. જેમાં ૨૭ હજાર ચૂંટણી સ્ટાફ, અઢી હજાર મદદગાર સ્ટાફ ચૂંટણી દરમિયાન ફરજ બજાવશે. વધુમાં કલેક્ટર સુજીતકુમારે જણાવ્યું હતું કે, સમગ્ર અમદાવાદ જિલ્લામાં ચૂંટણી માટે ૬૫૦૦ કરતા વધારે મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. પોલીસ અને હોમગાર્ડના કુલ ૨૨ હજાર જેટલા જવાનો પણ મતદાન મથક પર ચુસ્ત વ્યવસ્થા સ્થાપિત કરવા માટે ફરજ બજાવશે. જેમાં ૧૫ હજાર પોલીસ શહેરમાં અને ૭ હજાર પોલીસ ગ્રામ્ય વિસ્તારમાં ઉપસ્થિત રહેશે. આ અંગે જિલ્લા કલેક્ટર સુજીત કુમારે જણાવ્યું કે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ સ્તરે તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. મતદારો મુક્ત વાતાવરણમાં મતદાન કરી શકે અને આ સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તેના માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ છે. વધુમાં, રિસીવિંગ-ડિસ્પેચિંગ સેન્ટર તેમજ અહીં કાર્યરત્ સ્ટાફની સુવિધા અને સુરક્ષા બાબતે પણ વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે, જેથી ઈવીએમ ડિસ્પેચિંગથી માંડીને મતદાન બાદ ઈવીએમ જમા કરાવવા અને સ્ટ્રોંગ રૂમમાં સીલ થવા સુધીની સમગ્ર પ્રક્રિયા ઝડપી અને ક્ષતિરહિત બની રહે.

### અમદાવાદ સેટેલાઈટ પો. મથકમાં ફરજ બજાવતા પો. કર્મી સામે ફરિયાદ

# પોલીસ કોન્સ્ટેબલ પતિના ત્રાસથી કંટાળી પત્નીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

### 'મે ઉનકા દુઃખ નહીં દેખ પા રહી, પાગલ હો ગઈ હું' ચીઠ્ઠીમાં લખાણ



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૫

અમદાવાદના વાસણા વિસ્તારમાં સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલની પત્નીએ પતિના માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. પતિ અવારનવાર ઝઘડા કરી મારઝુડ કરતો હતો. તેમજ પુત્રની બીમારીનો રિપોર્ટ સારો ન આવતાં પતિએ પત્નીને ઉંઘની ગોળીઓ આપી સૂવડાવી હતી. ૧૪ એપ્રિલે પતિ સાથે ઝઘડો થતાં વીડિયો વોટ્સએપ સ્ટેટ્સમાં મૂક્યો હતો. આ અંગે મૃતકના ભાઈએ પોલીસ કોન્સ્ટેબલ સામે વાસણા પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા માટે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી હતી. મૂળ રાજસ્થાનના ૩૫ વર્ષીય ગીતાબેનના લગ્ન ૨૦૧૩માં પોલીસ કોન્સ્ટેબલ અર્જુનસિંહ પુરોહિત સાથે થયા હતા. ૧૫ એપ્રિલે અર્જુનસિંહે તેના સાળાને ફોન કરીને જણાવ્યું હતું કે, દીકરાનો મેડિકલ રિપોર્ટ સારો ન આવતા ગીતા પરેશાન છે અને તે ઉંઘની ગોળીઓ લઈને સૂઈ ગઈ છે. જોકે, વીડિયો કોલમાં ગીતાબેન અર્ધબેભાન જણાતા ભાઈ તાત્કાલિક ઘરે નીકળ્યા હતા. આ દરમિયાન જેઠે ગીતાબેને આત્મહત્યા કરી હોવાની જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં મૃતકના પરિવારના સભ્યો દોડી આવ્યા હતા અને લાશની વીડિયોગ્રાફી સાથે પેનલ ડોક્ટર દ્વારા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આ દરમિયાન અર્જૂનસિંહના ભત્રીજાએ બનાવના દિવસે સવારે કાકા-કાકીનો ઝઘડો થયાની માહિતી મૃતકના ભાઈને આપી હતી. મૃતકના ઘરમાં તપાસમાં એક ચીઠ્ઠી મળી હતી જેમાં લખ્યું હતું કે, ભાઈને બોલા થા બચ્ચોં કે સામને દેખ લે... અબ બચ્ચે ભી ધોખા દે રહે હૈ. મૈં ઉનકા દુઃખ નહીં દેખ પા રહી હું. પાગલ હો ગઈ હું. મૃતક મહિલાને અગાઉ પણ પતિ સાથે અનેક વાર ઝઘડા થયા હોવાથી બે-ત્રણ વખત પિયર ગઈ હતી. ૧૪ એપ્રિલે ઝઘડો થતાં વીડિયો વોટ્સએપ સ્ટેટ્સમાં મૂક્યો હતો. પતિના ત્રાસથી કંટાળીને આપઘાત કર્યો હોવાના આક્ષેપ સાથે મૃતકના ભાઈએ અર્જુનસિંહ પુરોહિત સામે વાસણા પોલીસ સ્ટેશનમાં દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી હતી. મૃતકના ભાઈ નથુસિંહ રાજપુરોહિતે જણાવ્યું હતું કે, અમે ઉચ્ચ અધિકારીઓને પુરાવા સાથે મળીશું. અમને વિશ્વાસ છે કે અમને ન્યાય મળશે. તેમણે વધુમાં કહ્યું કે મારી બહેનના ઘરે પહોંચ્યા ત્યારે જોયું તો આત્મહત્યા છે કે હત્યા તે ખબર જ ના પડી. આરોપી પોલીસમાં હોવાથી સતાનો દુરૂપયોગ કરી રહ્યો છે.

### ચંદીગઢથી નડિયાદ પહોંચાડવા નીકળેલા રાજસ્થાનીની ધરપકડ

# અમદાવાદમાં ચૂંટણી ટાણે માલ-સામાનની આડમાં દારૂની હેરાફેરી : દારૂ ઝડપાયો

### ટ્રકમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો ૮૭ લાખનો જથ્થો મળ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં PCB દ્વારા માલ-સામાનની આડમાં કરાતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરાયો છે. નરોડા પોલીસે ચોક્કસ બાતમીના આધારે નાના ચિલોડા સર્કલથી એસ.પી. રિંગ રોડ પર દહેગામ ચોકડી તરફ જતા માર્ગ પર આવેલા એક ગામઠી રેસ્ટોરન્ટ આગળ આઈસર ટ્રકને રોકી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી મોટી માત્રામાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસ કરતા પોલીસને ટ્રકમાંથી કુલ ૨૫,૬૦૮ નંગ બોટલો અને બિયર ટીન મળી આવ્યા હતા, જેની કિંમત અંદાજે ૬૭.૫૭ લાખ થાય છે. ઉપરાંત ટ્રક, મોબાઈલ ફોન અને અન્ય સામાન સહિત કુલ ૮૭.૬૭ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. બાદમાં પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ચંદીગઢથી ટીવી સામાનની ખોટી બિલ્ટી (બનાવટી દસ્તાવેજો) બનાવી તેની આડમાં દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી. હાલ આ મામલે પોલીસે ટ્રક ડ્રાઈવર કમલસિંગ ભાનીસિંગ યાદવ (ઉંમર ૪૬, રહે. અલવર, રાજસ્થાન)ને સ્થળ પરથી જ ઝડપી પાડ્યો છે. જ્યારે આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ ફરાર હોવાનું સામે આવ્યું છે. જેમાં ગુડગાંવ, હરિયાણાના રહેવાસી રોબીન ઉર્ફે પવન યાદવ અને પ્રવિન્દરસિંહ સહિત ચંદીગઢમાં દારૂ લોડ કરનાર અજાણ્યો શખ્સ અને નડિયાદ ખાતે માલ મંગાવનાર વ્યક્તિનો સમાવેશ થાય છે.

પ્રાથમિક તપાસ મુજબ આ દારૂનો જથ્થો નડિયાદ પહોંચાડવાનો હતો. ખોટા દસ્તાવેજો બનાવી કાયદાથી બચવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસે ટ્રકમાંથી બિલ્ટી, ઈન્વોઈસ, ઈ-વે બિલ સહિતના દસ્તાવેજો પણ જપ્ત કર્યા છે, જે તપાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે. PCB દ્વારા આરોપીઓ વિરૂદ્ધ પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને ફરાર આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# ફોજદારી અદાલતોમાં ૧૫ દિવસના ઉનાળુ વેકેશનની માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં દિન-પ્રતિદિન વધી રહેલા ગરમીના પ્રકોપને ધ્યાનમાં રાખીને રાજ્યની તમામ તાલુકા અને જિલ્લા ફોજદારી અદાલતોમાં ૧૫ દિવસનું ઉનાળુ વેકેશન જાહેર કરવા માટે માગણી કરવામાં આવી છે. અમદાવાદ ક્રિમિનલ કોર્ટ બાર એસોસિએશનના પૂર્વ સીનિયર કારોબારી સભ્ય અને એડવોકેટ બ્રીજ અનિલ કેલ્લાએ આ અંગે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને જનરલ રજિસ્ટ્રારને સંબોધીને એક પત્ર લખી રજૂઆત કરી છે.

પત્રમાં જણાવ્યા અનુસાર, છેલ્લા દસ વર્ષથી રાજ્યમાં ઉનાળા દરમિયાન તાપમાન ૪૫થી ૪૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય છે, જેના કારણે સરકાર દ્વારા વારંવાર રેડ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવે છે. હાલમાં ગુજરાત હાઈકોર્ટ, ફેમિલી કોર્ટ અને ટ્રિબ્યુનલોમાં જ્યુડિશિયલ અધિકારીઓ અને ધારાશાસ્ત્રીઓને ૨૮ દિવસનું વેકેશન મળે છે, પરંતુ ૩૩ જિલ્લામાં કાર્યરત અંદાજે ૪૦ હજાર જેટલા ફોજદારી અદાલતના વકીલોને આવું કોઈ વેકેશન મળતું નથી. તેમણે રજૂઆત કરી છે કે, મોટાભાગના બાર એસોસિએશનોના રૂમમાં એસીની સુવિધા નથી, પરિણામે કાળઝાળ ગરમીમાં જ્યુડિશિયલ અધિકારીઓ, વકીલો અને પક્ષકારોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. ખાસ કરીને સિનિયર ધારાશાસ્ત્રીઓ ગરમીના કારણે કોર્ટમાં આવી શકતા નથી. આ સ્થિતિને પહોંચી વળવા મે માસના બીજા પખવાડિયામાં ૧૫ દિવસનું વેકેશન આપવા વિનંતી કરવામાં આવી છે. વેકેશનના બદલામાં કોર્ટની કામગીરી પર અસર ન પડે તે માટે એક મહત્વનું સૂચન પણ કરવામાં આવ્યું છે. પત્રમાં જણાવાયું છે કે ફોજદારી અદાલતોમાં હાલમાં જે બીજા અને ચોથા શનિવારની રજાઓ હોય છે, તેવી ૧૫ શનિવારની રજાઓ રદ કરી તે દિવસોમાં કોર્ટ કાર્યરત રાખવામાં આવે તો કામકાજની સરભર થઈ શકે તેમ છે. રાજ્યમાં હાલ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં અંદાજે ૧.૨૫ લાખ જેટલા ધારાશાસ્ત્રીઓ નોંધાયેલા છે, ત્યારે પક્ષકારો અને વકીલોના હિતમાં આ અંગે તાકીદે કોલેજિયમ મીટિંગ બોલાવી નિર્ણય લેવા માંગ કરવામાં આવી છે.

### બંને દિકરીઓ મળવા ખચકાતી હોવાનો પિતાનો આક્ષેપ

# બે દીકરીઓનું કાઉન્સેલિંગ કરવા માટેની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી

### અરજદાર પિતાને હાઈકોર્ટે રૂા.૧૦ હજારનો દંડ ફટકાર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૫

ગુજરાત હાઈકોર્ટમાં એક પિતાએ વલસાડના ફેમિલી કોર્ટના હુકમ સામે અરજી દાખલ કરી હતી. જેની માંગ હતી કે, તેની સગીર દીકરીઓનું કાઉન્સેલિંગ કરાવવામાં આવે. આ અરજી વલસાડ ફેમિલી કોર્ટે નકારી નાખી હતી. આ કેસમાં અરજદાર પતિ અને પત્ની અલગ રહે છે. જ્યારે ૭થી ૮ વર્ષની બે દીકરીઓ તેની માતા પાસે રહે છે. પિતાના જણાવ્યા મુજબ બંને દીકરીઓ તેને મળવા ખચકાય છે. ૨૪ માર્ચ, ૨૦૨૪ના રોજ પિતા જ્યારે દીકરીઓને માતા અને કુટુંબીજનોની હાજરીમાં મળ્યા ત્યારે તે પિતા સાથે વ્યવસ્થિત રીતે મળી હતી, પરંતુ ત્યારબાદ પિતા સાથે અંતર જાળવ્યું છે. ઉલ્લેખનીય છે કે, પત્નીએ પતિ પાસેથી છૂટાછેડાની અરજી વલસાડની કોર્ટમાં દાખલ કરી છે. જેમાં થયેલા સમાધાન મુજબ પિતાને પુત્રીઓને મળવા માટે નિયંત્રિત હક્ક આપવામાં આવ્યો હતો. ફેમિલી કોર્ટનું કહેવું હતું કે પિતાએ ઉપરોક્ત અરજી છુટાછેડાન કેસમાં દાખલ કરી છે. આ બાળકોની કસ્ટડીનો કેસ નથી, જેથી અરજી સુસંગત ન હોવાથી તેને નકારી નાખવામાં આવે છે. પિતાનો આક્ષેપ હતો કે, માતાની દોરવણીથી દીકરીઓ તેનાથી દૂર રહે છે. જોકે, હાઈકોર્ટે નોંધ્યું હતું કે ફક્ત અરજદાર પિતાના મનને સંતોષવા ખાતર દીકરીઓની કાઉન્સેલિંગની અરજી મંજૂર કરી શકાય નહીં. આટલી નાની ઉંમરમાં તેમના કાઉન્સિલિંગની કોઈ જરૂર નથી. ખરેખરમાં અરજદાર પતિ છૂટાછેડાની અરજીને આડા પાટે ચડાવવા પ્રયત્ન કરી રહ્યા છે. જેથી ગુજરાત હાઈકોર્ટે અરજદારને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જેને ચાર સપ્તાહમાં ફેમિલી કોર્ટ સમક્ષ જમા કરાવવાનો રહેશે. જેની રકમ દીકરીઓને આપવામાં આવશે.

# અમવા અને મહેર પરિવાર દ્વારા ડૉ. પ્રો. મહેરૂન્નિસા એમ. શરીફ દેસાઈના સન્માનમાં "ઉત્કૃષ્ટતાની ઉજવણી"





AMWAના પ્રમુખ ડૉ. પ્રો. મહેરૂન્નિસા એમ. શરીફ દેસાઈને દિલ્હી મુકામે ગ્લોબલ હ્યુમન રાઈટ્સ ટ્રસ્ટ દ્વારા "શાન-એ-ભારત રાષ્ટ્રીય પુરસ્કાર" પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત થવા બદલ "ઉત્કૃષ્ટતાની ઉજવણી"કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમના પ્રમુખ શફીભાઈ મણિયારે (પ્રખ્યાત ઉદ્યોગપતિ અને સામાજિક નેતા) મહેરૂન્નિસા બેનને અભિનંદન આપતા શાયરી દ્વારા જણાવ્યું હતું કે, તેઓનું અનોખું બહુમુખી પ્રતિભા ધરાવતું વ્યક્તિત્વ અને સાતત્યપૂર્ણ સમાજસેવા જવલ્લે જોવા મળે તેવી બાબત છે. તેમણે તેમની કામગીરીને બળ પૂરૂં પાડતાં રૂપિયા ૫,૦૦,૦૦૦નું દાન જાહેર કર્યું હતું. અમવા પરિવારના ગુલિસ્તાન કાદરીએ મહેરૂન્નિસા બેનની કામગીરીનો પરિચય આપતા જણાવ્યું કે, તેમણે ૪૨ વર્ષથી વધુની પ્રોફેસર/શિક્ષક/ઉપાચાર્ય તરીકેની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન હજારો વિદ્યાર્થીઓને પ્રેરણા આપી છે, ગુજરાત ટુડેના કટાર લેખિકા તરીકે તેઓ ગુજરાતનાં ખૂણે ખૂણે પહોંચ્યા છે અને મહિલાઓને શરિયત સાથે આધુનિક શિક્ષણ લઈ સમાજમાં યોગદાન આપવા માર્ગદર્શન આપ્યું છે અને સાથે સાથે અમવા સંસ્થા (જેની સ્થાપના ૧૯૯૧માં તેમણે તેમના મિત્રો સાથે કરી હતી) દ્વારા ઉદાહરણ રૂપ કામગીરી કરી હજારો મહિલાઓને રોજગારી પુરી પાડી છે. આ પ્રસંગે ગુજરાત ટુડે લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ એડવોકેટ સુહેલ તિરમીઝીએ ડૉ. દેસાઈના પતિ મહંમદ શરીફની સરાહના કરતા જણાવ્યું હતું કે, આપણા સમાજમાં એક મહિલા આ રીતે આગળ વધીને સમાજમાં નમુનારૂપ કામગીરી કરી રહી છે તેનો શ્રેય તેમના પતિને જાય છે, અન્યોએ પણ આમાંથી પ્રેરણા લઈને મહિલાઓને આગળ લાવવા પ્રયત્ન કરવા જોઈએ. સમાજના લબ્ધપ્રતિષ્ઠ આગેવાનો જનાબ રજાક મેમણ (પ્રમુખ,સ્કાયલાર્ક), જનાબ ઈલિયાસ મન્સૂરી, જનાબ કાદરભાઈ, જનાબ રિઝવાન કાદરી, શેલા કાદરી, જાકેરા કાદરી વગેરેએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### અકસ્માત સર્જાતા ગ્રામજનોમાં આક્રોશ ફાટી નીકળ્યો

# વંથલીમાં ગામના યુવાનને અડફેટે લેતા લોકોએ ડમ્પર સળગાવ્યું !

### લોકોએ કાયદો હાથમાં લઈ અન્ય ડમ્પરમાં કરી તોડફોડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

વંથલી તાલુકાના કણજડી ગામે આજે અકસ્માતની એક ઘટના બાદ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પૂરપાટ ઝડપે આવતા એક ડમ્પરે ગામના યુવાનને અડફેટે લેતા ગ્રામજનોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો, જેમાં એક ડમ્પરને આગ ચાંપી દેવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, વંથલીના કણજડી ગામ પાસેથી પસાર થઈ રહેલા એક ડમ્પર ચાલકે ગામના જ એક યુવાનને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યુવાન ગંભીર રીતે ઘવાતા ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ડમ્પર ચાલકોની અવારનવારની બેદરકારીથી કંટાળેલા લોકોએ કાયદો હાથમાં લીધો હતો. જેમાં રોષે ભરાયેલા ગ્રામજનોએ સ્થળ પર રહેલા એક ડમ્પરને સળગાવી દીધું હતું, જેના કારણે વાહન બળીને ખાખ થઈ ગયું હતું. આટલેથી ન અટકતા, લોકોએ અન્ય ૩ ડમ્પરના કાચ તોડી નાખ્યા હતા અને રસ્તા પર ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. હંગામાને કારણે વાહનવ્યવહાર કલાકો સુધી ખોરવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ વંથલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે સમગ્ર બનાવ અંગે કાયદેસરની કાર્યવાહી કરવા સાથે તપાસ હાથ ધરી છે.

### ઈન્સ્ટાગ્રામની માયાજાળમાં ફસાઈ ઘરેથી કહ્યા વિના નાસી હતી

# ગોંડલથી કલકત્તા જવા નીકળેલી સગીરાને ટ્રેનમાંથી પોલીસે ઉતારી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

સોશિયલ મીડિયાના યુગમાં બાળકો કેવી રીતે અજાણ્યા લોકોની જાળમાં ફસાઈ રહ્યા છે, તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ગોંડલની એક ૧૫ વર્ષની સગીરા ઈન્સ્ટાગ્રામ પર કલકત્તાના એક અજાણ્યા યુવકના સંપર્કમાં આવ્યા બાદ ઘર છોડીને ભાગી નીકળી હતી. જો કે, પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને ત્વરિત કાર્યવાહીના જોરે ગણતરીના કલાકોમાં આ સગીરાને ટ્રેનમાંથી શોધી કાઢી સુરક્ષિત રેસ્ક્યુ કરી છે. ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ, ગોંડલની આ ૧૫ વર્ષીય સગીરા ઈન્સ્ટાગ્રામ પર અજાણ્યા વ્યક્તિની વાતોમાં આવી ગઈ હતી અને તેના કહેવાથી કોઈને કહ્યા વગર ઘરેથી કલકત્તા જવા રવાના થઈ હતી. પરિવારજનોએ સગીરા ગુમ થયાની જાણ કરતા જ એલસીબી અને રેલવે પોલીસ એક્શન મોડમાં આવી હતી. પોલીસે સગીરાના મોબાઈલ લોકેશન અને સોશિયલ મીડિયા એકાઉન્ટનું ટેક્નિકલ સર્વેલન્સ કરતા ચોક્કસ લીડ મળી હતી કે, તે ટ્રેન મારફતે રાજ્ય બહાર જવાની ફિરાકમાં છે. માહિતી મળતા જ અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એલસીબી અને રેલવે પોલીસે સંયુક્ત ઓપરેશન ચલાવી ટ્રેનના કોચમાં તપાસ કરી હતી, જ્યાંથી આ સગીરા મળી આવી હતી. પોલીસની સમયસૂચકતાને કારણે એક મોટી અનિચ્છનીય ઘટના ટળી હતી. સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યા બાદ બાળકીને સલામત રીતે આણંદ જીઆરપીને સોંપવામાં આવી છે. પોલીસે હાલ આ મામલે ઈન્સ્ટાગ્રામ પર સંપર્ક કરનાર અજાણ્યા શખ્સ વિરૂદ્ધ તપાસ તેજ કરી છે અને વાલીઓને પોતાના બાળકોના સોશિયલ મીડિયા વપરાશ પર નજર રાખવા અપીલ કરી છે.


**નામ બદલેલ છે**

મારૂ નામ અશોકભાઇ ગાભાભાઇ પરમાર હતું તે બદલીને અશોકભાઇ ગાભાભાઇ સેનમા કરેલ છે

છાપરા વાસ,પામોલ ગામ, તા.વિજાપુર,જી.મહેસાણા,૩૮૨૮૨૦

**નામ બદલેલ છે**

મે મારૂ જૂનુ નામ **શૌકતઅલી રીયાસતઅલી** થી બદલી નવું નામ **શૌકતઅલી રીયાસતઅલી અન્સારી** રાખેલ છે.

સરનામું : ૪, અમીરનુર નગર, પોલીસ સ્ટેશન પાછળ, સાઈબાબા સોસાયટી સામે, વટવા, અમદાવાદ.૩૮૨૪૪૦

# જાદવપુર યુનિવર્સિટી અંગે મોદીની ટિપ્પણી પર મમતાનો વળતો પ્રહાર : 'તમે જેને અરાજકતા કહો છો તે લોકશાહીની ગતિશીલતા છે'

(એજન્સી) કોલકાતા, તા.૨૫

જાદવપુર યુનિવર્સિટીમાં "અરાજકતા" અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તૃણમૂલ કોંગ્રેસની ટીકા કર્યા પછી, મુખ્યમંત્રી મમતા બેનરજીએ વળતો પ્રહાર કરતા કહ્યું કે તેમની ટિપ્પણીઓ "ગુણવંત વિદ્યાર્થીઓ" નું અપમાન છે અને જેને તેઓ અરાજકતા કહી રહ્યા છે તે હકીકતમાં "લોકશાહીની ગતિશીલતા" છે. જાદવપુરમાં એક રેલીને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું કે યુનિવર્સિટી એક સમયે વિશ્વભરમાં ઉચ્ચ સન્માન ધરાવતી હતી. તેનો પાયો રાષ્ટ્રવાદની ભાવના પર નાખવામાં આવ્યો હતો. હવે પરિસ્થિતિ જુઓ. વિદ્યાર્થીઓને ધમકીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રાષ્ટ્ર વિરોધી પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. અમે અરાજકતા નહીં પણ શૈક્ષણિક વાતાવરણ ઈચ્છીએ છીએ. જે સરકાર પોતાની સૌથી મોટી યુનિવર્સિટીને બચાવી શકતી નથી, તે રાજ્ય અને તેના યુવાનોનું ભવિષ્ય કેવી રીતે બચાવી શકે ?

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ મોદીને સંબોધિત પોસ્ટમાં તરત જ વળતો પ્રહાર કર્યો હતો. મમતા બેનરજીએ કહ્યું કે: "મને એ પૂછતા દુઃખ થાય છેઃ શું તમે આ રીતે આદરણીય જાધવપુર યુનિવર્સિટીના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું વર્ણન કરો છો ? શું આ તમારી શિષ્ટાચાર અને સૌજન્યની વિભાવના છે? જાધવપુર યુનિવર્સિટી તમારી સરકારના NIRF રેન્કિંગ ફ્રેમવર્કમાંથી વર્ષ-દર-વર્ષ ટોચના ક્રમાંક પ્રાપ્ત કરી રહી છે, અને તમે તે શ્રેષ્ઠતા કેન્દ્રનું અપમાન કરી રહ્યા છો ? તમે આટલા નીચા ઉતરી ગયા છો ? જાધવપુર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ મેરિટ દ્વારા પોતાનું સ્થાન મેળવ્યું છે અને ડિગ્રીઓ, બુદ્ધિ અને પ્રશ્ન કરવાની ક્ષમતા સાથે બહાર નીકળ્યા છે. તે અરાજકતા નથી. તે શિક્ષણ છે અને તે જ શ્રેષ્ઠતા છે.

તેણીએ કહ્યું કે : "વિદ્યાર્થીઓ દ્વારા અવાજ ઉઠાવવાનો અર્થ અરાજકતા નથી. અરાજકતા એ ન્યાયને બદલે બુલડોઝરનો ઉપયોગ શક્તિના સાધન તરીકે કરે છે. અરાજકતા એ છે કે જ્યારે ખેડૂતો મૃત્યુ પામે છે અને તેમના અવાજને કચડી નાખવામાં આવે છે. અરાજકતા એ છે કે જ્યારે બળાત્કાર અને અન્ય જઘન્ય



ગુનાઓના દોષિતો રાજકીય સુવિધા સાથે મુક્ત ફરે છે. અરાજકતા ગરીબોને તેમના હકનો ઈનકાર કરવાનો છે. અરાજકતા મત માટે ધાર્મિક ધોરણે રાષ્ટ્રને વિભાજીત કરવાનો છે. અરાજકતા એ પ્રેસનો સામનો કરવાનો ઈન્કાર કરવાનો છે, જવાબદારીનો ઈન્કાર કરવાનો છે, પ્રશ્નોનો ઈન્કાર છે. અરાજકતા એ સ્વીકારવાનો ઈન્કાર છે કે મણિપુર સળગી રહ્યું છે પરંતુ તમે ચૂંટણીમાં વ્યસ્ત છો.

જેયુ દાયકાઓથી ડાબેરી રાજકારણનું કેન્દ્ર રહ્યું છે, અને ભેદભાવપૂર્ણ નાગરિકતા નીતિઓ (સીએએ અને એનઆરસી) અને કેન્દ્ર સરકાર તેમજ મમતા બેનરજી સરકાર દ્વારા વિવિધ પગલાં સામે પ્રદર્શનો કર્યા છે. જેયુના વિદ્યાર્થી સંગઠને હિન્દુ જમણેરી પાંખના સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) સાથે જોડાયેલા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા કેમ્પસમાં પોતાનો આધાર સ્થાપિત કરવાના પ્રયાસોનો પણ પ્રતિકાર કર્યો હતો.

યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનોને સમર્થન આપતા, ટીએમસી સુપ્રીમોએ કહ્યું કેઃ "વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ લોકશાહીનું ભંગાણ નથી - તે ગતિશીલ લોકશાહી છે.

# કોંગ્રેસના વિરોધ વચ્ચે ભાજપના રામ માધવે તેમના નિવેદન 'ભારત રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા સંમત થયું હતું' તેના પર પીછેહઠ કરી

(એજન્સી) ગુરુગ્રામ, તા.૨૫

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા રામ માધવે શુક્રવારે ભારત સરકાર દ્વારા રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા અને અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ માટે સંમત થવા અંગેના પોતાના નિવેદનથી પીછેહઠ કરી, અને સ્વીકાર્યું કે તેમની દલીલો "તથ્યપૂર્ણ રીતે ખોટી" હતી. તેમણે સ્વીકાર્યું કે, મેં જે કહ્યું તે ખોટું





હતો. ત્યારબાદ, ભારતે રશિયા પાસેથી ઊર્જા આયાત ઘટાડવાનો નિર્ણય લીધો હતો. માર્ચમાં, અમેરિકાએ પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વચ્ચે સમુદ્રમાં રહેલા રશિયન તેલ ખરીદવા માટે ભારતીય રિફાઈનરોને ૩૦ દિવસની છૂટ આપી હતી. કોંગ્રેસે આ મુદ્દો ઉઠાવ્યો છે, અને તેનો ઉપયોગ શાસક ભાજપ પર હુમલો કરવા માટે કર્યો છે. X પર એક પોસ્ટમાં

**ભાજપના નેતાએ વોશિંગ્ટનમાં એક પેનલ ચર્ચામાં સૂચવ્યું હતું કે ભારત રશિયન તેલ ખરીદવાનું બંધ કરવું જોઈએ અને અમેરિકા સાથે સુમેળ માટે ૫૦% ટેરિફ માટે સંમત થવું જોઈએ**

હતું. ભારત રશિયાથી તેલની આયાત ક્યારેય બંધ કરવા માટે સંમત થયું ન હતું. ઉપરાંત તેણે ૫૦ ટકા ટેરિફ લાદવાનો વિરોધ કર્યો હતો. હું અન્ય પેનલિસ્ટનો મર્યાદિત વિરોધ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરંતુ હકીકતમાં તે ખોટું હતું. હડસન યુનિવર્સિટી દ્વારા વોશિંગ્ટનમાં 'અમેરિકા-ભારત સંબંધો માટે આગળ વધવાના નવા રસ્તાઓ' પેનલ ચર્ચા દરમિયાન આ સંમત થયું. અમારા વિરોધ પક્ષની ટીકા છતાં અમે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા સંમત થયા. ભારત કોઈ વિરોધ વિના ૫૦ ટકા ટેરિફ માટે સંમત થયું છે. જે સૂચવે છે કે નવી દિલ્હીએ અમેરિકા સાથે ગાઢ જોડાણ કર્યું છે, ભલે આ પ્રયાસોને માન્યતા આપવામાં આવી ન હતી. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ મોદી સરકાર પર લખ્યું હતું કે રામ માધવે "મોદી અને તેમની સરકારના શરણાગતિ"ની વાર્તા કહી હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે મોદી માત્ર ટ્રમ્પ જે ઈચ્છે છે તે જ કરે છે. મોદી ટ્રમ્પની 'કઠપૂતળી' છે. વિપક્ષી પાર્ટીએ મજાક ઉડાવતા કહ્યું કે આ જ કારણ છે કે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતીય વડાપ્રધાન તરફથી કોઈ પ્રતિભાવ વિના ભારતને 'નરક' કહી શકે છે.

**ભાજપના નેતા રામ માધવે તેમના અગાઉના "તથ્યપૂર્ણ રીતે ખોટા" નિવેદનો પાછા ખેંચ્યા હતા જેમાં તેમણે કહ્યું હતું કે, ભારત રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા સંમત થયું હતું અને ૫૦% યુએસ ટેરિફ સ્વીકાર્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારત ક્યારેય રશિયન તેલ આયાત રોકવા માટે સંમત થયું ન હતું અને ટેરિફનો વિરોધ કર્યો હતો. તેમણે યુએસ પેનલ ચર્ચા દરમિયાન કરેલી તેમની ટિપ્પણીઓ બદલ માફી માંગી હતી. વિપક્ષ કોંગ્રેસ પાર્ટીએ આ મુદ્દા પર ભાજપની ટીકા કરી હતી.**

ટિપ્પણી કર્યા પછી ભાજપના નેતાએ વિવાદ ઉભો કર્યો. આ પેનલમાં પૂર્વ રાજદ્વારી એલિઝાબેથ થ્રેલકેલ્ડ અને યુએસ ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ, કર્ટ કેમ્પબેલ પણ હતા. તેમણે એ સમયે કહ્યું હતું કે, "ભારત ઈરાન પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા વારંવાર પ્રહારો કર્યા હતા, અને કહ્યું હતું કે તે યુક્રેનમાં યુદ્ધને વેગ આપી રહ્યું છે. વોશિંગ્ટન ડીસીએ સૌપ્રથમ ગયા વર્ષે ૧ ઓગસ્ટના રોજ ભારતીય માલ પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો, બાદમાં ૨૭ ઓગસ્ટથી તેને બમણી કરીને ૫૦ ટકા કર્યો

અમેરિકા સાથે ભારતના સંબંધો અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ, નિયમિતપણે કોંગ્રેસ દ્વારા હુમલાનો મુદ્દો રહ્યો છે, જેમણે વારંવાર આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન શરણાગતિ સ્વીકારી રહ્યા છે.

# TCS કેસ : 'ધર્માંતરણ ષડયંત્ર'ના કોઈ પુરાવા નથી : APCR રિપોર્ટ

## તથ્ય શોધ ટીમ કહે છે કે, કાર્યસ્થળના ગેરવર્તણૂક પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને FIR માં અસંગતતાઓ છે

(એજન્સી) મુંબઈ, તા.૨૫

એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ (APCR) દ્વારા એક તથ્ય શોધ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, તપાસકર્તાઓને નાસિકમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) સાથે સંકળાયેલા કાર્યસ્થળના ઉત્પીડન કેસમાં સંગઠિત 'લવ જેહાદ' અથવા ધાર્મિક પરિવર્તન ષડયંત્રના આરોપોને સમર્થન આપવા માટે કોઈ પુરાવા મળ્યા નથી. ૨૩ એપ્રિલ, ગુરૂવારના રોજ મુંબઈ પ્રેસ ક્લબ ખાતે પ્રકાશિત થયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, પાંચ સભ્યોની APCR ટીમે ૪ એપ્રિલના રોજ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે નાસિકની મુલાકાત લીધી હતી. તારણો અનુસાર, પોલીસ અધિકારીઓએ સૂચવ્યું છે કે, કેસમાં નોંધાયેલી નવ FIRમાં વિવિધ અને અસંગત આરોપો છે. આ કેસમાં 'લવ જેહાદ' એંગલને કેન્દ્રિય કથા તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. જો કે, તપાસ એજન્સીઓએ ધાર્મિક પરિવર્તનનો કોઈ સંગઠિત પ્રયાસ સ્થાપિત કર્યો નથી. તેના બદલે આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, કેસનો મુખ્ય ભાગ જાતીય સતામણી અને સંબંધિત કાર્યસ્થળના ગેરવર્તણૂકના આરોપો સાથે સંબંધિત છે, જો કે, કેટલીક ફરિયાદોમાં ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના દાવાઓનો સમાવેશ થાય છે. કોઈ વ્યવસ્થિત અથવા સંગઠિત ધર્માંતરણ પ્રવૃત્તિ દર્શાવવા માટે કોઈ નિર્ણાયક સામગ્રી નથી. APCRએ માંગ કરી છે કે, તપાસ નિવૃત્ત ન્યાયાધીશને સોંપવામાં આવે અને ફરિયાદી અને આરોપી બંનેના નાર્કો ટેસ્ટ કરાવવાની પણ માંગ કરી છે. આ પત્રકાર પરિષદમાં પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL), સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP) અને બોમ્બે કેથોલિક સભા (BCS) સહિત અનેક નાગરિક સમાજ જૂથોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. APCRના રાષ્ટ્રીય સચિવ નદીમ ખાને આરોપ લગાવ્યો કે, આ કેસ શિક્ષિત મુસ્લિમ યુવાનોને કોર્પોરેટ રોજગારમાંથી બહાર કાઢવાના "ઈરાદાપૂર્વકના પ્રયાસ"નો ભાગ લાગે છે. એવું માનવું મુશ્કેલ છે કે, કોઈને ચોવીસ કલાક ઉપવાસ રાખવા માટે દબાણ કરી શકાય છે. પોલીસ દ્વારા દાખલ





કરવામાં આવેલી FIR અનેક પ્રશ્નો ઉભા કરે છે અને તેમની ભૂમિકા શંકાસ્પદ બની ગઈ છે. પૂર્વ પત્રકાર અને નાસિક સ્થિત કાર્યકર્તા નિરંજન ટકલેએ દાવો કર્યો હતો કે, આ કેસમાં પહેલી એફઆઈઆર એક એવી વ્યક્તિની ફરિયાદ પર નોંધવામાં આવી હતી જે ન તો પીડિત હતી કે ન તો ટીસીએસ કર્મચારી છે. એફઆઈઆરમાં ઘણા આરોપો અસ્પષ્ટ હતા અને તેને સાબિત કરવા મુશ્કેલ હતા. ટકલેએ આરોપ લગાવ્યો હતો કે, નાસિકમાં સ્વયંભૂ ગોડમેન અશોક ખરાત સાથે સંકળાયેલા એક અલગ, અત્યંત વિવાદાસ્પદ જાતીય શોષણ કેસ પરથી ધ્યાન હટાવવા માટે આ વિવાદને આગળ વધારવામાં આવ્યો હોઈ શકે છે. સીજેપીના સેક્રેટરી તીસ્તા સેતલવાડએ જણાવ્યું હતું કે, આ કેસમાં કેન્દ્રિય મુદ્દો કાર્યસ્થળની સલામતી અને સંસ્થાકીય જવાબદારી હોવી જોઈએ. તેમણે ધ્યાન દોર્યું હતું કે, ૨૦૨૩-૨૪માં મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગ દ્વારા નોંધાયેલા ૧૨,૦૧૯ કેસોમાં કાર્યસ્થળ પર જાતીય સતામણીની ફરિયાદો પ્રમાણમાં ઘણી નાની હતી. ધ્યાન જાતીય સતામણી, સંસ્થાકીય પદ્ધતિઓ અને સલામત કાર્ય સંસ્કૃતિ સુનિશ્ચિત કરવા પર હોવું જોઈએ મુદ્દાને સાંપ્રદાયિક બનાવવા પર નહીં. ગુનાઓને ક્યારેય કોઈ એક જાતિ અથવા સમુદાય સાથે જોડવા જોઈએ નહીં.

# પશ્ચિમ બંગાળમાં મુકાબલો : મમતા બેનરજી તેમની વિરૂદ્ધ બાકી બધા 'અન્યો'ને લડત આપી રહ્યા છે

## ચૂંટણી પહેલા બે દિવસ માટે ઘરે મહેમાનો પર પ્રતિબંધ મૂકવાનો નિર્દેશ એ ECI દ્વારા પહેલા ક્યારેય ન કરવામાં આવેલા નિર્દેશો છે !

(એજન્સી) કોલકાતા, તા.૨૫

બંગાળમાં ચૂંટણી યુદ્ધ ચાલી રહ્યું છે. મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ, જે રાજ્યમાં ત્રણ ટર્મ અથવા ૧૫ વર્ષ સુધી અખંડ રહી છે, અને ભાજપની સંયુક્ત શક્તિ, તેના ગોલ્યાથ-એસ્ક પ્રાથમિક પ્રતિસ્પર્ધી, અને બધી કેન્દ્રીય એજન્સીઓ તેની આંગળીના ટેરવે છે, તે બંને વચ્ચે આ યુદ્ધ છે. ભારતીય ચૂંટણી પંચ (ECI), દેશમાં 'મુક્ત અને ન્યાયી' ચૂંટણીઓના સંચાલક માનવામાં આવે છે. પણ આ નિર્વિવાદ મધ્યસ્થી બંગાળમાં પોતાને પાછળ છોડી ચૂક્યું છે, અહીં તેના કારનામા મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)થી ઘણા આગળ વધી ગયા છે જેના કારણે સમગ્ર દેશમાં નાગરિક-મતદારોને મુશ્કેલી પડી રહી છે અને સમુદાયોમાં ભય છે. પશ્ચિમ બંગાળમાં મતદાનનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને બીજો તબક્કો ૨૯ એપ્રિલે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કોલકાતામાં કેમ્પિંગ કરી રહ્યા છે. ભાજપના મુખ્ય રણનીતિકાર અને દેખરેખ રાખનારની ભૂમિકા ભજવતા, તેઓ લાક્ષણિક રીતે પોતાની ચલ રમી રહ્યા છે. પ્રથમ તબક્કાના મતદાન પહેલા એક રેલીમાં, તેમણે જાહેર કર્યું કે 'ઈસીએ CAPF (સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળો) તૈનાત કર્યા છે. જો મમતા બેનરજીના ગુંડાઓ ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરશે, તો હું ખાતરી કરીશ કે ૪ મે પછી તેમને ઊંધા લટકાવી દેવામાં આવશે". સુરક્ષા બંદોબસ્ત અભૂતપૂર્વ છે. CAPF તૈનાતમાં CRPF, BSF, CISF, ITBP, SSB, NSG અને આસામ રાઈફલ્સના સૈનિકોનો સમાવેશ થાય છે, જેનાથી ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ વધ્યો છે અને તે જ રીતે TMC કાર્યકરોના ઉત્સાહને પણ કાબુમાં લેવામાં આવ્યો છે. લાખો લોકો મતદાર યાદીમાંથી બહાર રહ્યા છે. તેમ છતાં, MC કેડરે હજુ પણ પોતાનો જુનો જુસ્સો ગુમાવ્યો નથી, કારણ કે BJP નેતા સુવેન્દુ અધિકારી, વ્યક્તિગત સુરક્ષા ગાર્ડ અને સશસ્ત્ર અર્ધલશ્કરી દળોના જવાનો સાથે પ્રચાર કરી રહ્યા હતા. એક યાદગાર દ્રશ્યમાં, અધિકારી એક માણસ તરફ જોતા અને 'જય શ્રી રામ'ના બૂમો પાડતા જોવા મળે છે. તે માણસ પાછળ ફરીને 'જય બાંગ્લા !' કહે છે. મતદાનના એક મહિના પહેલા અર્ધલશ્કરી દળો રાજ્યમાં આવવા લાગ્યા હતા. ૨૦ એપ્રિલના રોજ, ધ ટેલિગ્રાફે પ્રથમ તબક્કા માટે ૨,૪૦,૦૦૦ CAPF જવાનો (૨,૪૦૭ કંપનીઓ)ની તૈનાતીનો અહેવાલ આપ્યો હતો. આ સંખ્યાને સંદર્ભમાં કહીએ તો, ૨૦૨૩માં વંશીય હિંસાના શિખર પર મણિપુરમાં ૨૮૮ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. ટીએમસી સાંસદ અને ભૂતપૂર્વ પત્રકાર સાગરિકા ઘોષે લખ્યું કેઃ 'ભાજપ બંગાળ પર એક કબજેદાર દળની જેમ ઉતરી આવ્યું છે... સેંકડો હેલિકોપ્ટર, ઝેડ-પ્લસ સુરક્ષા સાથે હજારો કાર, બિહાર, ઓડિશા, ઉત્તરપ્રદેશ અને ઝારખંડથી બસમાં કામદારો, કેન્દ્રીય દળોની સેંકડો કંપનીઓ અને સક્રિય સંઘર્ષ ઝોનમાં તૈનાત આવા બખ્તરબંધ વાહનો આવ્યા છે. દેશના વિવિધ ભાગો (કાશ્મીર સહિત)માંથી બુલેટ-પ્રૂફ બખ્તરબંધ વાહનો અહી રસ્તાઓ પર ફરી રહ્યા છે. સૈનિકો 'વિસ્તાર પ્રભુત્વ' સ્થાપિત કરવા માટે કૂચ કરી રહ્યા છે. સીપીઆઈ(એમ) - જેણે પશ્ચિમ બંગાળ પર સતત ૩૪ વર્ષ (૧૯૭૭-૨૦૧૧) શાસન કર્યું હતું, પરંતુ હવે તે વિવાદમાં નથી, અને મમતાના 'આતંકના શાસન'નો અંત જોવા માટે ઉત્સુક છે. સીપીઆઈ(એમ) નેતા વિકાસ રંજન ભટ્ટાચાર્ય, જે જાધવપુર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે, તેમણે 'ટીએમસી ગુંડાઓ'ને રોકવા માટેના પગલાંનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે, "જેઓ પહેલા ટીએમસીની ધાકધમકીથી મતદાન કરી શક્યા ન હતા તેઓ હવે નિર્ભયતાથી મતદાન કરશે. પરંતુ કોંગ્રેસના નેતા પ્રદીપ ભટ્ટાચાર્યએ લોકોમાં ભય ફેલાવવાની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો છે. ૧૫ માર્ચે ચૂંટણીની સૂચના આપવામાં આવી અને મતદાનની તારીખો જાહેર કરવામાં આવી ત્યારથી ચૂંટણી પંચ ખૂબ જ ઉત્સાહમાં છે. ૧૬ માર્ચે સવારે ૪.૦૦ વાગ્યે, રાજ્યના સૌથી વરિષ્ઠ અધિકારીઓ - મુખ્ય સચિવ, ગૃહ સચિવ, પોલીસ મહાનિર્દેશક, કોલકાતા પોલીસ કમિશનર અને એડીજી (કાયદો અને વ્યવસ્થા) - ને એક જ ઝાટકે દૂર કરવામાં આવ્યા હતા. ૪૮૩ જેટલા રાજ્ય સરકારી અધિકારીઓને તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા અને કોઈપણ પ્રકારની ચૂંટણી ફરજથી દૂર રહેવાનો આદેશ આપવામાં આવ્યો. ચૂંટણી પહેલા બદલી કરાયેલા અન્ય ત્રણ રાજ્યો (તમિલનાડુ, કેરળ, આસામ)માં કુલ માત્ર ૨૩ અધિકારીઓ છે. ECI દ્વારા બદલી કરાયેલા પોલીસ નિરીક્ષકોની પણ પસંદગી કરવામાં આવી છે. ECI પાસે એવી



માહિતી હોઈ શકે છે કે કેટલાક અધિકારીઓ શાસક પક્ષના આધીન છે અને ચૂંટણીને પ્રભાવિત કરી શકે છે, પરંતુ તેમણે કેવી રીતે નક્કી કર્યું કે કયા અધિકારીઓ તેમની જગ્યાએ લેશે ? નામો કોણે પૂરા પાડ્યા ?. મમતા બેનરજીએ પોતે ફરિયાદ કરી છે કે તેમના મતવિસ્તારના ભવાનીપુરમાં રિટર્નિંગ ઓફિસરની જગ્યાએ નંદીગ્રામના રાજ્ય સરકારના કર્મચારી (જે સુવેન્દુ અધિકારીના નજીકના તરીકે જાણીતા છે)ને લેવામાં આવ્યા હતા, જેમણે તેમના પોતાના મતવિસ્તારમાં સભા યોજવાની પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો હતો ! ચૂંટણી પંચે એવો પણ નિર્દેશ આપ્યો છે કે તમામ નાગરિક સ્વયંસેવકો અને ગ્રામ્ય પોલીસ કર્મચારીઓ - સરકારી કર્મચારીઓ નહીં પરંતુ ઓછા પગારવાળા રાજકીય રીતે નિયુક્ત છે. માર્ચમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને આવકવેરા વિભાગ તરફથી દરોડા અને નોટિસો આપવામાં આવી હતી. પ્રથમ તબક્કાના દિવસો પહેલા, ED દ્વારા ત્રણ I-PAC ડિરેક્ટરોને નવી દિલ્હી બોલાવવામાં આવ્યા હતા અને તેમાંથી એકની ધરપકડ કરવામાં આવી હતી, અહેવાલ મુજબ કન્સલ્ટન્સીને કર્મચારીઓને ૧૧ મે સુધી રજા પર જવા માટે કહેવાની ફરજ પડી હતી. એસઆઈઆર એ પશ્ચિમ બંગાળમાં ઓછામાં ઓછા ૨૭ લાખ મતદારોને મતાધિકારથી વંચિત રાખ્યા છે, જેમાંથી મુસ્લિમો અને મહિલાઓની સંખ્યા વધુ છે. ચૂંટણી પંચે રાજ્યમાં ચૂંટણી નોંધણી અધિકારીઓ (ERO)ને બાયપાસ કરીને ખાસ નિરીક્ષકો (ઉત્તર પ્રદેશમાં ૪ પરંતુ પશ્ચિમ બંગાળમાં ૩૦), માઈક્રો-નિરીક્ષકો (દેશના બાકીના ભાગમાં શૂન્ય, પશ્ચિમ બંગાળમાં ૮,૦૦૦), ૬૦૦ નિવૃત્ત અને સેવા આપતા ન્યાયિક અધિકારીઓ (અન્ય કોઈ રાજ્યમાં તૈનાત નથી)નો ઉપયોગ કર્યો છે. ચૂંટણી પંચે કરાર કરાયેલ કંપનીની ઓળખ અને તેમને સામેલ કરવાનો આધાર જાહેર કર્યા વિના, 'તાર્કિક વિસંગતતાઓ' (જે બીજે ક્યાંય મળી નથી !) શોધવા માટે સોફ્ટવેર પણ બનાવ્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર 'નિર્ણય હેઠળ' મતદારોની અપીલ સાંભળવા માટે રચાયેલા ૧૯ અપીલ ટ્રિબ્યુનલ્સે ૨૧ એપ્રિલ સુધીમાં ફક્ત ૧૩૮ અપીલો સાંભળી હતી અને ૧૩૬ના નામ પુનઃસ્થાપિત કર્યા હતા. ECI દ્વારા ટ્વીટમાં હિંસા, બૂથ જામિંગ, ધાકધમકી અને પ્રલોભન દ્વારા ભૂતકાળની ચૂંટણીઓને બદનામ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. કોલકાતાના એક રિટર્નિંગ ઓફિસરે એક સમાન અપમાનજનક ટ્વીટ પોસ્ટ કરીને લોકોને મતગણતરીના દિવસે બર્નોલ અને બોરોલીન (બળવા અને ઉઝરડા માટે લોકપ્રિય મલમ) હાથમાં રાખવા કહ્યું હતું. તે કોને સંબોધવામાં આવી રહ્યું છે તે અનુમાન લગાવવું મુશ્કેલ નથી. પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા અગાઉ ક્યારેય ન જારી કરાયેલા નિર્દેશો આપવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, મતદાન સમાપ્ત થાય તે પહેલાંના ૪૮ કલાકને બદલે, સમગ્ર રાજ્યમાં દારૂના વેચાણ પર એક અઠવાડિયાનો પ્રતિબંધ. ચૂંટણીના બે દિવસ પહેલા ઘરના મહેમાનો પર પ્રતિબંધ મૂકવાનો નિર્દેશ પણ છે! સૌથી રસપ્રદ વાત એ છે કે, ૨૩ એપ્રિલના રોજ મતદાનના પ્રથમ તબક્કાના દિવસો પહેલા, ECIએ જાહેરાત કરી કે તેણે સાત લાખ નવા મતદારો ઉમેર્યા છે. જ્યારે ૨૭ લાખ મતદારો મતદાર યાદીમાં પોતાના નામ પુનઃસ્થાપિત કરાવવા માટે દોડધામ કરી રહ્યા છે, ત્યારે આ નવા મતદારો ક્યાંથી આવ્યા છે એ એક ગંભીર પ્રશ્ન છે.

# બંગાળ ચૂંટણી : આગામી તબક્કાના મતદાન પહેલા પંચે પાંચ પોલીસ અધિકારીઓને શા માટે સસ્પેન્ડ કર્યા ?

**ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના ડાયમંડ હાર્બર ક્ષેત્રના પાંચ વરિષ્ઠ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે, જેમાં એક વધારાના એસપી અને એક એસડીપીઓનો સમાવેશ થાય છે, ઉલ્લેખનીય છે કે, બંગાળમાં તમામ પોલીસ અધિકારીઓની નિમણૂકો ચૂંટણી પંચ દ્વારા જ કરવામાં આવી હતી**

(એજન્સી) કોલકાતા, તા.૨૫

૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન નિષ્પક્ષતા અને તટસ્થતા જાળવવામાં "ગંભીર નિષ્ફળતા"ના આરોપસર ચૂંટણી પંચે પાંચ વરિષ્ઠ પોલીસ અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. વધુમાં, આ અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પંચ દ્વારા લેવામાં આવેલી આ કાર્યવાહી અંગે હવે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ભાજપના ઉમેદવારો દ્વારા કરવામાં આવેલી ફરિયાદો બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. તેનાથી વિપરીત, તૃણમૂલ કોંગ્રેસે જે અધિકારીઓ સામે કમિશનમાં ફરિયાદ નોંધાવી હતી તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ચૂંટણી સમયગાળા દરમિયાન, ચૂંટણી પંચે રાજ્ય ડીજીપીને બદલવાથી લઈને સ્ટેશન હાઉસ ઓફિસર્સ (એસએચઓ)ને દૂર કરવા સુધીના વિવિધ પગલાં લીધા છે. મતદાનનો આગામી તબક્કો ૨૯ એપ્રિલે યોજાવાનો છે. આ પગલાથી બાકીના પોલીસ અધિકારીઓને સ્પષ્ટ સંદેશ મળ્યો છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓના નામ આ પ્રમાણે છે : સંદીપ ગરાઈ, અધિક પોલીસ અધિક્ષક (એડિશનલ એસપી), ડાયમંડ હાર્બર; સજલ મંડલ, સહાયક પોલીસ અધિક્ષક (એસડીપીઓ), ડાયમંડ હાર્બર; મૌસમ ચક્રવર્તી, ઈન્સ્પેક્ટર-ઈન-ચાર્જ, ડાયમંડ હાર્બર પોલીસ સ્ટેશન; અજય બાગ, ઈન્સ્પેક્ટર-ઈન-ચાર્જ, ફાલતા પોલીસ સ્ટેશન; અને શુભેચ્છા બાગ, ઓફિસર-ઈન-ચાર્જ, ઉસ્થી પોલીસ સ્ટેશન. પોલીસ અધિકારી ઈશાની પૌલને ચેતવણી જારી કરવામાં આવી છે. સસ્પેન્ડ કરાયેલા તમામ અધિકારીઓ દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ડાયમંડ હાર્બર વિસ્તારમાં જોડાયેલા છે, જે ચૂંટણી સંવેદનશીલતાની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ચૂંટણી પંચે સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ અધિકારીઓએ "ગંભીર ગેરવર્તણૂક" કરી છે અને "તટસ્થતા જાળવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે," જે આદર્શ આચાર સંહિતા (MCC)નું સીધું ઉલ્લંઘન છે. સૂત્રોએ સંકેત આપ્યો છે કે ભાજપના ઉમેદવારોએ આ પોલીસ અધિકારીઓ સામે ફરિયાદો નોંધાવી હતી. ટીએમસીએ ટિપ્પણી કરી હતી કે આ પોલીસ અધિકારીઓ સામે ભાજપની સલાહ અને માંગણીઓનું પાલન કરવાનો ઈનકાર કર્યા પછી જ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી શા માટે મહત્ત્વપૂર્ણ છે ? ચૂંટણી પંચ દ્વારા આટલા મોટા પાયે સસ્પેન્શન લેવાની કાર્યવાહી અભૂતપૂર્વ નથી, પરંતુ સમય અને ચોક્કસ પ્રદેશ ખાસ કરીને નોંધપાત્ર છે. ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ હાલમાં ચાલી રહી છે - અથવા તેમના નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે - અને રાજ્યનો ચૂંટણી ઈતિહાસ રાજકીય હિંસા, બૂથ કેપ્ચરિંગ અને વહીવટી પક્ષપાતની ઘટનાઓથી ભરેલો છે. આવા સંદર્ભમાં, પોલીસ અધિકારીઓની તટસ્થતા લોકશાહીના સૌથી મજબૂત સ્તંભ તરીકે સેવા આપે છે. જો આ અધિકારીઓ પક્ષપાતી વલણ અપનાવે છે - પછી ભલે તે મતદાન મથકો પર હોય, ઉમેદવારોને સુરક્ષા પૂરી પાડતી વખતે હોય, અથવા ફરિયાદોના નિવારણ દરમિયાન હોય - તો સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ ઊભો થાય છે. ટીએમસીનો આરોપ છે કે ભાજપના ઉમેદવારો દ્વારા કમિશનને જે પોલીસ અધિકારીઓના નામ સુપરત કરવામાં આવ્યા હતા તે જ પોલીસ અધિકારીઓ મૂળ ECI દ્વારા





તૈનાત કરવામાં આવ્યા હતા. જોકે, જ્યારે આમાંના કેટલાક અધિકારીઓએ ભાજપની મનસ્વી માંગણીઓનું પાલન કરવાનો ઈન્કાર કર્યો, ત્યારે તેમની સામે દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી. આ ઘટનાના પરિણામો ફક્ત આ પાંચ અધિકારીઓ સુધી મર્યાદિત રહેશે નહીં. તે સમગ્ર રાજ્ય પોલીસ દળને કડક ચેતવણી તરીકે સેવા આપશે કે ચૂંટણી પંચની નજર દરેક જગ્યાએ છે. ખાસ કરીને દક્ષિણ ૨૪ પરગણા જેવા જિલ્લાઓમાં - જ્યાં વિવિધ રાજકીય પક્ષો વચ્ચે તીવ્ર હરીફાઈ છે - આ કાર્યવાહી મતદારોનો વિશ્વાસ વધારશે કે ચૂંટણીઓ નિષ્પક્ષ રીતે યોજાશે. વધુમાં, વિરોધ પક્ષો અને ચૂંટણી નિરીક્ષકોને હવે વધુ ખાતરીપૂર્વક ફરિયાદો નોંધાવવાની સત્તા આપવામાં આવશે, કારણ કે પંચે પુરાવાના આધારે તાત્કાલિક કાર્યવાહી કરવાની તૈયારી દર્શાવી છે. આ પગલાથી આગામી તબક્કામાં ફરજ પર હાજર પોલીસ અધિકારીઓને સ્પષ્ટ સંદેશ મળ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો, મતદાનનો આગામી રાઉન્ડ વધુ વિવાદાસ્પદ બનવાની શક્યતા છે. અન્ય પ્રશ્નો પણ છે. શું આ અધિકારીઓ ચોક્કસ રાજકીય દબાણ હેઠળ કાર્યરત હતા ? શું સ્થાનિક સ્તરે કોઈ પ્રકારનો નોંધપાત્ર "પ્રભાવ" હતો ? ભવિષ્યમાં આવી ઘટનાઓને અટકાવી શકાય તે માટે ચૂંટણી પંચે તેના તપાસ અહેવાલમાં આ પાસાઓ સ્પષ્ટ કરવા જોઈએ. એકંદરે, ૨૦૨૬ માં "સ્વચ્છ અને ન્યાયી" પશ્ચિમ બંગાળની ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે આ સસ્પેન્શન કેટલી હદ સુધી એક મજબૂત પગલું છે તે ૨૯ એપ્રિલે સ્પષ્ટ થશે. ચૂંટણી પંચને ખાસ કરીને પશ્ચિમ બંગાળના સંદર્ભમાં ભારે ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. કલકત્તા હાઈકોર્ટે તેના બે વિવાદાસ્પદ આદેશો પર સ્ટે આપ્યો છે. કમિશને અનેક મનસ્વી નિર્દેશો જારી કર્યા હતા - જે તુઘલક યુગના વિચિત્ર હુકમોની યાદ અપાવે છે - જેમાં મોટરસાયકલ સવારો અને તેમના પાછળ બેઠેલા મુસાફરો પર પ્રતિબંધનો સમાવેશ થાય છે. આદેશ પર સ્ટે આપતી વખતે, હાઈકોર્ટે પ્રશ્ન કર્યો હતો કે મોટરસાયકલની અવરજવરને સંપૂર્ણપણે બંધ કરીને શું પ્રાપ્ત થશે. હાઈકોર્ટે ચૂંટણી પંચની ૮૦૦ "વિવાદાસ્પદ વ્યક્તિઓ"ની યાદી પણ રદ કરી હતી. કમિશને બંગાળમાં ૮૦૦ નામોની યાદી જાહેર કરી હતી, જેમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે આ વ્યક્તિઓ ચૂંટણી પ્રક્રિયામાં વિક્ષેપ પાડી શકે છે. હાઈકોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતમાં, કોઈ વ્યક્તિ "સાચી" છે કે "ખોટી" છે તે નક્કી કરવાનું ચૂંટણી પંચના કાર્યક્ષેત્રમાં નથી. પરિણામે, તેણે કમિશનના આદેશને સ્થગિત કરી દીધો છે.

# મોડાસાનું હમશાબાદ ગામ ચૂંટણી બહિષ્કારના માર્ગે "બૂથ નહીં તો વોટ નહીં"ના નારા સાથે ગ્રામજનોમાં રોષ

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૨૫

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ગણતરીના કલાકો બાકી છે, ત્યારે મોડાસા તાલુકાના હમશાબાદ ગામમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વર્ષો જૂનું મતદાન મથક પૂર્વ સૂચના વિના બદલી નાખતા રોષે ભરાયેલા ૪૦૦થી વધુ મતદાતાઓએ ચૂંટણીનો સામૂહિક બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે.ગામમાં અત્યારે એક જ અવાજ ગુંજી રહ્યો છે: "બુથ જોઈએ, બુથ જોઈએ !" અને "બુથ નહીં તો વોટ નહીં!". ગ્રામજનોનો આક્ષેપ છે કે હમશાબાદ પ્રાથમિક શાળામાં વર્ષોથી મતદાન બૂથ કાર્યરત હતું, જેને કોઈ પણ જાણ કર્યા વગર અચાનક બંધ કરી દેવામાં આવ્યું છે. નવું મતદાન મથક ગામથી અંદાજે બે કિલોમીટર દૂર ફાળવવામાં આવતા લોકોમાં ભારે અસંતોષ છે.

વૃદ્ધો અને મહિલાઓને પડતી મુશ્કેલી એ છે કે ગામના લોકોના જણાવ્યા મુજબ, મતદાન મથક દૂર ખસેડવાને કારણે ખાસ કરીને

વૃદ્ધો અને દિવ્યાંગો માટે એટલી દૂર જવું મુશ્કેલ છે. અને મહિલાઓ અને મજૂરી કરતા લોકોનો સમય બગડશે, જેના કારણે મતદાનની ટકાવારી પર માઠી અસર પડી શકે છે. ગ્રામજનોએ આ મુદ્દે વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓને અનેકવાર રજૂઆતો કરી છે. જોકે, આક્ષેપ છે કે અધિકારીઓ એકબીજા પર જવાબદારી ઠાલવી રહ્યા છે અને કોઈ નક્કર ઉકેલ લાવવામાં આવતો નથી. યોગ્ય પ્રતિસાદ ન મળતા અંતે ગ્રામજનોએ એકસૂરે ચૂંટણી બહિષ્કારનો કડક નિર્ણય લીધો છે.

જિલ્લા ચૂંટણી તંત્ર જ્યારે 'વધુમાં વધુ મતદાન' થાય તે માટે પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે આખું ગામ મતદાનથી અલિપ્ત રહેવાની ચીમકી આપે તે ચિંતાનો વિષય છે. હવે જોવાનું એ રહે છે કે આવતીકાલે મતદાન પૂર્વે તંત્ર હમશાબાદના મતદારોને મનાવવામાં સફળ રહે છે કે પછી ગામના મતદાન મથકો ખાલી રહેશે.

# સંખેડા પાસે દારૂ સાથે કારચાલક ઝડપાયો, કોંગ્રેસના ઉમેદવારે જથ્થો મંગાવ્યો હોવાનો આક્ષેપ

## આશિષ જોશી સામે રાજકીય કિન્નાખોરીથી સાજિશની ચર્ચા ??

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૫

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને માત્ર એક દિવસ બાકી રહ્યો છે, ત્યારે ઉમેદવારો પોતાના મતદારોને રિઝવવા માટે સામ-દામ દંડ ભેદની નીતિ અપનાવી રહ્યા છે. જ્યારે કેટલાક ઉમેદવારો પોતાના મતદારો માટે ચૂંટણી દરમિયાન દારૂની રેલમછેલ કરવા માટે અન્ય જગ્યા પરથી દારૂની પેટીઓની પેટીઓ ઉતારી રહ્યા છે. સંખેડા પોલીસે બહાદુર બહાદરપુર પાસેથી રૂા.૩.૯૬ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે કારચાલક ને ઝડપી પાડ્યો છે. આ જથ્થો વડોદરા શહેરમાં કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોશીએ મંગાવ્યો હોવાનું પોલીસે જણાવી આશિષ જોશીને વોન્ટેડ જાહેર કરતા રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

સંખેડા પોલીસ સ્ટેશનની ટીમના પોલીસ કોન્સ્ટેબલ રાહુલસિંહ ઘનશ્યામસિંહ તથા એ.એસ.આઈ. રાયસંગભાઈ જેસંગભાઈ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન મોબાઈલ નાઈટ રાઉન્ડમાં રહેલા અધિકારી પાસેથી બાતમી મળી હતી કે એક નંબર વગરની ઈકો કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ બહાદરપુર તરફથી ડભોઈ તરફ જવામાં આવી રહ્યો છે.

બાતમીના આધારે પોલીસે બહાદરપુર ગામ પાસે ઓરસંગ નદીના ડાયવર્જન નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ ઈકો કાર આવતી નજરે પડતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ કાર ચાલકે વાહન સાઈડમાં ઉતારી દીધું હતું, જે રેતીમાં ફસાઈ જતા પોલીસે તેને પકડી પાડ્યો હતો.

પકડાયેલા આરોપીએ પોતાનું નામ પ્રમોદ પંચનારાયણ પાન્ડેય (ઉંમર ૨૪, રહે. ડભોઈ) હોવાનું જણાવ્યું હતું. તપાસ દરમિયાન ઈકો કારમાંથી રૂા.૩.૯૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. સંખેડા પોલીસે આરોપી પાસેથી દારૂ અને નંબર પ્લેટ વગરની ઈકો કાર રૂા.૧ લાખ અને મોબાઈલ રૂા.૫ હજાર મળી રૂા.૫.૦૧ લિખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આરોપીની દારૂનો જથ્થો કોની પાસેથી લાવ્યો હતો અને કોણે મંગાવ્યો હતો? તે બાબતે પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે વડોદરાના કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોષી નામના વ્યક્તિના સંપર્કથી પાઠ તરફથી દારૂ લાવવામાં આવ્યો હતો અને તેને પહોંચાડવાનો હતો. જેથી પોલીસે દારૂ મંગાવનાર આશિષ જોષીને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

જોકે કેટલાક લોકો આશિષ જોશી સામે રાજકીય કિન્નાખોરી રાખી તેને ફસાવવામાં આવ્યો હોવાની ચર્ચાઓ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, હરણી બોટકાંડમાં મૃતક બાળકો અને શિક્ષકોને ન્યાય અપાવવા માટે લડતમાં ઉતરેલા આશિષ જોષીને ભાજપે પક્ષ માંથી સસ્પેન્ડ કરતા કોંગ્રેસ દ્વારા તેમને કોર્પોરેશન લડવા માટે ટિકિટ આપવામાં આવી છે.

# આમ આદમી પાર્ટીના નવનીત નાવડિયાને રોકડને બદલે ટિકિટની લાલચ આપી છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૫

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે આમ આદમી પાર્ટી વિરૂદ્ધ રૂપિયા લઈને ટિકિટની વહેંચણી કરવાના આરોપોને પગલે ભારે હોબાળો મચી જવા પામ્યો છે. સમગ્ર ઘટનામાં ફરિયાદી નવનીત નાવડિયા દ્વારા આમ આદમી પાર્ટીના ઓમપ્રકાશ સહિતના આરોપીઓ વિરૂદ્ધ અંતે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે.

સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર, પુણા ગામ ખાતે સાંઈ કૃપા સોસાયટીમાં રહેતા નવનીત નાવડિયા આમ આદમી પાર્ટીમાં ઘણા સમયથી ઝોન ઈન્ચાર્જ તરીકે પણ સક્રિય હતા. સુરત મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે તેઓ અવાર-નવાર ઓમપ્રકાશ અને આકાશ મિશ્રાને મળતા હતા અને આ દરમિયાન તેઓએ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેને પગલે ઓમ પ્રકાશે નવનીત નાવડિયાને જણાવ્યું હતું કે, ચૂંટણી લડવા માટે પાર્ટીનું મેન્ટેડ ફરજિયાત હોય છે અને મેન્ડેટના આધારે જ ચૂંટણી લડ્યા બાદ કોર્પોરેટર બની શકાય છે. આ સિવાય કોઈ રસ્તો નથી હોતા. જો કે, નવનીત નાવડિયાએ પાર્ટીમાં કામગીરીનાં આધારે ટિકિટ નહીં મળે તેવું કહેતાં ઓમપ્રકાશે જણાવ્યું હતું કે, પાર્ટીને ફંડ જોઈએ અને તે મેન્ડેટ થકી જ મળે છે. જો તેઓ મને અને પાર્ટીને રૂપિયા આપે તો મેન્ડેટ મળી શકે છે. આ પ્રકારની વાતચીત થયા બાદ ગત ૮મી માર્ચના રોજ કતારગામ ખાતે ઓમપ્રકાશે તેઓને મળવા માટે બોલાવ્યા હતા. રૂબરૂ મુલાકાતમાં ઓમપ્રકાશે જણાવ્યું હતું કે, ૧૮ લાખ રૂપિયામાં તમને મેન્ડેટ મળી શકે છે. જો કે, અંતે આઠ રૂપિયામાં સોદો ફાઈનલ થયો હતો અને ૨૫મી માર્ચના રોજ કિરણચોક ખાતે નવનીતે આપના કાર્યાલયની સામે ઓમપ્રકાશને રોકડા રૂપિયા ૨.૫૦ લાખ આપ્યા હતા અને જણાવ્યું હતું કે, રજની વાઘાણી સાથે વાત થઈ ચુકી છે તમે તમારૂં ફોર્મ રેડી કરીને રાખજો. આ દરમિયાન ૨૯મી માર્ચે એટીએમમાંથી ૨૦ હજાર અને રોકડા રૂપિયા ૩૦ હજાર મળી વધુ ૫૦ હજાર ઓમપ્રકાશને આપ્યા હતા. ત્યારબાદ ઓમપ્રકાશ બાકીના બે લાખ રૂપિયાની ઉઘરાણી કરતો હતો. જેને પગલે ફરિયાદી નવનીતે જણાવ્યું હતું કે, ટિકિટ જાહેર થાય ત્યાં સુધી રાહ જુઓ અને પહેલી તથા બીજી યાદીમાં તેમનું નામ જાહેર થયું ન હતું. પોતે છેતરાયા હોવાનો આભાસ થતાં તેઓએ ધર્મેશ ભંડેરીને વાત કરતાં તેમણે તમારી પત્નીને ટિકિટ આપીશું તેમ જણાવ્યું હતું. આમ, ૧૦મી એપ્રિલે નવનીત નાવડિયા પોતાની પત્નીના નામે ફોર્મ ફર્યું હતું. જેમાં પાર્ટીના મેન્ડેટમાં રામ ધ્રુક અને સાગરની સહી કરીને કલેક્ટર ઓફિસે મોકલી આપવામાં આવશે તમે સવારે કલેક્ટર કચેરીએ ફોર્મ ભરી દેજો. આ તમામ વાતચીતને અંતે સવારે નવનીત નાવડિયાએ પોતાની પત્ની સાથે કલેક્ટર કચેરીએ ફોર્મ ભરવા પહોંચ્યા તો ત્યાં તેમના પત્નીના નામનું મેન્ડેટ ખોટું હોવાનું જાણવા મળ્યું હતું. પોતે પાર્ટીની ટિકિટની લાલચમાં છેતરાયા હોવાનું ભાન થતાં તેઓએ આ અંગે ઓપ્રકાશ સહિત તેમની સાથે ભેગા મળીને આકાશ મિશ્રા, ધર્મેશ ભંડેરી, અંકુર હિરપરા, રજની વાઘાણી અને રામ ધ્રુકનાઓએ એકબીજાના મેળાપીપણામાં મેન્ડેટના નામે ત્રણ લાખ રૂપિયા લઈને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ચૂંટણી સ્ટાફ મતદાન મથકોએ રવાના થયો

# આજે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે પાટણ જિલ્લા વહીવટી તંત્ર સજ્જ

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૨૫

પાટણ જિલ્લામાં રવિવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાશે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. શનિવારે વિવિધ ડિસ્પેચ સેન્ટરો પરથી EVM, VVPAT સહિતની ૧૪૦થી વધુ ચીજવસ્તુઓ સાથે ચૂંટણી સ્ટાફ મતદાન મથકો પર રવાના થયો હતો.

પાટણ જિલ્લા પંચાયતની ૩૨ બેઠકો માટે ૯૦ ઉમેદવારો મેદાનમાં છે. ૯ તાલુકા પંચાયતોની ૧૭૦ બેઠકો માટે ૪૨૦ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા થશે. પાટણ નગરપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ૧૧૪ ઉમેદવારો ચૂંટણી લડશે. સિદ્ધપુર નગરપાલિકામાં ૯ વોર્ડની ૩૬ બેઠકો પૈકી ૩ બિનહરીફ થતા, હવે ૩૩ બેઠકો માટે ૮૧ ઉમેદવારો મેદાનમાં છે.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં કુલ ૯,૧૨,૭૯૮ મતદારો નોંધાયા છે. પાટણ નગરપાલિકામાં ૧,૦૮,૯૯૯ અને સિદ્ધપુર નગરપાલિકામાં ૪૦,૩૭૧ મતદારો છે. રાધનપુર નગરપાલિકાની પેટાચૂંટણીમાં ૩,૭૮૯ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. દિવ્યાંગ મતદારો માટે ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ ખાસ વ્યવસ્થા કરાઈ છે.

ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી રીતે સંપન્ન થાય તે માટે તમામ અધિકારીઓની તાલીમ પૂર્ણ કરાઈ છે. સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે જિલ્લાના ૨૬૨ મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરાયા છે. જિલ્લા પોલીસ વડા વી.કે. નાયીની આગેવાનીમાં ૪ Dy.SP, ૨૩ PI, ૫૭ PSI અને ૧૧૦૮ પોલીસ જવાનો સહિત ૧૫૬૪ હોમગાર્ડ અને GRD સભ્યો તૈનાત છે. ૨ પ્લાટુન SRPF, ૧૬ QRT ટીમ, ૭૭ પોલીસ મોબાઈલ વાહન, ૧૪૭ બોડી વોર્ન કેમેરા અને ૧૦૦થી વધુ વીડિયોગ્રાફર દ્વારા સમગ્ર પ્રક્રિયા પર નજર રખાશે. પોલીસ તંત્ર દ્વારા ભયમુક્ત વાતાવરણમાં મહત્તમ મતદાન થાય તે માટે તમામ આયોજન કરાયું છે.

# હિંમતનગર : દેશકાંઠા મેમણ કાઉન્સિલ દ્વારા આયોજિત ૪૨મો સમૂહ નિકાહ સમારોહ યોજાયો



(તસવીર : ઝાકીર સૈયદ, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૨૫

હિંમતનગર : દેશકાંઠા મેમણ કાઉન્સિલ દ્વારા આયોજિત ૪૨મો સમૂહ નિકાહ સમારોહ સફળતાપૂર્વક યોજાયો, જેમાં કુલ ૧૪ જોડાઓએ સુન્નત મુજબ નિકાહ કરીને નવા જીવનની શરૂઆત કરી.

આ સમારંભમાં ખાસ ઉપસ્થિત મહેમાનોમાં પીરે તરીકત મૌલાના હઝરત અ. રહેમાન રતનપુરી (દા.બ), ડો. અ. રજાકભાઈ ખુશ્બુ (પ્રમુખ-મેમણ કાઉન્સિલ), હા. શબીરભાઈ દિયોદર (પ્રમુખ-છ પરગણા થરાદી મેમણ કાઉન્સિલ), હા. ઈસ્માઈલભાઈ ગણેરવાળા (ઈનચાર્જ પ્રમુખ ગુજરાત-રાજસ્થાન થરાદી મેમણ કાઉન્સિલ), મૌલાના સલાઉદ્દીન સાહેબ (દા.બ), મુફ્તી અ. અજીજ કડીવાલા સદર દારૂલ ઈફતા વલ ઈર્શાદ, મુફ્તી ઈરફાન સાહેબ (પેશ ઈમામ - શાહી જુમ્મા મસ્જિદ), રફીકભાઈ મેમણ (સરપંચ - ઝહીરાબાદ), હા. હાજીભાઈ દેત્રોલીવાલા (ઉપપ્રમુખ - ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશન), મો. ઐયુબ રણસીપુરવાલા (કન્વીનર - સરકારી સહાય માર્ગદર્શન વિભાગ), હા. અ. રહેમાનભાઈ (મુખ્ય ચૂંટણી કમિશનર - DMC) વગેરે મહાનુભાવોએ હાજરી આપી સમારંભને ગૌરવ આપ્યું. સમારંભના અધ્યક્ષ તરીકે સલીમભાઈ રોનકવાલા (પ્રમુખ - દેશકાંઠા મેમણ કાઉન્સિલ)એ પોતાના સંબોધનમાં વિશેષ ભાર મૂક્યો કે સૌથી બહેતરીન નિકાહ એ છે જે ઓછા ખર્ચમાં અને આસાનીથી પૂર્ણ થાય.'

આ પ્રસંગે ડો. અ. રજાકભાઈ ખુશ્બુએ પોતાના સંબોધનમાં ખાસ કરીને શિક્ષણ પર ભાર મૂકતા જણાવ્યું કે સમાજના યુવાનો માટે દુન્યવી તથા દીની બંને પ્રકારનું શિક્ષણ ખૂબ જ આવશ્યક છે. તેમણે ઉમેર્યું કે શિક્ષણ જ સમાજના વિકાસ અને પ્રગતિનો મજબૂત આધાર છે, સાહી જામા મસ્જિદના ઈમામે દેવું લઈને શાદી કરવાનાં અમલથી સમાજના લોકોને દૂર રહેવા અપીલ કરી અને સમૂહ નિકાહમાં જોડાવવા આહવાન કર્યું. સમૂહ નિકાહ સમિતિના ચેરમેન હા. ઈમ્તિયાઝભાઈ મોયદવાલાના નેતૃત્વમાં સમગ્ર આયોજન સફળતાપૂર્વક તેઓની સમગ્ર ટીમ દ્વારા પૂર્ણ થયું.કાર્યક્રમનું સુંદર સંચાલન એનાઉન્સર મો. ઐયુબ રણસીપુરવાલા દ્વારા કરવામાં આવ્યું, જ્યારે મહેમાનોનું સ્વાગત હા. સફીભાઈ દિલખુશવાલા (સેક્રેટરી - દેશકાંઠા મેમણ કાઉન્સિલ) દ્વારા કરવામાં આવ્યું. અંતમાં, આભાર વિધી સમૂહ નિકાહ સમિતિના ચેરમેન હા. ઈમ્તિયાઝભાઈ મોયદવાલા દ્વારા કરવામાં આવી અને સહકાર આપનાર સૌનો આભાર માન્યો.

## નગરપાલિકાની ચૂંટણી માટે આજે મતદાન

# ધાનેરામાં મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા વહીવટી તંત્ર કટિબદ્ધ

ધાનેરા, તા.૨૫

ધાનેરામાં સાત વોર્ડમાં યોજાનારી ચૂંટણી માટે આજે મતદાન પ્રક્રિયાને લઈ વહીવટી તંત્ર સંપૂર્ણ તૈયારીઓ સાથે સજ્જ બન્યું છે.

ગત રોજ મોડી સાંજ સુધી આદર્શ નર્સિંગ કોલેજ ખાતેથી મતદાનની તૈયારીરૂપે ઈવીએમ મશીનો સાથે પ્રિસાઈડિંગ ઓફિસર અને સ્ટાફને પ્રાંત ઓફિસર દ્વારા જરૂરી માર્ગદર્શન આપી તમામ બૂથ પર મોકલી આપવામાં આવ્યા હતા.

ભારે ગરમીને ધ્યાનમાં રાખી મતદારોને કોઈ તકલીફ ન પડે તે માટે દરેક બૂથ પર પીવાના પાણીની વ્યવસ્થા, છાંયડા માટે મંડપ તેમજ મેડિકલ ટીમ તૈનાત કરવામાં આવી છે. સાથે સાથે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. વહીવટી તંત્ર દ્વારા મતદારોને નિર્ભય અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપની જ જીત થશે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

અમદાવાદ, તા.૨૫

પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે રાજ્યમાં તાલુકા-જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ છે. રાજ્ય-કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભ વ્યક્તિ-વ્યક્તિ સુધી પહોંચ્યા છે. સામૂહિક સુવિધાઓ પણ ગામેગામ પહોંચી છે. રાજ્યનો સર્વાંગી વિકાસ પણ પ્રજાએ જોયો છે, અનુભવ્યો છે.



મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી અને તમામ મંત્રીઓ, પક્ષ પ્રમુખ અને તેમની ટીમ ઉપરાંત લાખો કાર્યકરોની ટીમ દ્વારા પ્રચાર પણ અસરકારક થયો છે. હવે મતદાન ઉપર જ સફળતાનો આધાર છે. બહેનો "પહેલા મતદાન પછી ઘરકામ"નું સુત્ર લઈ ઘરે-ઘરે જઈને માતાઓ બહેનોને વિનંતી કરીએ. વડીલોનું મતદાન પણ સવારે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં થઈ જાય તેવું આયોજન કરવા સૌને અપીલ અને વિનંતી કરૂં છું. સો ટકા જીત કમળની જ છે.

## સંતરામપુર ખાતે

# ચૂંટણી કામગીરીમાં ગેરહાજર રહેતા ધરપકડ વોરન્ટ ઈસ્યૂ કરાયું

(સંવાદદાતા દ્વારા)
સંતરામપુર, તા.૨૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઝોનલ ઓફિસર તરીકે નિમણૂક આપેલ અધિકારી ગેરહાજર રહ્યા બાદ નોટિસની અવગણના કરતા ચૂંટણી અધિકારી જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી સંતરામપુર દ્વારા ધરપકડ વોરંટ ઈસ્યૂ કરવામાં આવેલ છે. તા.૨૬, એપ્રિલના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંતર્ગત તા.૨૨, એપ્રિલના રોજ રીસીવિંગ ડિસ્પેચિંગની તાલીમ બપોરના ૧૨:૦૦ કલાકે સંતરામપુર તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણીના કામે રાખેલ હતી જે અંતર્ગત ઝોનલ ઓફિસર તરીકે નિમણૂક આપેલ એ.વી.પરમાર નાઓ ગેરહાજર રહેતા તેઓને નોટિસ આપી હાજર રહેવા જણાવેલ હતું તેમ છતાં સદર નોટિસની અવગણના કરેલ હોવાથી ચૂંટણીની અગત્યની કામગીરીમાં વિક્ષેપ ન થાય અને આવનાર સમયમાં સૂચારૂરીતે ચૂંટણી યોજાય તેના સંદર્ભમાં ચૂંટણી અધિકારી જિલ્લા પંચાયત મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી સંતરામપુર દ્વારા એ.વી.પરમારની ધરપકડ માટે વોરંટ ઈસ્યૂ કરવામાં આવતા ચૂંટણી જેવી અગત્યની કામગીરી ગેરહાજર રહી અવગણના કરતા અધિકારી કર્મચારીઓમાં હડકમ મચી ગયો છે.

# ધ્રાંગધ્રા પોલીસ મથક નજીક NDPSના ગુનામાં જપ્ત કરાયેલા કેમિકલ ભરેલા ટેન્કરમાં આગથી અફરાતફરી

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૨૫



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

પોલીસ મથકની બહાર રાખવામાં આવેલા ટેક્રરમાંથી અચાનક ધુમાડા સાથે આગની જ્વાળાઓ નીકળવા લાગી હતી. ટેક્રરમાં જ્વલનશીલ કેમિકલ હોવાથી આગ વધુ પ્રસરે અને મોટો અકસ્માત થાય તેવી ભીતિ સેવાઈ રહી હતી. ઘટનાની જાણ થતાં જ DySP જે.ડી. પુરોહિત સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. સુરક્ષાના ભાગરૂપે પોલીસે આસપાસના વિસ્તારમાંથી લોકોને દૂર ખસેડ્યા હતા અને માર્ગ પરનો વાહન વ્યવહાર બંને તરફથી બંધ કરી દીધો હતો. નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરાતા, ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટરોએ ત્રણ ફાયર ટેન્ડરની મદદથી પાણીનો મારો ચલાવી આગ પર સમયસર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસ મુજબ, આગ ટેક્રરના નીચેના ભાગેથી શરૂ થઈ હોવાનું મનાય છે. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી અને પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ અને ફાયર વિભાગની સમયસરની કામગીરીને કારણે આ ગંભીર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી અને એક મોટી દુર્ઘટના ટળી ગઈ છે.

# બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું આજે મતદાન યોજાશે

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૫

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રવિવારે મતદાનની પ્રક્રિયા હાથ ધરાશે. સમગ્ર જિલ્લામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થાય તે માટે વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. સંવેદનશીલ તેમજ અતિ સંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. જિલ્લામાં કુલ ૧૭૬૮ મતદાન મથકો પર સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. ડીસા તાલુકામાં સૌથી વધુ ૩૩૧ અને પાલનપુર તાલુકામાં ૨૯૩ મતદાન મથકો કાર્યરત કરાયા છે. મતદારોને કોઈ અગવડ ન પડે તે માટે પીવાનું પાણી, છાંયો, બેસવાની સુવિધા સહિતની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષ ઉમેદવારો વચ્ચે કસોકસનો જંગ જામ્યો છે. મતદાન ઈ. વી. એમ. દ્વારા થશે.

આ ચૂંટણીમાં કુલ ૧૪,૪૦,૪૨૩ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, જેમાં ૭,૪૯,૩૦૦ પુરૂષ, ૬,૯૧,૧૧૧ સ્ત્રી અને ૧૨ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લામાં જિલ્લા પંચાયતની ૪૭, તાલુકા પંચાયતની ૨૩૧ તેમજ નગરપાલિકાની ૧૦૩ બેઠકો માટે મતદાન યોજાશે, જેમાં ૨૪ બેઠકો અગાઉથી બિનહરીફ જાહેર થઈ ચૂકી છે. ડીસા તાલુકામાં તાલુકા પંચાયતની ૩૮ અને જિલ્લા પંચાયતની ૧૦ બેઠકો, જ્યારે પાલનપુરમાં તાલુકા પંચાયતની ૩૪ અને જિલ્લા પંચાયતની ૮ બેઠકો પર મતદાન થતું હોવાથી અહીં ખાસ રસાકસી જોવા મળી રહી છે.

# જૂનાગઢ જિલ્લામાં ચૂંટણી સંદર્ભે ચુસ્ત પોલીસ બંદોબસ્ત

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ જિલ્લા પંચાયતની ૩૦, ૯ તાલુકા પંચાયતની ૧૫૮ અને કેશોદ નગરપાલિકાની ૩૬ બેઠકો માટે આવતીકાલે તા.૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાશે અને જેને લઈને અંતિમ તૈયારીઓ ચાલી રહી છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને જૂનાગઢ જિલ્લામાં પણ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી લક્ષી તૈયારીઓને છેલ્લી ઘડીના પ્રયાસો તરીકે પોતાના પક્ષના ઉમેદવારની જીત થાય તે માટેના આજે ભરપુર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તા.૨૬ એપ્રિલના રોજ સવારના ૭થી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન થવાનું છે. આ સાથે જ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતિમ ચરણમાં પ્રવેશી ગઈ છે. આવતીકાલે ચૂંટણીનો દિવસ છે. ભાજપ ફરી એકવાર શાસન કબજે કરવા માટેનાં ભરપુર પ્રયાસો કરે છે. જ્યારે બીજી તરફ અન્ય રાજકીય પક્ષો શાસન કબજે કરવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. દરમ્યાન આવતીકાલે યોજાનારી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને કેશોદ નગરપાલિકાની ચૂંટણી દરમ્યાન કોઈપણ જાતનાં અનિચ્છનીય બનાવ નહી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આવતીકાલે ૧૦૧૧ બુથ પર મતદાન થશે જેમાં ૧૨૭ અતિ સંવેદનશીલ અને ૩૮૪ સંવેદનશીલ બુથ પર ચાંપતો બંદોબસ્ત રહેશે. જેમાં જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ અને કેશોદ બે એસપી, વિસાવદર એએસપી, ૪ ડીવાયએસપી, ૨૦ પીઆઈ, ૪૩ પીએસઆઈ, ૧૦૮૪ પોલીસ જવાનો, ૧૧૯ ટ્રેની એલઆરડી, ૧૮૨ હોમગાર્ડ, ૧૨૦૦ જીઆરડી જવાનો તથા એસઆરપીની બે પ્લાટુન તૈનાત રહેશે. તેમજ સુરક્ષા સજ્જડ બનાવવા બોડીવન કેમેરાનો ઉપયોગ પણ કરવામાં આવશે. રેન્જ આઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના અને જૂનાગઢ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાનાં માર્ગદર્શન હેઠળ જિલ્લાભરમાં ચુસ્ત અને કડક બંદોબસ્ત ગોઠવાયો છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૬ના ૫૭મા કાઉન્ટડાઉન દિવસની ભવ્ય ઉજવણી

## પી.પી. સવાણી આયુર્વેદિક કોલેજ એન્ડ હોસ્પિટલ, પી.પી. સવાણી યુનિવર્સિટી સુરતમાં કાર્યક્રમ યોજાયો




(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૨૫

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૬ને અનુલક્ષીને ૫૭મા કાઉન્ટડાઉન દિવસની ઉજવણી તા.૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ સ્વસ્થ વૃત્ત અને યોગવિભાગના અધ્યક્ષપદ હેઠળ પી.પી. સવાણી આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ, પીપીએસયુ યુનિવર્સિટી ગ્રાઉન્ડ, સુરત ખાતે સફળતા પૂર્વક યોજાઈ હતી.આ કાર્યક્રમ સંસ્થાના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક સંકલિત કરવામાં આવ્યો હતો અને મોરારજીદેસાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગ (MDNIY) તરફથી મહત્ત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ કાર્યક્રમમાં અંદાજે ૫૧૦ જેટલા પ્રતિભાગીઓ જેમાં કોલેજના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો, યોગ રસિકો, માધવ તપોવન વિદ્યાલયના વિદ્યાર્થીઓ, દર્દીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં મુખ્યઅતિથિ તરીકે વિંગકમાન્ડર આર.કે. તિવારી (AGM, Goldi Solar) ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ મહાનુભાવો તરીકે સંજયકુમાર એમ. દેસાઈ, અજિતસિંહ અટોદરિયા, ડૉ.રવિરાવ (પ્રિન્સિપાલ, પી.પી. સવાણી આયુર્વેદિક કોલેજ) અને ડૉ.ગૌરાંગ લાઈન્સવાલા (મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ, પી.પી. સવાણી આયુર્વેદિક હોસ્પિટલ) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત કોમન યોગ પ્રોટોકોલ સત્ર સાથે થઈ હતી, ત્યારબાદ યોગ અને આરોગ્ય વિષયક નિષ્ણાત વ્યાખ્યાન અને યોગ નિષ્ણાતો દ્વારા જીવંત પ્રદર્શન યોજાયા હતા.

**REQUIRE**

Female candidate required for office work. Must have basic computer knowledge, good communication skill in English and basic knowledge of accounting. Send resume on
8238630565 - 9898864145
C-317, Rajyash Rise, South Vasna Ahmedabad

**જાહેર હરાજી**

**પ્રાથમિક શાળા નવામુવાડા (ઓથવાડ) તા.: બાલાસિનોર જિ.: મહીસાગર** ખાતે આવેલી શાળાના ૨ (બે) ઓરડાની હરાજી આગામી **તા.૦૧/૦૫/૨૦૨૬ને શુક્રવારે સવારના ૯.૦૦** કલાકે રાખવામાં આવી છે. હરાજીમાં ભાગ લેનાર ઈસમે **રૂા.૨૦૦૦/- (બે હજાર પૂરા) રોકડા** જમા કરાવી ભાગ લેવાનો રહેશે. હરાજીની શરતો સ્થળ પર જણાવવામાં આવશે. હરાજી મંજુર, નામંજૂર કે રદ કરવાની તમામ સત્તા શાળા વ્યવસ્થાપન સમિતિ પ્રાથમિક શાળા નવામુવાડા (ઓથવાડ)ની રહેશે.

લિ.
આચાર્યશ્રી
**પ્રાથમિક શાળા નવામુવાડા (ઓથવાડ)**
SMC નવામુવાડા (ઓ) તા.બાલાસિનોર, જિ.મહીસાગર
Mo. No.9913119268

### ૧૫ મહાનગરપાલિકા, ૮૪ પાલિકા, ૩૪ જિ. પંચાયત અને ૨૬૦ તા. પંચાયત માટે થશે જંગ

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈ ભારે બંદોબસ્ત વચ્ચે આજે યોજાશે મતદાન

## રાજ્યભરમાં ૪૮,૪૪૨ મતદાન મથકો ઉભા કરાયા : હજારો ઉમેદવારોનું ઘડાશે ભાવિ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૫

રાજયમાં મહાનગર પાલિકાઓ સહિત સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીના છેલ્લા કેટલાક દિવસના જોરશોરથી હાથ ધરાયેલ પ્રચાર પડઘમ બાદ હવે આવતીકાલે મતદાન યોજાનાર છે. પોલીસના કડક બંદોબસ્ત વચ્ચે રાજયભરમાં શાંતિપૂર્ણ રીતે મતદાન યોજાય તે માટે તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની આ ચૂંટણીમાં કુલ ૪.૧૮ કરોડ મતદારો મતદારોનું ભાવી ઘડશે. રાજય ચૂંટણી આયોગ દ્વારા આવતીકાલે રાજયભરમાં યોજાનાર મતદાનને લઈને તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. રાજયની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયત માટે યોજાનાર ચૂંટણી માટે કુલ ૪૮,૪૪૨ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. આ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં સૌથી વધુ ૩૩.૫૯૫ મતદાન મથકો જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ઉભા કરાયા છે જયારે મહાનગરપાલિકામાં ૧૧,૫૮૨ મતદાન મથકો ગોઠવવામાં આવ્યા છે જયારે મહાનગરપાલિકામાં સૌથી વધુ અમદાવાદ મહાપાલિકા માટે ૫૪.૬૭ મથકો ઉભા કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયની તાલકુા જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં સૌથી વધુ ૨.૭૪ કરોડ મતદારો નોંધાયેલા છે તે પછી ૧૫ મહાનગરપાલિકા માટે ૧.૧૦ કરોડ મતદારો મતદાનમાં ભાગ લેશે. જયારે ૮૪ નગરપાલિકા માટે ૩૩.૬૫ લાખ મતદારો મતદાનમાં ભાગ લેશે આમ રાજયભરમાં કુલ મળીને ૪.૧૮ કરોડ મતદારો આવતીકાલે મતદાનમાં ભાગ લેશે. રાજયભરમાં મતદાનને લઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે આવતીકાલે હજારો ઉમેદવારોનું ભાવિ ઘડાશે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તારીખ ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ૧૦૦ ટકા મતદાન કરવા સૌ નાગરિકોને અપીલ કરી છે. લોકશાહીના આ પવિત્ર મહાપર્વમાં રાજયના તમામ મતદારોને ઉત્સાહભેર મતદાન કરવા તેમણે અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું આવતીકાલે ૨૬ એપ્રિલે મતદાન છે. તે પહેલા શુક્રવારે પ્રચાર પડઘમ શાંત થયા હતા. ઉમેદવારો મતદારોની વ્યક્તિગત મુલાકાતમાં લાગ્યા છે. પ્રચાર પડઘમ શાંત થતા ઉમેદવારો ડોર ટુ ડોર વ્યક્તિગત સંપર્કમાં લાગ્યા છે. પ્રચાર પડઘમ શાંત પડતા ઉમેદવાર સભા કે રેલી કે બેઠક નથી કરી શકતા. જોકે ઉમેદવાર વ્યક્તિગત સંપર્ક કરી લોકોને મળી શકે છે. ઉમેદવારો લોકો મતદાન કરે અને વધુમાં વધુ મતદાન થાય તેવી સમજ આપી રહ્યાં છે. દુકાનો અને મકાનો પર જઈ ઉમેદવારો વ્યક્તિગત રીતે સંપર્ક વધારી રહ્યાં છે.

આવતીકાલે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ છે. જેમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ ગ્રામ પંચાયત તથા ૨૬૦ જેટલા તાલુકા પંચાયતોમાં મતદાન થશે. ચૂંટણીના આ મહાસંગ્રામ માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મેદાનમાં છે. તો આ ઉપરાંત બીજા પણ અનેક પક્ષો મેદાનમાં છે. ચૂંટણી પહેલા ભાજપના ખોળામાં ૭૩૧ બેઠકો બિનહરીફ વિજેતા બનીને આવી ગઈ છે. ત્યારે બાકીની બેઠકો પર આવતીકાલે મહાસંગ્રામ જામશે.

### અમદાવાદ અને ગાંધીનગરમાં આજે ઓરેન્જ એલર્ટ જાહેર

# રાજ્યભરમાં ગરમીનો વધતો જતો પ્રકોપ આજે ૪૪ ડિગ્રીએ ધોમધખતો તાપ તપાવશે

## હજુ ૪૮ કલાક સુધી ગરમી અકળાવશે : હાલમાં કોઈ રાહત નહીં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૫





| શહેર | તાપમાન |
|---|---|
| અમરેલી | ૪૩.૩ |
| રાજકોટ | ૪૩.૧ |
| અમદાવાદ | ૪૨.૧ |
| વડોદરા | ૪૧.૬ |
| ગાંધીનગર | ૪૧.૫ |
| ભુજ | ૪૧.૪ |
| ડીસા | ૪૦.૩ |
| સુરત | ૪૦ |
| ભાવનગર | ૩૯.૮ |

રાજયભરમાં ગરમીનો પ્રકોપ દિવસે દિવસે વધતો જઈ રહ્યો છે એવું જણાય છે કે રાજયમાં કાળઝાળ ગરમીનું મોજું ફરી વળ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૪૮ કલાક દરમિયાન રાજયના તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની પ્રબળ શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે આગામી ૭ દિવસ રાજ્યમાં વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે. છેલ્લા ૨૪ કલાકમાં અમરેલી ૪૩.૩ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યારે અમદાવાદમાં ૪૨.૧ અને ગાંધીનગરમાં ૪૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગર માટે એલર્ટ જાહેર કર્યું છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી રહેવાની શક્યતા સાથે 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે, જ્યારે આવતીકાલે પારો ૪૪ ડિગ્રીએ પહોંચવાની ધારણા સાથે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે. ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી રહેવાની સંભાવના વ્યકત કરાઈ છે. રાજ્યના જમીની વિસ્તારોમાં પવનની દિશા પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ તરફની રહેશે. ગરમીની સાથે સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજનું પ્રમાણ વધુ હોવાને કારણે લોકોને અસહ્ય અકળામણ અને પરસેવાનો સામનો કરવો પડશે. હવામાન વિભાગના મતે, આગામી બે દિવસ તાપમાનમાં વધારો થયા બાદ, ત્યારબાદના દિવસોમાં પારો ૨ થી ૩ ડિગ્રી નીચે ઉતરે તેવી શક્યતા છે. જોકે, હાલના તબક્કે રાજ્યના નાગરિકોને કાળઝાળ ગરમીમાંથી તુરંત કોઈ મોટી રાહત મળવાના સંકેત નથી. એટલે કે રાજયમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ હજુ જારી રહેશે. આગામી તા.૧ મે સુધીની આગાહી હોઈ ગરમી મામલે કોઈ રાહત જોવા મળે તેવી શકયતા નહિવત જણાય છે વધતી જતી ગરમીને લઈ જનજીવનને અસર થવા પામી છે. બપોર પછી રાજયના માર્ગો સૂમસામ થઈ જાય છે. મોડેથી ગરમીમાં આંશિક રાહત થતા લોકો બહાર નિકળવા માંડે છે. વધતી જતી ગરમીને લઈ હવામાન વિભાગ સહિત રાજય સરકાર દ્વારા સાવચેતીના પગલાં સામે ગાઈડલાઈન જાહેર કરાઈ છે.


**શિક્ષકો જોઈએ છે**

**એફ.ડી.એજ્યુકેશન કેમ્પસ**
એફ.ડી. કોલેજ રોડ, જમાલપુર ગેટ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ઈ-મેઈલ : fdedusoc@gmail.com

સંચાલિત ઈંગ્લીશ મીડિયમ પ્રાઈમરી, સેકેન્ડરી તથા હાયર સેકન્ડરી શાળાઓ માટે.

(1) B.A., M.A., B.Ed. (English, Social Science)
(2) M.Com, B.Ed. (Accounts and Statistics)
(3) P.T. ટીચર
(4) Drawing ટીચર
(5) Computer ટીચર
(6) પી.ટી.સી.ટીચર (અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ માટે)

ગુજરાતી મીડિયમ પ્રાથમિક, હાઈસ્કૂલ, હાયર સેકેન્ડરી શાળાઓ માટે.

(૧) એમ.કોમ. બી.એડ. (એકાઉન્ટ અને આંકડાશાસ્ત્ર)
(૨) એમ.એસ.સી./બી.એસ.સી., બી.એડ (ગણિત-વિજ્ઞાન)
(૩) એમ.એ./બી.એ., બી.એડ (અંગ્રેજી, સોશિયલ સાયન્સ, હિન્દી, ગુજરાતી)
(૪) બી.એ. બી.એડ. (ઉર્દૂ માધ્યમ)(ઈતિહાસ, ઉર્દૂ અને પર્શિયન)
(૫) સફાઈ કામદાર, પટાવાળા (ધો-૧૦ પાસ)

ઈચ્છુક ઉમેદવારોએ તા.૦૨-૦૫-૨૦૨૬ (શનિવાર) ગુજરાતી મીડિયમ અને તા.૦૪-૦૫-૨૦૨૬ (સોમવાર)ના રોજ ઈંગ્લીશ મીડિયમના સવારે ૧૧:૦૦ કલાકે ઉપરોક્ત સરનામે પોતાની અરજી તથા લાયકાતના પુરાવા સાથે સ્વખર્ચે હાજર રહેવું.

નોંધ : અમારી સંસ્થા દ્વારા કર્મચારીઓને EPF અને હેલ્થ ઈન્સ્યૂરન્સની સેવાઓ સાથે આકર્ષિત પગાર આપવામાં આવે છે.


**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોબર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૬ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૬.૦૦ |

### સુરતમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ વચ્ચે પોલીસનું રિ-કન્સ્ટ્રકશનનું સાહસ !

# પાટીદાર સગીરાની છેડતીથી માહોલ ગરમ રિ-કન્સ્ટ્રકશન વેળા પોલીસ પર પથ્થરમારો

## મોટી સંખ્યામાં ટોળાએ પોલીસનો કર્યો ઘેરાવ; ભાજપ ઝિંદાબાદ બાદ 'હાય હાય''ના નારા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૫

શહેરનાં અલથાણ ખાતે શુક્રવારે રાત્રે પાટીદાર સમાજની સગીરા ટ્યુશનક્લાસથી ઘર તરફ જઈ રહી હતી ત્યારે આધેડ દ્વારા તેણીની છેડતી કરવામાં આવી હતી. સગીરાએ છેડતીનો વિરોધ કરવાની સાથે ચીસાચીસ કરી મુકતાં આસપાસનાં લોકો ત્વરિત ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આરોપીને રંગે હાથ ઝડપી પાડ્યો હતો. ઘટનાને પગલે રોષે ભરાયેલા લોકો પોલીસ પહોંચે તે પહેલાં જ આરોપીને અધમુઓ કરી દીધો હતો. અલબત્ત, પોલીસે આરોપીને ધરપકડ કરીને તેને પોલીસ મથકે લઈ જતાં પોલીસ મથકની બહાર જ પાંચ હજાર જેટલા લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. સગીરાની છેડતીનાં ઘેરા પ્રત્યાઘાતને પગલે લોકોનાં ભારે વિરોધ વચ્ચે પોલીસ દ્વારા ભીડને કાબૂ કરવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો.

બીજી તરફ આજે સવારે પોલીસ દ્વારા આનન ફાનનમાં આરોપી મહંમદ અઝીઝને સાથે રાખીને ઘટનાનું રિકન્ટ્રકશન કરવા માટે પહોંચતાં જ વધુ એક વખત મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે એકઠાં થઈ ગયા હતા. ભારે ભીડ અને સૂત્રોચ્ચાર વચ્ચે પોલીસ દ્વારા આરોપીનું રિકન્સ્ટ્રકશન કરવામાં આવે તે પહેલાં જ વાતાવરણ તંગ બન્યું હતું. રોષે ભરાયેલા નાગરિકો દ્વારા પથ્થરમારો કરવામાં આવતાં પોલીસ કર્મીઓને પણ ઈજા પહોંચી હતી. જો કે, મામલો બીચકે તે પહેલાં જ પોલીસ આરોપીને વાનમાં બેસાડીને તાત્કાલિક ઘટના સ્થળેથી રવાના થઈ ગઈ હતી.

૪૦ વર્ષીય મહંમદ અઝીઝ નામક યુવક દ્વારા સગીરાની છેડતીની જાણ થતાં જ મોટી સંખ્યામાં લોકો આરોપીને ઘેરી વળ્યા હતા અને ઢીકા - મુક્કીનો માર માર્યો હતો. આ દરમિયાન ઘટના સ્થળે પહોંચેલી પોલીસ દ્વારા આરોપીને પોલીસ મથક લઈ જતાં ત્યાં પણ પાંચ હજારથી વધુ લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. સગીરાની છેડતીની ગંભીર ઘટનાને પગલે મોટી સંખ્યામાં પાટીદાર સમાજનાં લોકો એકઠાં થતાં એક તબક્કે વાતાવરણ તંગ બન્યું હતું અને પોલીસ વાનમાંથી જ આરોપીને બહાર ઢસડીને તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. આ કૃત્યને પગલે પોલીસ પણ હેબતાઈ ગઈ હતી અને ભીડ પર અંકુશ મેળવવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. પોલીસનાં લાઠીચાર્જે બળતામાં ઘીનું કામ કર્યું હતું અને પાટીદાર સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. નરાધમને સોંપી દેવાની માંગ સાથે પાટીદાર સમાજ દ્વારા ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો. આજે સવારે પોલીસ મહંમદ અઝીઝને ચુસ્ત બંદોબસ્ત સાથે ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરવા માટે પહોંચી હતી. આજની ઘટનામાં પોલીસને મોટી સંખ્યામાં લોકો સહિત મહિલાઓના આક્રોશનો સામનો કરવો પડ્યો હતો. એક તબક્કે વાતાવરણ તંગ બનતાં પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પથ્થરમારાની ઘટનાને પગલે તાત્કાલિક સ્પેશ્યલ એકશન ફોર્સને બોલાવવાની ફરજ પડી હતી.

### ભાજપના નારા લાગતાં પાટીદારોએ કરી લાલ આંખ

પાટીદાર સમાજની સગીરાની છેડતીને પગલે એક તરફ સમગ્ર શહેરમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે ત્યારે આ ઘટનામાં ભાજપના કેટલાક કાર્યકરો દ્વારા રાજકીય રંગ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગત રાત્રે પાટીદાર સમાજ દ્વારા પોલીસ મથકની બહાર જ ભાજપ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા ત્યારે આજે પોલીસ આરોપી સાથે ઘટનાનાં રિ-કન્સ્ટ્રકશન માટે પહોંચી હતી. જ્યાં કેટલાક યુવકો દ્વારા ભાજપનાં સમર્થનમાં સૂત્રોચ્ચાર કરવાનો પ્રયાસ કર્યો હતો. જેને પગલે રોષે ભરાયેલા લોકોએ તાત્કાલિક સૂત્રોચ્ચાર બંધ કરવા જણાવ્યું હતું અને જય પાટીદાર જય સરદારનાં નારા લગાવ્યા હતા. ભાજપનાં કેટલાક કાર્યકરો દ્વારા છેડતી જેવી ઘટનામાં પણ રાજકીય રોટલો શેકવાનાં પ્રયાસો કરતા પાટીદારોએ લાલઆંખ કરી હતી.


**પ્રિન્સિપાલ જોઈએ છે (પ્રાઈમરી વિભાગ)**
(અંગ્રેજી અને ગુજરાતી મીડિયમ માટે)

**એફ.ડી.એજ્યુકેશન કેમ્પસ**
એફ.ડી. કોલેજ રોડ, જમાલપુર ગેટ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ઈ-મેઈલ : fdedusoc@gmail.com

કોઈ પણ વિદ્યાશાખાના તાલીમી સ્નાતક/અનુસ્નાતક લાયકાત ધરાવતા અનુભવી અંગ્રેજી ભાષામાં નિપુણ.

ઈચ્છુક ઉમેદવારોએ તેમજ શાળાના અનુભવી શિક્ષકો પણ અરજી કરી શકશે, તેઓ અસલ સર્ટિફિકેટ, માર્કશીટ, એક્સ્પીરિયન્સ સર્ટિફિકેટ સાથે રાખી તા.૦૪-૦૫-૨૦૨૬ (સોમવાર)ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઉપર દર્શાવેલ સરનામે સ્વખર્ચે હાજર રહેવું.

નોંધ : અમારી સંસ્થા દ્વારા કર્મચારીઓને EPF અને હેલ્થ ઈન્સ્યૂરન્સની સેવાઓ સાથે આકર્ષિત પગાર આપવામાં આવે છે.


**ગુજરાત ટુડે**

**આજનું સૌથી અગત્યનું કામ સાચી દિશામાં સો ટકા મતદાન**

આજે ગુજરાત રાજ્યમાં મહાનગરપાલિકાઓ, પંચાયતો જેવી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતદાન યોજાવા જઈ રહ્યું છે. સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાનારા લોકશાહીના આ મહાપર્વમાં સજાગતા સાથે ભાગ લઈ પૂરેપૂરૂં મતદાન કરો...


**આજે અચૂક મતદાન કરીને ચોકસાઈ કરો કે તમે મતદાર છો ખરા ? તેમજ ડિટેન્શન સેન્ટર (અટકાયતી કેન્દ્ર)થી બચશો ખરા ?**

તમારૂં... તમારા પરિવારનું અને તમારા વિસ્તારનું પૂરેપૂરૂં મતદાન સાચી દિશામાં થાય એની કાળજી રાખો અને રાષ્ટ્રહિતમાં જાગૃતિ બતાવો...

- ગુજરાત ટુડે દૈનિક દ્વારા લોકહિતાર્થે પ્રકાશિત


**છઠ્ઠી બરસી કે મૌકે પર**

**ખિરાજે અકીદત**



**શહીદ બદરૂદ્દીન શેખ સાહેબ**

જન્મ તા : ૧૩-૦૯-૧૯૫૨ જન્નતનશીન તા : ૨૬-૦૪-૨૦૨૦

સમાજ સેવામાં હમેશા અગ્રેસર રહેતા અને સામાજીક કાર્ય કરતા કરતા COVID-19માં પોતાના પ્રાણની પણ પરવા ન કરનાર જાહેર જીવનમાં વિવિધ હોદ્દાપર રહી લોક ઉપયોગી કાર્ય કરનાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કદ્દાવર નેતા AICCના માઈનોરિટિ ડિપાર્ટમેન્ટના વાઈસ ચેરમેન અને સમાજના સાચા હમદર્દ તથા બહેરામપુરા વોર્ડના કાઉન્સિલર તરીકે સેવાઓ આપનાર લોક સેવાના ભેખધારી, કોંગ્રેસના કર્મઠ કાર્યકર અને લોકોઉપયોગી કામો થકી સેંકડો લોકોના દિલોમાં સ્થાન મેળવનાર એક નખશીખ માનવતાવાદી નેતા જનાબ બદરૂદ્દીન શેખ સાહેબની ચિરવિદાય આજે પણ ભુલાતી નથી રાજકીયક્ષેત્રે કાર્યરત રહી સમગ્ર ગુજરાતના પ્રશનોને નિરાકરણ માટે હમેશાં અગ્રેસર રહેનાર તેમજ અમદાવાદ શહેરના તથા બહેરામપુરા વોર્ડના વિકાસમાં યોગદાન આપવા સાથે મિત્રવર્તુળમાં હંમેશા અદનો દોસ્ત બની ખડે પગે રહેનાર એ નેકદિલ ઈન્સાને શત્ શત્ સલામ. ડગલેને પગલે યાદ આવનાર મર્હૂમ બદરૂદ્દીન શેખ સાહેબને અમે ક્યારેય ભુલી શકીશુ નહીં. મર્હૂમ બદરૂદ્દીન શેખ સાહેબને રબ્બુલ આલમીન તેના હબીબ (સ.અ.વ.)ના સદકામાં ખિદમતે ખલ્કના કામોનો ઉમદા બદલો આપે અને તેઓની મગફેરત ફરમાવી જન્નતુલ ફિરદોસમાં આલા મકામ અતા કરે. આમીન...

**ફોરચ્યુર્યન બીલ્ડકોન**

મોઈઝુદ્દીન બી.ચીશતી (ઈરફાન બાવા)

તસ્નીમઆલમબાવા સાહબ તિરમીઝી (પૂર્વ મ્યુ.કાઉન્સિલર બહેરામપુરા વોર્ડ)

અબ્દુલ રઝાક બાગબાન (રાજુ ભાઈ)

સમીરઅહમદ શેખ (બદરૂદ્દીન શેખ પરીવાર)

(આશિયા ઈંગલીશ સ્કૂલ પરીવાર)

ગુજરાત ટુડે મેઘધનુષ
રવિવાર
તા.૨૬-૪-૨૦૨૬

# સફળ કારકિર્દીનો અસલ પાયો, આરોગ્ય એ જ સાચી મૂડી

## આધુનિક જીવનશૈલીમાં યુવાનો માટે સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજો

**આરોગ્ય એ કોઈ એવી વસ્તુ નથી કે જે બીમાર પડ્યા પછી યાદ કરવાની હોય. તે એક મૂડી (Investment) છે. જો તમે આજે તમારા સ્વાસ્થ્ય પાછળ સમય નહીં આપો તો કાલે તમારે તમારી બીમારી પાછળ સમય અને પૈસા બંને વેડફવા પડશે. વિદ્યાર્થીઓ અને યુવાનો એ રાષ્ટ્રનું ભવિષ્ય છે. જો દેશનું ભવિષ્ય સ્વસ્થ અને સશક્ત હશે, તો જ ભારત પ્રગતિના પંથે આગળ વધી શકશે. એટલે જ, તમારી કારકિર્દીના સપનાઓ ચોક્કસ પૂરા કરો, પણ તે સપનાઓ જોવા માટે અને તેને માણવા માટે એક સ્વસ્થ શરીરની જાળવણી કરવી એ તમારી પ્રાથમિક જવાબદારી છે**

**યાદ રાખો : “સ્વસ્થ શરીર, સ્વસ્થ મન અને તેજસ્વી કારકિર્દી - આ જ સાચી સફળતાની ત્રિપુટી છે”**



આજના અત્યંત ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં જ્યારે આપણે પ્રગતિની વાત કરીએ છીએ, ત્યારે સૌથી પહેલો વિચાર ડિગ્રી, સ્કિલ્સ અને ટેકનોલોજીનો આવે છે. પરંતુ આપણે એ ભૂલી જઈએ છીએ કે આ તમામ સફળતા મેળવવાનું સાધન આપણું શરીર અને મન છે. ગુજરાતીમાં કહેવાય છે કે ‘પહેલું સુખ તે જાતે નર્યા.’ આ ઉક્તિ માત્ર કહેવા પૂરતી નથી, પરંતુ જીવનનું પરમ સત્ય છે. ખાસ કરીને આજના વિદ્યાર્થીઓ અને નોકરી કરતા યુવાનોમાં જે રીતે જીવનશૈલી બદલાઈ રહી છે, તે જોતા આરોગ્ય પ્રત્યેની આ બેદરકારી ભવિષ્યમાં મોટી કિંમત વસૂલી શકે તેમ છે. આધુનિક સમયમાં યુવા પેઢી રાત-દિવસ સફળતાના શિખરો સર કરવા દોડી રહી છે, પણ આ દોડમાં તેઓ પોતાના સ્વાસ્થ્યને ક્યાંક પાછળ છોડી દે છે. મોબાઈલ ફોન, કમ્પ્યુટર અને હાઈ-સ્પીડ ઈન્ટરનેટના જમાનામાં શારીરિક પ્રવૃત્તિ શૂન્ય થઈ ગઈ છે અને માનસિક તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

આજના યુવાનોનો મોટાભાગનો સમય સ્ક્રીન સામે પસાર થાય છે. પછી તે અભ્યાસ માટે હોય, ઓફિસના કામ માટે હોય કે પછી મનોરંજન માટે. કલાકો સુધી એક જ સ્થાને બેસી રહેવાથી અને સતત મોબાઈલમાં સોશિયલ મીડિયા કે ઓનલાઇન ગેમિંગમાં વ્યસ્ત રહેવાથી શારીરિક સુસ્તી વધે છે. ગેમિંગનું વળગણ એટલું વધી ગયું છે કે યુવાનોને ખાવા-પીવાનું કે ઉંઘવાનું પણ ભાન રહેતું નથી. મોડી રાત સુધી જાગવું એ જાણે આજકાલની ફેશન બની ગઈ છે. પરંતુ વિજ્ઞાન કહે છે કે રાત્રિની ઊંઘ એ શરીરના રિપેરીંગ માટે અનિવાર્ય છે. જ્યારે કોઈ વિદ્યાર્થી કે કર્મચારી પૂરતી ઊંઘ નથી લેતો, ત્યારે તેની એકાગ્રતા શક્તિ ઘટે છે, યાદશક્તિ નબળી પડે છે અને સ્વભાવમાં ચીડિયાપણું આવે છે. લાંબા ગાળે આ આદત ગંભીર માનસિક બીમારીઓ અને હૃદય રોગ જેવી સમસ્યાઓને આમંત્રણ આપે છે. તેના કારણે તેના આરોગ્ય ઉપર અવળી અસર પડે છે. પુરપાટ દોડતી કારકિર્દી ઉપર બ્રેક વાગી શકે છે. આથી આજે આપણે ઉત્તમ કારકિર્દીમાં આરોગ્યના મહત્વ વિશે સમજીશું.

**● ખાન-પાનની આદતોમાં સુધારો જરૂરી**

આજકાલ ખાનપાનની આદતોમાં પણ ચિંતાજનક ફેરફાર જોવા મળ્યો છે. ઘરે બનાવેલા પૌષ્ટિક અને સંતુલિત આહારની જગ્યા હવે જંક ફૂડ, પેકેજડ ફૂડ અને સોફ્ટ ડ્રિંક્સે લઈ લીધી છે. યુગલો નોકરી કે ધંધામાં લિપ્ત હોવાથી તેઓ ઘરે રસોઇ બનાવવાનું ટાળે છે. બહાર જે મળે તે ફાસ્ટ ફુડથી પેટ ભરી લે છે. તેના કારણે જે પહેલા આરોગ્યપ્રદ અને શરીરની તાસીરને અનુકુળ ખોરાક આરોગવાની વાત હતી તે વિસરાઇ ગઇ છે. પરિવારોમાં અને ખાસ કરીને બાળકોને પિઝા, બર્ગર અને મેંદાની વસ્તુઓ સ્વાદમાં સારી લાગે છે, પણ તે શરીરને જરૂરી પોષણ આપવાને બદલે માત્ર કેલરી અને હાનિકારક તત્વો આપે છે. જ્યારે શરીરને વિટામિન્સ અને મિનરલ્સ નથી મળતા ત્યારે રોગપ્રતિકારક શક્તિ નબળી પડે છે. એક નબળું શરીર ક્યારેય તેજસ્વી મગજનું ઘર બની શકતું નથી. જો તમારે તમારી કારકિર્દીમાં લાંબી રેસના ઘોડા બનવું હોય તો તમારે તમારા શરીરને યોગ્ય બળતણ આપવું જ પડશે. નબળી તબિયતને કારણે વારંવાર બીમાર પડવાથી અભ્યાસમાં રુકાવટ આવે છે અને ઓફિસમાં પર્ફોર્મન્સ બગડે છે, જે અંતે કારકિર્દીના વિકાસને રૂંધે છે.

આરોગ્ય એ ખરેખર એક મોટી મૂડી છે. જે રીતે આપણે ભવિષ્ય માટે પૈસાની બચત કરીએ છીએ, તેવી જ રીતે નાની ઉંમરથી કરેલી સ્વાસ્થ્યની જાળવણી ઘડપણમાં અને કારકિર્દીના મુશ્કેલ સમયમાં કામ આવે છે.

**● નિયમિત વ્યાયામ અને પુરતી ઊંઘ**

જે યુવાનો નિયમિત વ્યાયામ કરે છે, પૂરતી ઊંઘ લે છે અને પૌષ્ટિક આહાર લે છે, તેમની કાર્યક્ષમતા અન્યો કરતા અનેકગણી વધારે હોય છે. ઉત્તમ કારકિર્દી માટે માત્ર બુદ્ધિ

**હેલ્લો સ્ટુડન્ટ્સ**

**- સાહેબ સોની**

પ્રતિભા પૂરતી નથી, પણ તે બુદ્ધિનો ઉપયોગ કરવા માટે શારીરિક ક્ષમતા અને માનસિક સ્થિરતા પણ તેટલી જ જરૂરી છે. જો શરીર સાથ ન આપે, તો લાખોના પેકેજ અને ઊંચા હોદ્દાઓ પણ નિરર્થક લાગે છે. યુવાનોએ સમજવું પડશે કે ટેકનોલોજી આપણી સુવિધા માટે છે, ગુલામી માટે નહીં. રાત્રે વહેલા સુઈ જવું, સવારે વહેલા ઉઠીને યોગ કે કસરત કરવી અને ઘરનું શુદ્ધ ભોજન લેવું એ કોઈ જૂની પુરાણી વાતો નથી, પણ સફળતાના આધુનિક મંત્રો છે. વહેલા ઉઠવું અને વહેલા સૂવું તે ગુરૂમંત્ર રાખવો જોઈએ. હવે તો કોર્પોરેટ કંપનીઓ પણ તેમના એમ્પલોઈઝ માટે સજાગ બની છે. આથી તેમના ત્યાં હેલ્થ કેરના સાધનો રાખે છે, જીમની સગવડ હોય છે. અમુક કંપનીઓ તો કર્મચારીઓને પૌષ્ટિક અને ઘર જેવું ભોજન મળી રહે તે માટે કંપનીમાં જ લંચ કે ડીનરની સગવડ રાહત દરે આપે છે. જેથી કર્મચારીઓને બહારનું ભોજન ના ખાવું પડે. વળી અમુક રમત-ગમતના સાધનો પણ રાખે છે. જેથી કર્મચારીઓ બ્રેક દરમિયાન રમીને શારીરિક અને માનસિક રીતે રીલેક્ષ રહી શકે.

**● ગેજેટના ઉપયોગનો અતિરેક**

સતત કોમ્પ્યુટર અને મોબાઈલના વપરાશથી આંખોની સમસ્યાઓ, ગરદનનો દુખાવો (સ્પોન્ડિલાઈટિસ) અને માનસિક એકલતા જેવા પ્રશ્નો ઉભા થાય છે. વર્ચ્યુઅલ દુનિયામાં જીવતા યુવાનો સામાજિક રીતે કપાઈ રહ્યા છે, જે તેમના વ્યક્તિત્વ વિકાસમાં અવરોધક બને છે. કોર્પોરેટ જગતમાં હવે ‘વેલનેસ’ પર ભાર મૂકવામાં આવે છે કારણ કે કંપનીઓ પણ જાણે છે કે તંદુરસ્ત કર્મચારી જ શ્રેષ્ઠ પરિણામ આપી શકે છે. તેથી, કારકિર્દીના પ્રારંભિક તબક્કે જ જો સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવામાં આવે, તો સફળતા ટકાઉ બને છે. અંતે, એટલું જ કહી શકાય કે જો તમારી પાસે દુનિયાભરનું જ્ઞાન હોય પણ તે ભોગવવા માટે તંદુરસ્ત શરીર ન હોય, તો તે જ્ઞાન અધૂરું છે. સફળતાનો સાચો આનંદ માત્ર નિરોગી વ્યક્તિ જ માણી શકે છે. માટે જ, આરોગ્યને તમારી સૌથી કિંમતી સંપત્તિ માની તેની માવજત કરો, કારણ કે સ્વસ્થ યુવા જ સમૃદ્ધ ભારત અને તેજસ્વી કારકિર્દીનું નિર્માણ કરી શકે છે. આજે સંયુક્તના બદલે વિભક્ત કુટુંબની પ્રથા છે. એક જ બાળક રાખવાનો ટ્રેન્ડ હોવાથી બાળક એકલવાયુ ફીલ કરે છે. આથી તેઓને કોઇ મિત્રની ગેરહાજરીમાં મોબાઇલ અને ટેબલેટના આદતી બનતા જાય છે. ગેમીંગ અથવા તો ફન્ની વીડિયો જોવામાં આખો દિવસ પસાર કરે છે. આથી તેના કારણે તેઓ શારિરીક અને માનસિક તકલીફોનો ભોગ બને છે. ખાસ કરીને બાળકો ખૂબ જ એગ્રેસીવ થઇ જાય છે. વિચારવાની શક્તિ ગુમાવી બેસે છે. આથી પોતાના વાલીઓ અને આસપાસના લોકો સાથે ઝડપથી ભળી શકતા નથી. ઝગડાઓ કરી બેસે છે. ભણવામાં ધ્યાન નથી આપી શકતા. આવી તો અનેક તકલીફો થાય છે.

**● કારકિર્દી અને આરોગ્યનો સીધો સંબંધ**

ઘણા યુવાનો માને છે કે દિવસના ૧૪-૧૬ કલાક કામ કરવાથી કે ઊંઘ બગાડીને ભણવાથી સફળતા મળશે. પરંતુ સત્ય એ છે કે સ્વસ્થ શરીર વિનાની સફળતા ક્ષણભંગુર છે.

**ઉત્પાદકતા (Productivity) :** એક સ્વસ્થ વ્યક્તિ જેટલું કામ ૪ કલાકમાં કરી શકે છે, તેટલું જ કામ થાકેલો કે બીમાર વ્યક્તિ ૮ કલાકમાં પણ કરી શકતો નથી.

**માનસિક સ્પષ્ટતા :** યોગ્ય આહાર અને કસરતથી મગજમાં ઓક્સિજનનું પ્રમાણ વધે છે, જે નિર્ણય લેવાની શક્તિ (Decision making) સુધારે છે.

**લાંબાગાળાની સફળતા :** તમે લાખો રૂપિયા કમાઈ લો પણ જો તે નાણાં પાછળથી હોસ્પિટલના બિલ ભરવામાં વપરાય, તો તેવી કારકિર્દીનો કોઈ અર્થ નથી.

**૫. સુધારાના સોપાન :** સ્વસ્થ જીવન તરફ ડગ માંડો

તમારી વ્યસ્ત દિનચર્યામાં નીચેના નાના ફેરફારો મોટી ક્રાંતિ લાવી શકે છેઃ

**નિયમિત વ્યાયામ :** રોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ ચાલવું, યોગ કરવા કે જિમ જવું અનિવાર્ય છે. આનાથી શરીરમાં ‘એન્ડોર્ફિન’ (Happy Hormones) મુક્ત થાય છે.

**ડિજિટલ ડિટોક્સ :** સૂવાના એક કલાક પહેલા મોબાઈલ ફોન દૂર મૂકી દો. પુસ્તક વાંચવાની આદત કેળવો.

**સંતુલિત આહાર :** ઘરનું બનેલું સાદું ભોજન, ફળો અને પૂરતા પ્રમાણમાં પાણી પીવું જોઈએ.

ધ્યાન (Meditation) : માનસિક શાંતિ અને તણાવ મુક્તિ માટે રોજ ૧૦ મિનિટ ધ્યાન ધરવું જોઈએ.

**નિષ્કર્ષ**

આરોગ્ય એ કોઈ એવી વસ્તુ નથી કે જે બીમાર પડ્યા પછી યાદ કરવાની હોય. તે એક મૂડી (Investment) છે. જો તમે આજે તમારા સ્વાસ્થ્ય પાછળ સમય નહીં આપો, તો કાલે તમારે તમારી બીમારી પાછળ સમય અને પૈસા બંને વેડફવા પડશે.

વિદ્યાર્થીઓ અને યુવાનો એ રાષ્ટ્રનું ભવિષ્ય છે. જો દેશનું ભવિષ્ય સ્વસ્થ અને સશક્ત હશે, તો જ ભારત પ્રગતિના પંથે આગળ વધી શકશે. એટલે જ, તમારી કારકિર્દીના સપનાઓ ચોક્કસ પૂરા કરો, પણ તે સપનાઓ જોવા માટે અને તેને માણવા માટે એક સ્વસ્થ શરીરની જાળવણી કરવી એ તમારી પ્રાથમિક જવાબદારી છે.

**યાદ રાખો :** “સ્વસ્થ શરીર, સ્વસ્થ મન અને તેજસ્વી કારકિર્દી - આ જ સાચી સફળતાની ત્રિપુટી છે.”

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**Email:sahebtoday@gmail.com**

# એક સપનું સોળ વરસનું થાય છે;જળ વચોવચ ઘર તરસનું થાય છે

સપનાં જોવા માટે આંખોએ રાતનાં ઓશિયાળાં નહીં રહેવું જોઈએ. સપનાને રાત કે દિવસ કોઈ જ ભેદભાવ નથી હોતો. બસ, બે આંખોની પાંપણોના દ્વાર બંધ થયાં નથી કે એ આંખોમાં સપનાંનું આગમન થયું નથી ! સપનું કોઈ જ રંગ કે રૂપમાં માનતું નથી. સપનાંની કોઈનાત-જાત કે કોમ નથી. એ તો હવાની જેમ રંગહીન, રૂપ કે આકારહીન છે. સપનું આ અર્થમાં સાચું સેક્યુલર છે. સપનું આંજવું એ આંખોનો ધર્મ છે, અને એ રીતે આંખને ઈજ્જત આપવી એ સપનાંની ફરજ છે. કોઈ જ આંખ સપનાં વગરની નથી હોતી. પણ કરૂણતા એ છે કે કેટલાક સપનાં આંખો વગરના હોય છે. આંખની તલાશમાં રહેતા સપનાંને એકાદ આંખનો આશરો મળી જાય ત્યારે સપનાં માટે આંખોનું હોવું અને આંખો માટે એ સપનાંનું હોવું સાર્થક બને છે.

સોળ વર્ષનું સપનું ૯૬ વર્ષના સપનાં કરતા ભિન્ન હોય છે. સોળ વર્ષની ઉંમરનું સપનું વહેલી સવારના નવજાત તડકા જેવું હોય છે. વહેલી સવારનો કૂણો અને કોકરવરણો તડકો તો ઉનાળામાંય ગમતો હોય છે. વરસતા વરસાદમાં ભીંજાઈ ગયેલા તડકાની સુગંધ જેટલી જ માદક મહેક સોળ વર્ષના સપનામાંથી પ્રગટતી હોય છે. કેટલાંક સપનાં બપોર જેવા હોય છે, આકરાં અને આતપ ભરેલાં ! કેટલાક સપનાં રાત જેવા પણ હોય છે - ક્યારેક અજવાળાંની પોઠો ભરીને આવતાં હોય છે તો ક્યારેક અંધારાંની સલ્તનત લઈને આવે છે. સપનું સમયનું મોહતાજ નથી. સમયથી એ પૂરી રીતે સ્વતંત્ર છે. સપનું સ્વાયત્ત છે. સપનું તો આંખોની ફલશ્રુતિ છે. આંખોનો નિઃશબ્દ પરિચય છે. જેમ આંસુ એ આંખનો મૌન અવાજ છે એમ સપનું એ તો આંખનું અજવાળું છે. એક એક સપનું પ્રેમના નિમિત્તે અવતરતું હોય છે. આંખોમાંથી જેમ આંસુને વહેતાં આપણે જોઈ શકીએ છીએ અને એને લૂછી પણ શકીએ છીએ એ જ રીતે આંખોમાંથી વહી રહેતા સપનાં પણ જોઈ શકાય છે અને એને લૂછી પણ શકાય છે. ફરક માત્ર એટલો જ કે આંસુ સ્થૂળપણે જોઈ શકીએ છીએ અને લૂછી શકીએ છીએ, પણ સપનાંને આંખોમાંથી વહી જતા તો માત્ર સૂક્ષ્મ આંખો જ જોઈ શકે છે.

સપનું તો સોળ વર્ષનું- સોળમા વર્ષનું સૌંદર્ય છે. આ જ એક સૌંદર્ય એવું છે જે ક્યારેય કરમાતું નથી. આ જ સૌંદર્ય એવું છે જેનો સૂરજ ક્યારેય આથમતો નથી. આ જ સૌંદર્ય એવું છે જેની સુગંધમાં જીવનનો ધૂપ ભળેલો હોય છે. સોળમા વર્ષની સુગંધ જ કંઈ અલૌકિક હોય છે. સોળમું વર્ષ એટલે કાચી અને કોરી રેતીમાં પગ મૂકીને નાનકડી દેરી કે નાનકડું ઘર બનાવવાનું વર્ષ ! સોળમું વર્ષ એટલે લાગણીઓનાં વાવેતરનું વર્ષ. સોળમા વર્ષે લાગણીની વાવણી થવા માંડતી હોય છે. સોળમું વર્ષ એટલે ઈચ્છાઓનો ઉછળતો મહાસાગર. જેમ સમુદ્રને બંધ બાંધીને નાથી શકતો નથી. એમ સોળમા વર્ષને પણ રોકી કે નાથી શકાતું નથી, હા એને આંખોની આલમમાં વસાવી ચોક્કસ શકાય. સોળમા



**દસ્તક**

**હર્ષદ પંડ્યા**

વર્ષને શ્વાસમાં ધબકતું અને લોહીમાં વહેતું ચોક્કસ રાખી શકાય. સોળમા વર્ષને આંખોમાં આજીવન નજરકેદ જે રાખી શકે છે એના સ્વભાવને એની ઉંમરને કે એના પૂરા જીવનને ક્ષણોના ડાઘ કે ઉંમરના ચાસ કે સમયના સોળ નથી પડતા એકસો વર્ષની ઉંમરની વ્યક્તિ પણ જો પોતાની નજરોમાં સોળમા વર્ષને બાંધી રાખે, પોતાના શ્વાસમાં અને હૃદયની સાક્ષીએ જિંદગીની પ્રત્યેક ક્ષણમાં એની ભીનાશ ભરેલી લીલાશને કે લીલાશ ભરેલી ભીનાશને આજીવન વસાવી દે, એને ક્યારેય કાળનો કાટ લાગતો નથી.

પથ્થરની ઠોકર તો સામાન્ય વાત છે, પણ જેને ફૂલની ઠોકર વાગે છે અમાં ફૂલનું મૂલ્ય અને ઠોકર ખાનારની ઈજ્જત વધી જાય છે. સોળ વરસનાં સપનાંનું પણ એવું છે. ફૂલની જેમ એકાદ સપનું પણ ક્યારેક ઠેસ પહોંચાડે છે, ક્યારેક ઠોકર ખવડાવે છે ત્યારે એ સપનાનું મૂલ્ય અનેકગણું વધી જાય છે. સપનાંની ઠોકર ખાવામાં પણ એક લિજ્જત છે. જેટલી મજા પોતાના શ્વાસના પર્યાય સમા માનેલા પ્રિયજનથી છેતરાઈ જવામાં છે, એટલી મજા ફૂલ કે સોળ વરસના એ નાજુક-નમણાં સપનાંથી ઠોકર ખાવામાં કે ઠુકરાઈ જવામાં છે. જે પ્રસન્નતા રણની તરસમાં



તડપતી હોય છે. એના કરતાં પણ અનેકગણી પ્રસન્નતા જળ જેવા જળની તરસમાં પણ તડપતી હોય છે.

થીજી જવાનો સ્વભાવ એ માત્ર પાણીનો જ નથી, સપનાંનો પણ છે. એમાંય વળી સોળ વરસનું સપનું જ્યારે આંખોમાં થીજી જાય છે ત્યારે એ આંખોમાંથી, જીવનભર ભીનાશ નીતરતી રહે છે. આંસુ એ બીજું કંઈ જ નથી, પણ સોળમા વર્ષે થીજી ગયેલા પેલા સપનાંનું ધીમે ધીમે પીગળવું અને એમાંથી આંખોને સદાય ભીની રાખતું જળ છે. કદાચ એટલે જ કેટલાકના અવાજમાં બારેમાસ ભેજ વરતાતો હોય છે. કેટલાકના લખાતા કે બોલાતા શબ્દોમાં પણ ભેજ જેવું લાગે છે એનું કારણ પણ શાયદ એ જ હોઈ શકે, કે પેલા સોળ વરસની ઉંમરે થીજી ગયેલા સપનાં, કોઈની યાદની હૂંફ કે યાદની ઉષ્માથી ઓગળી રહ્યા છે. ઘરની છત કે દીવાલોમાં જ ભેજ થઈ જાય એવું ખરૂં ? મને તો માણસોના ચહેરામાં, એમના અવાજમાં, અરે એમના શ્વાસમાં કે ધબકતા હૃદયના ધબકારામાં પણ ભેજ દેખાય છે. ભીતરના ભેજનો, ‘શબ્દપ્રીત’ સોળ વરસનાં સપનાંનો હવાલો આપી, આ રીતે અનુભવ કરાવે છે.

**એક સપનું સોળ વરસનું થાય છે**
**જળ વચોવચ ઘર તરસનું થાય છે**

**:: ટહુકો ::**

**દુઃખ તન્હાઈકા ઐસા ક્યા !**
**લોગ નહીં રહતે તન્હા ક્યા ?**
**ડોલી મેં એક લાશ પળી હૈ !**
**કબ્રસે દુલ્હા આયા ક્યા ?**

**- મુઝફ્ફર વારસી**

# રીલ્સ એન્ડ રૂલ્સ

આજકાલ રીલ્સની બોલબાલા છે. જે આવે છે તે રીલ બનાવે છે ને કોઈને મોકલે છે. તો કોઈનાં રીલ્સ આવે છે તો કોઈ જુએ છે ને એટલાથી કોઈ ધરાતું નથી ને તે અન્ય ગ્રૂપમાં કે વ્યક્તિગત રીતે ફોરવર્ડ પણ કરે છે. એવું જ લાઈક્સ, કોમેન્ટ્સનું પણ માર્કેટ છે. હવે લાખોમાં લાઈક્સ ને સેંકડો, હજારો કોમેન્ટ્સ ન હોય તો ખાવાનું ભાવતું નથી. લગભગ બધા જ યુવાનો રીલ્સના વ્યસની થઈ ગયા છે. આ રીલ્સ છે શું ? તે થોડીક સેકન્ડોની શૂટ કરેલી નાની ફિલ્મ છે. કેટલાક એને પ્રોફેશનલી શૂટ કરે છે ને આર્થિક કે અન્ય રીતે એનો લાભ પણ લે છે, તો અંગત રીતે બનાવાયેલી રીલ્સ અંગત ઉપયોગ કે ગ્રૂપમાં મોકલવા ખપમાં લેવાય છે. તે બહુ કલાત્મક નથી હોતી, પણ રીલ્સ પોતાના પ્રચાર માટે કે નજીકની વ્યક્તિઓ માટે બને છે. જોકે, તેના ફેલાવાની ઉત્તેજના સૌથી વધુ હોય છે.

હવે થયું છે કે, મોબાઈલમાં કેમેરા પણ કોમન છે. એમાં આર્ટિસ્ટ ન હોય તેવા માટે પણ રીલ્સ કે શોર્ટ ફિલ્મ બનાવવાનું સરળ છે. એમાં કંઈ અલગથી ખર્ચ થતો નથી ને આવડે તેવી રીલ્સ બનાવવાનું બહુ અઘરું પણ નથી. આ કામ બાળકોથી માંડીને વૃદ્ધો સુધીનાં કોઈ પણ બહુ મહેનત વગર કરી શકે છે ને રીલ્સ બનાવવાનો કે જોવાનો આનંદ લઈ શકે છે. કોઈને કેટલું કામ આવશે એની ચિંતા વગર રીલ્સ કોઈને પણ ફોરવર્ડ કરી શકાય છે ને સાથે ધમકી જેવી વિનંતી પણ થાય છે કે આ રીલ વધારેમાં વધારે શેર કરો. જેણે આ ફોરવર્ડ કર્યું તેને અમુક લાભ થયો ને ન કર્યું તો અમુક નુકસાન થયું. એટલે જેની પાસે રીલ્સ છે તે ગમે તેને ફોરવર્ડ કરતાં રહે છે. રીલ્સનું કોઈ ધોરણ નથી કે નથી કોઈ



## સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

રૂલ્સ. એટલે કોઈ પણ નિયંત્રણ વગર મેસેજ અને રીલ્સ ફોરવર્ડ થતાં રહે છે.

આ આખો ઉદ્યમ નિરર્થક છે, પણ તે તો જે કરતા ન હોય તેને માટે. જે કરે છે, તેમને તો એ અર્થપૂર્ણ જ છે. વોટ્સએપ અને ફેસ બુક જેવામાં એટલી બધી સગવડ છે કે કલાકો સુધી મેસેજ કે વીડિયો જોઈ શકો કે કરી શકો, એટલું જ નહીં બીજાના મેસેજ કે રીલ્સ જોઈ શકો ને બીજાના વીડિયોની 'બેસ્ટ વીડિયો' કહીને ભલામણ પણ કરી શકો. આમાં જે રીલ્સ બનાવે છે, તેને તો કોઈ હેતુ પણ હશે, પણ જોનાર એમ જ જુએ છે ને કોઈ ફરજ ન હોવા છતાં સેંકડો લોકોને કલાકો સુધી તે ફોરવર્ડ થતા રહે છે. આમાંનું કશું ફરજિયાત નથી, પણ વત્તેઓછે અંશે આપણે બધાં જ એ કાર્યવાહી કરતાં હોઈએ છીએ. કોણ જાણે કેમ, પણ આપણી પાસે વેડફવા માટે પુરતો સમય છે. જેમાંથી કશાની કોઈ જ પ્રાપ્તિ નથી એવાં રીલ્સ જોવામાં ને ફોરવર્ડ કરવામાં કલાકો કલાકો એમ જ વેડફી દઈએ છીએ. આમ આપણી પાસે ટાઈમ જ નથી, પણ મેસેજ મોકલવામાં અને રીલ્સ જોવા-મોકલવામાં કલાકો આપણે ફાજલ પાડી શકીએ છીએ. આમાં અભણો તો ભાગ્યે જ સક્રિય હશે, પણ શિક્ષિતો સૌથી વધુ સંકળાયેલા છે. આ શિક્ષિતોને કોણ સમજાવે કે મેસેજ કરવામાં, રીલ્સ જોવામાં કે એ બધું ફોરવર્ડ કરવામાં જેટલો સમય વેડફાય છે, એટલામાં ક્યાંક પાર્ટ ટાઈમ સર્વિસ થઈ શકે ને તેની થોડી આવક પણ થાય, જ્યારે સોશિયલ મીડિયા પર પડી રહેવામાં કે રિસીવ-ફોરવર્ડ કરવામાં સમયના વેડફાટ સિવાય કંઈ હાથ નથી લાગતું, છતાં કેટલો મોટો વર્ગ આનંદથી સમય બગાડવા માટે તત્પર રહે છે.

થયું છે એવું કે આજના સમયમાં વાંચવાનું ઘટ્યું છે ને જોવાનું વધી ગયું છે. એક સમય હતો જ્યારે હજાર પાનાનું પુસ્તક બે પાંચ દિવસમાં વંચાઈ જતું, હવે અપવાદો સિવાય હજાર પાનાનું ચોપડું જ છપાતું નથી, ત્યાં વાંચવાની તો વાત જ શી કરવાની ? આમ તો સમય બધાં પાસે જ હોય છે, પણ કંઈ ન કરતા હોય તે વધુ બિઝી હોય છે, એટલે શોર્ટકટથી સમય બચાવતા રહે છે. બચાવે છે એટલા માટે કે તે રીલ્સ, મેસેજ, કોમેન્ટસમાં વેડફી શકાય.

તમામ ઈલેક્ટ્રોનિક ટેક્નોલોજી માનવ જીવનમાં ઉપયોગી થવાની ગણતરીથી જ બજારમાં આવતી હોય છે, પણ માણસો જેમ ઉપયોગ કરી શકે એમ જ તેનો દુરૂપયોગ પણ કરી શકે છે ને અત્યારે ઉપયોગ ઓછો ને દુરૂપયોગ વધારે થાય છે. મોબાઈલથી વીડિયો કોલ પર હજારો માઈલ દૂરથી એકબીજાના ખબર અંતર પૂછી શકાય છે. આ કેવી મોટી સગવડ મોબાઈલથી ઊભી થઈ છે, પણ પછી એનો કોઈની અંગત પળોનું શૂટિંગ કરી બ્લેકમેઈલ કરવાનો કોઈ પ્રયત્ન કરે તો એ હેતુથી તો આ ટેક્નોલોજી અમલમાં નથી જ આવી. કોઈ બળાત્કાર થતો હોય કે ખૂન થતું હોય ને કોઈ રીલ બનાવે તો તે સાધનનો દુરૂપયોગ જ છે પણ ને તે તિરસ્કારને પાત્ર જ છે.

સ્માર્ટ ફોનના આવવાથી લોકોનો વાંચનમાં રસ ઘટી ગયો છે, ઘણાં તો એમ પણ માને છે કે સ્માર્ટ ફોન હાથમાં છે તો એમાં બધું જ આવી ગયું. વાંચવાની જરૂર જ નથી રહેતી. બધા જ ઉકેલો એમાં છે, પણ તે માન્યતા ખોટી છે, ઘણું એવું છે જે મોબાઈલમાં નથી. આજે લોકો કામ વગર પણ વ્યસ્ત છે. રીલ્સ જોવાં કે ફોરવર્ડ કરવા કે કોમેન્ટ્સ કે લાઈક્સનો હિસાબ રાખવો એ તેનું કામ જ નથી, પણ બિઝી હોવાનો ડોળ કરવો એ તેની લાક્ષણિકતા છે. સામાન્ય રોગ એવો છે કે વ્યક્તિ પાસે સમય નથી, પણ તે એ નથી જોતો કે એ કેમ નથી ? રીલ્સ, ફોરવર્ડ, લાઈક્સ વગેરે કોઈ રીતે વ્યક્તિને જરૂરી નથી, પણ તેમાં વ્યસ્ત રહેવાને લીધે સમય રહેતો નથી.

અહીં સવાલ એ થાય કે રીલ્સનો આટલો ક્રેઝ કેમ છે ? ક્રેઝ એટલે છે કે બે કલાકની ફિલ્મ બનાવવાનું તેનું ગજું નથી. કોઈ તાલીમ નથી ને તાલીમ વગર શેર કરી શકાય છે ને જેમને શેર થાય છે, તે પણ તેના જેવા જ અભણ છે, એટલે ઢગલો લાઈક્સ મળે છે. હવે જાણવું જરૂરી રહ્યું જ નથી. જોવું ને મોકલવું એટલાં જ કામ બચ્યાં હોય તેમ અડધી વસ્તી સ્માર્ટફોનમાં વ્યસ્ત થઈ ગઈ છે. આપણી પાસે સમય નથી એવું નથી, પણ સમયને ક્યાં વેડફીએ છીએ, તેની ખબર પડે તો તેમાંથી છૂટીને જરૂર છે એવી વાતોને સમય આપી શકાય. મોબાઈલ જરૂરી છે, પણ જીવન નથી, આપણે છાપાની નકલ જેવી જ જિંદગી જીવીએ છીએ ને તે તેવી છે, તેવું જાણવા છતાં જીવીએ છીએ એ કમનસીબી છે.


આવું લગ્નમાં પણ બને છે. કવર આપીને જમવા બેસીએ છીએ ત્યારે પણ મોબાઈલમાં એવી નજર હોય છે કે શું ખવાઈ રહ્યું છે તેની ખબર પડતી નથી, અરે ! ટોઈલેટમાં પણ આપણને મોબાઈલ વગર ચાલતું નથી. આવી ગુલામી તો ગુલામી કાળમાં પણ નથી ભોગવી. આપણને વિવેકભાન પણ મોબાઈલે ભુલાવી દીધું છે. કોઈનું ખૂન થતું હોય તો તેને બચાવવાને બદલે, તેનો વીડિયો ઉતારવામાં આખી ફોજ ખડી થઈ જાય છે, આટલાં સંવેદનહીન તો આપણે ક્યારેય ન હતા. મોટે ભાગે તો બે જ જમાતો બચી છે. એક રીલ્સ ઉતારનારી ને બીજી રીલ્સ જોયા કરનારી. રીલ્સ બનાવામાં પણ સર્જનાત્મકતા દાખવી શકાય, પણ એમાં ફોરવર્ડ શબ્દ જ કેન્દ્રમાં રહે છે ને સામે પક્ષે રીલ્સ જોઈને ફોરવર્ડ કરવાનું જ કામ બચ્યું છે. ઘણાંને હવે સર્જનાત્મક લેખન, વાંચન, કળા... વગેરેમાં બહુ રસ રહ્યો નથી. એ તરફ ધ્યાન જ ન જાય એમ સૌ સ્માર્ટફોનમાં વ્યસ્ત થઈ ગયા છે. બાકી હતું તે AIએ વધુ ધ્યાન ખેંચ્યું છે. એમાં કેટલુંક સારૂં પણ હશે, પણ રીલ્સ મેનીયાકનું એ ગજું નથી કે તેની સર્જનાત્મક અસરોને જાળવી કે જીરવી શકે. સ્માર્ટફોનમાં રીલ્સની વ્યવસ્થાઓ છે, કદાચ રૂલ્સની વ્યવસ્થાઓ નથી, એટલે બેફામપણું વધ્યું છે. આપણે જીવવાનું અને મરવાનું એકબીજાની લગોલગ લાવી દીધું હોય નથી લાગતું ?

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# અબૂ મઅ્શર બલ્ખી (મૃ.ઈ.સ.૭૮૫-૮૮૬)

## Ja'far ibn Muhammad Abu Ma'shar al-Balkhi (ખગોળશાસ્ત્ર અને નક્ષત્રશાસ્ત્રનો નિષ્ણાંત)

અબૂ મઅ્શરનું આખું નામ જાફર બિન મુહમ્મદ બિન ઉમર બલ્ખી હતું. તેમનો જન્મ પૂર્વ ખુરાસાનના શહેર બલ્ખમાં થયો હતો અને શિક્ષણ બગદાદમાં મેળવ્યું હતું. તેઓ ખગોળશાસ્ત્ર અને નક્ષત્રવિદ્યામાં નિપુણ હતા. તેઓ ખ્યાતનામ ચિંતક અને વૈજ્ઞાનિક યાકૂબ બિન ઈસ્હાક અલ-કિન્દીના સમકાલીન હતા. તેમણે ઈસ્લામની જાણકારીઓ અને પરંપરાઓનું જ્ઞાન મેળવ્યા પછી ખગોળશાસ્ત્ર અને નક્ષત્રવિદ્યા પર વિશેષ ધ્યાન આપ્યું.




તેમના જમાનામાં બગદાદમાં અવકાશ પર ખૂબ સંશોધનો થઈ રહ્યા હતા. તેનાથી તેમણે ખૂબ લાભ ઉઠાવ્યો. તેમની વિશિષ્ટતા એ હતી કે તેમણે અવકાશશાસ્ત્ર પર નક્ષત્ર જ્ઞાનને પ્રાથમિકતા આપી. તેમને નક્ષત્ર વિદ્યા પર ઘણી બધી માહિતી એકઠી કરી અને તેમાં નોંધપાત્ર વધારો કર્યો. તેમણે પોતાની જાણકારી પર આધારિત ઘણા પુસ્તકો લખ્યા છે, જે નક્ષત્ર વિદ્યા પર માહિતીનો કિંમતી ખજાનો છે. નક્ષત્રવિદ્યા પર તેમના વિભિન્ન પુસ્તકોની મદદથી અવકાશશાસ્ત્રના તે નિયમો અને સિદ્ધાંતો સરળતાથી મેળવી શકાય છે, જે તેમણે પોતાના જમાનામાં વિદ્વાનોથી પ્રાપ્ત કર્યા હતા. તેઓ આશરે એકસો વર્ષ સુધી જીવ્યા અને વાસત નામના સ્થળે ઈ.સ.૮૮૬માં અવસાન પામ્યા. આ લાંબુ આયુષ્ય તેમણે નક્ષત્ર-વિજ્ઞાનના અભ્યાસ અને સંશોધન તથા લેખ અને સંપાદનમાં વિતાવ્યું તેમજ પ્રયોગો અને પરીક્ષણને તેમણે જીવનની ઓળખ બનાવી રાખ્યા.

અબૂ મઅ્શરના લખાણોમાં તે બાબતનો પ્રભાવ સ્પષ્ટ જોવા મળે છે, જે ઈરાન અને હિન્દુસ્તાનના સાંસ્કૃતિક આંદોલનોથી અરબી વિદ્યાઓ પર પડતો રહેતો હતો. પરંતુ અબૂ મઅ્શરે પોતાના અનુગામીઓના જ્ઞાન અને હુન્નરથી ખૂબ લાભ ઉઠાવ્યો હતે પોતાની કાબેલિયતોનો સ્વીકાર કરાવડાવ્યો.

# મિલકત વેચવા માટે પ્રોપર્ટી ડીલરોની યુક્તિઓ

## ચંદીગઢના એક પરિવારને મૌકાના સ્થાને આવેલી તેમની મિલકત વેચવા માટે છેતરવામાં આવ્યો હતો



હું ૧૯૫૬થી ચંદીગઢમાં રહું છું અને મેં આ સુંદર શહેરની સ્થાપનાથી લઈને એક સમૃદ્ધ સૂક્ષ્મ મહાનગર સુધીની સફર જોઈ છે. શરૂઆતના વર્ષોમાં, ૧૪થી આગળના સેક્ટરોને મુખ્યત્વે મધ્યમ વર્ગ માટે વિકસાવવામાં આવ્યા હતા. ૫, ૭, ૮ અને ૧૦ સેક્ટરના ૩૦૦ વારના સ્વતંત્ર પ્લોટ સામાન્ય રીતે મધ્યમ આવક ધરાવતા પરિવારો દ્વારા ખરીદવામાં આવતા હતા. તે સમયમાં, સેક્ટર ૧૫માં ૩૦૦ વારનો પ્લોટ ૧,૧૫૦ રૂપિયામાં મળી શકતો હતો, જ્યારે ૧૫૦ વારનો પ્લોટ લગભગ ૫૦૦ રૂ.માં ઉપલબ્ધ હતો.

જોકે, તાજેતરના વર્ષોમાં, કિંમતોમાં નોંધપાત્ર વધારો થયો છે. આજકાલ ખરીદદારો ૧૫૦ વારનો પ્લોટ માટે પણ ૩ કરોડ રૂપિયાથી વધુ ચૂકવવા તૈયાર છે. મિલકતોની કિંમતોમાં થયેલા આ વધારાને કારણે અહીંનાં પ્રોપર્ટી ડીલરોને તડાકો પડી ગયો છે. આકાશને આંબી રહેલા ભાવોને કારણે તેમને તગડું કમિશન મળે છે.

તે માટે પ્રોપર્ટી ડીલરો સંભવિત વેચાણકર્તાઓને આકર્ષવા માટે એક રસપ્રદ પદ્ધતિ અપનાવતા હતા. તેઓ તેમની સવારની શરૂઆત અખબારોમાં 'ઉઠમણાં' અથવા 'બેસણાં'ની જાહેરાતો વાંચીને કરતા હતા. તેમનું ધ્યાન મૃતકના નામે ઘર અને તેના આશ્રિતોની સંખ્યા આ બે પાસાઓ પર રહેતું. તેનું કારણ એ હતું કે આ ડીલરો માનતા હતા કે હવે મૃતકના પરિવારમાં રહેલા આશ્રિત સભ્યોની વચ્ચે મિલકત માટે વિખવાદ અનિવાર્ય છે. આમ માનીને પ્રોપર્ટી ડીલરો મૃતકના શોકગ્રસ્ત પરિવારના સભ્યોનો સંપર્ક કરતા અને તેમને આકર્ષક ઓફરો આપીને લલચાવતા હતા. ચંદીગઢ શહેરમાં મારા ૭૦ વર્ષના જીવન દરમિયાન, મેં આવી ઘણી ઘટનાઓ જોઈ છે, પરંતુ એક મિલકતને વેચાવા માટે પ્રોપર્ટી ડીલર દ્વારા કરવામાં આવેલી હોશિયારીની વાત કરવા જેવી છે.

**સેક્ટર ૧૯માં મુખ્ય માર્ગ પર અને બજારની નજીક સ્થિત**

૩૦૦ વારના પ્લોટ પર આવેલી મિલકત જેમા આખો પરિવાર રહેતો હતો તે મિલકત પર એક પ્રોપર્ટી ડીલરોની નજર પડી. તેમણે આ મિલકતનું વેચાણ કરવા માટે તે પરિવારનો સંપર્ક કર્યો. આ પરિવારને પ્રોપર્ટી ડીલરોએ ઘણી આકર્ષક ઓફરો કરી પરંતુ આ પરિવારને મિલકતને વેચવામાં કોઈ રસ ન હતો.

થોડા સમય બાદ એક પ્રભાવશાળી પરિવાર ભાડુઆત તરીકે આ પરિવારની પડોશમાં રહેવા આવ્યો અને ટૂંક સમયમાં આ ભાડુઆત પરિવારે પેલા પરિવાર સાથે મિત્રતા કરી લીધી. થોડા સમય પછી, તેઓએ ચાલાકીપૂર્વક મિલકતધારક પરિવારના સભ્યોમાં ગેરસમજ ફેલાવીને ઝગડા કરવવાનું શરૂ કર્યું, જેના પરિણામે આ સંયુક્ત પરિવારમાં મતભેદ ઊભા થયા અને આખરે તેઓ તેમની મિલકત વેચવા માટે મજબૂર બન્યા.


જોકે મિલકત વેચી દીધાના ઘણાં સમય પછી આ પરિવારને ખબર પડી કે આ બધો પ્રોપર્ટી ડીલરનો મિલકત વેચાવા માટેનો ખેલ હતો.

**- વીકે આનંદ**
**(સૌ. : ટ્રિબ્યુન ઈન્ડિયા.કોમ)**

# અલ્ઝાઈમરને રોકવામાં સફળતા : વૈજ્ઞાનિકોની મુખ્ય પ્રોટીનની નવી શોધ

**હેલ્થ બુલેટીન**

નવા સંશોધનથી જાણવા મળ્યું છે કે મગજમાં હાજર ટ્યુબ્યુલિન નામનું પ્રોટીન એક મહત્વપૂર્ણ રક્ષણાત્મક ભૂમિકા ભજવી શકે છે. તે ટાઉ અને આલ્ફા-સિન્યુક્લિન જેવા પ્રોટીનને ઝેરી ગાંઠો બનાવવાથી દૂર રાખીને તેમને સ્વસ્થ કાર્ય તરફ દોરી શકે છે. એટલે કે, કોષોમાં ટ્યુબ્યુલિનનું પ્રમાણ વધારવું ન્યુરોડિજનરેટિવ રોગો સામે લડવા માટે એક આશાજનક રીત બની શકે છે. આ સંશોધન દર્શાવે છે કે ટ્યુબ્યુલિન અલ્ઝાઈમર અને પાર્કિન્સન જેવા રોગોમાં બનતા ઝેરી પ્રોટીનના ગાંઠોને અટકાવવામાં મદદરૂપ થઈ શકે છે. બેલર કોલેજ ઓફ મેડિસિનના વૈજ્ઞાનિકોના અનુસાર, તેમણે આ બે ગંભીર મગજના રોગો સામે લડવાનો એક નવો રસ્તો શોધ્યો છે.આ બંને રોગોમાં પ્રોટીન યોગ્ય રીતે કાર્ય કરતા નથી. અલ્ઝાઈમરમાં ટાઉ પ્રોટીન ખોટી રીતે વળે છે અને ગાંઠો બનાવે છે. પાર્કિન્સનમાં આલ્ફા-સિન્યુક્લિન પણ આવું જ કરે છે. જ્યારે આ પ્રોટીન એકઠા થવા લાગે છે, ત્યારે તે ચેતાકોષોની કામગીરીમાં ખલેલ પહોંચાડે છે અને પરિણામે યાદશક્તિમાં ઘટાડો, હલનચલનની મુશ્કેલી અને અન્ય ગંભીર લક્ષણો દેખાય છે. નેચર કોમ્યુનિકેશન્સમાં પ્રકાશિત આ અભ્યાસમાં સમસ્યાને હલ કરવાની નવી રીત બતાવવામાં આવી છે. પ્રોટીનને ભેગા થવાથી રોકવાના બદલે, સંશોધકોએ શોધ્યું કે ટ્યુબ્યુલિન તેમને તેમના સ્વાભાવિક અને ઉપયોગી કાર્યમાં વ્યસ્ત રાખી શકે છે. ટ્યુબ્યુલિન કોષોમાં માઈક્રોટ્યુબ્યુલ્સ બનાવવા માટે જરૂરી છે, જે કોષોને આકાર આપે છે અને અંદરના પરિવહન માટે માર્ગ બનાવે છે. ટાઉ અને આલ્ફા-સિન્યુક્લિન સામાન્ય સ્થિતિમાં પણ મહત્વપૂર્ણ કામ કરે છે. તે ટ્યુબ્યુલિન સાથે જોડાઈને કોષની રચના જાળવે છે અને ચેતાકોષો વચ્ચે સંચારને સહાય કરે છે. કોષોમાં કામ કરવા માટે, આ પ્રોટીન નાના પ્રવાહી જેવા ટીપાંમાં ભેગા થાય છે, જેને કન્ડેન્સેટ કહેવામાં આવે છે. આ કન્ડેન્સેટ્સ લાભદાયક પણ હોઈ શકે છે અને નુકસાનકારક પણ. હાલ સુધી એવું માનવામાં આવતું હતું કે આ ટીપાં બનતા અટકાવવું સારવાર માટે ઉપયોગી થઈ શકે છે. પરંતુ આ ટીપાં સ્વસ્થ કોષોમાં પણ જરૂરી હોય છે, તેથી તેમને સંપૂર્ણપણે અટકાવવાથી સમસ્યાઓ ઊભી થઈ શકે છે.



સંશોધકોએ એક નવી દિશામાં વિચાર કર્યો: જો આ ટીપાંને અટકાવવાના બદલે, તેમાં રહેલા પ્રોટીનને સ્વસ્થ રીતે કામ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે, તો કદાચ રોગ અટકાવી શકાય. આને સરળ રીતે સમજાવતાં, એક સંશોધકે કહ્યું કે ટાઉ અને આલ્ફા-સિન્યુક્લિન એવા બાળકો જેવા છે જે શરારત કરે છે. જો તેમને યોગ્ય કામમાં વ્યસ્ત રાખવામાં આવે, તો તેઓ સમસ્યા ઊભી નથી કરતા. ટ્યુબ્યુલિન એમને આ રીતે સારા કાર્યમાં વ્યસ્ત રાખે છે. આ અભ્યાસ માટે વૈજ્ઞાનિકોએ આધુનિક માઈક્રોસ્કોપી અને પ્રયોગશાળાના વિવિધ પરીક્ષણોનો ઉપયોગ કર્યો, જેથી તેઓ સમજી શકે કે ટ્યુબ્યુલિન પ્રોટીનના ગાંઠ બનવાની પ્રક્રિયા પર કેવી અસર કરે છે. સંશોધનમાં જાણવા મળ્યું કે જ્યારે ટ્યુબ્યુલિનનું પ્રમાણ ઓછું હોય છે, ત્યારે ઝેરી પ્રોટીનના ગાંઠો સરળતાથી બને છે. પરંતુ જ્યારે ટ્યુબ્યુલિન પૂરતું હોય છે, ત્યારે આ પ્રોટીન ગાંઠો બનાવવાના બદલે સ્વસ્થ માઈક્રોટ્યુબ્યુલ્સ બનાવવામાં મદદ કરે છે. આથી, ટ્યુબ્યુલિન આ પ્રોટીનને નુકસાનકારક માર્ગથી દૂર રાખીને તેમને ઉપયોગી કાર્ય તરફ દોરી જાય છે. સંશોધકોનું માનવું છે કે ટ્યુબ્યુલિનની ભૂમિકા માત્ર સહાયક નથી, પરંતુ તે ઝેરી પ્રોટીન સામે સક્રિય રીતે રક્ષણ આપે છે. તેથી, કોષોમાં ટ્યુબ્યુલિનનું પ્રમાણ વધારવું ભવિષ્યમાં સારવાર માટે એક અસરકારક અને પસંદગીયુક્ત રીત બની શકે છે, જે રોગને રોકે છે અને સાથે સાથે પ્રોટીનના સ્વસ્થ કાર્યોને પણ જાળવી રાખે છે.

**(સૌ. : સાય.ટેક.ડેઈલી)**

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

# અબ્બાસ અરાગચી : સંકટની ભઠ્ઠીમાં તપેલા ઈરાનના પોલાદી રાજદ્વારી

ઉચ્ચ-દાવવાળી કૂટનીતિના અંધકારમય ગલિયારાઓમાં - જ્યાં પરમાણુ મહત્વાકાંક્ષાઓ પ્રતિબંધો સાથે ટકરાય છે, મિસાઈલો આકાશને ચીરે છે અને યુદ્ધવિરામ એક રેશમી તાંતણે ઝૂલે છે - ત્યાં સૈયદ અબ્બાસ અરાગચી જેવી સ્થિર, સંયમિત સત્તા બહુ ઓછા રાજદ્વારીઓ પાસે હોય છે.

ઓગસ્ટ ૨૦૨૪થી ઈરાનના વિદેશ મંત્રી તરીકે અરાગચી કોઈ આકર્ષક વક્તાની જેમ નહીં, પરંતુ એક શિસ્તબદ્ધ, ધૈર્યવાન સંચાલક તરીકે ઉભરી આવ્યા છે - અગ્નિની વચ્ચે પણ શાંત, વિગતોમાં સચોટ અને ધીરજમાં અટલ. એપ્રિલ ૨૦૨૬માં જ્યારે ઈરાની અને અમેરિકી પ્રતિનિધિ મંડળ, ૨૦૨૬ના ઈરાન-યુદ્ધના ઘેરા પડછાયામાં ઈસ્લામાબાદની વાટાઘાટ-મેજની આસપાસ એકઠા થયા, ત્યારે સંઘર્ષના "નિર્ણાયક અને સ્થાયી" અંતના પ્રયાસોના કેન્દ્રમાં એક જ નામ હતું - અરાગચી. વિશ્લેષકોના મતે, તેઓ ઈસ્લામિક રિપબ્લિકના ઈતિહાસના સૌથી પ્રભાવશાળી વિદેશ મંત્રીઓમાં પોતાનું સ્થાન બનાવી ચૂક્યા છે. પરંતુ તેમનો આ પ્રભાવ કોઈ ક્ષણિક કરિશ્મા નથી. આ ત્રણ દાયકાના કઠોર અનુભવ, શૈક્ષણિક ઊંડાણ અને તે વ્યવસ્થા પ્રત્યેની અટલ નિષ્ઠાનું પરિણામ છે જેણે તેમને ઘડ્યા છે. જ્યારે સોશિયલ મીડિયાના આ યુગમાં વ્યક્તિઓને સામ્રાજ્ય-ભેદક મહાનાયક જાહેર કરવાની હોડ મચી છે, ત્યારે અરાગચીની કથા એક તીક્ષ્ણ સત્ય ઉજાગર કરે છે: ઈરાની વિદેશ નીતિ સામૂહિક છે - સર્વોચ્ચ નેતાના કાર્યાલય દ્વારા નિર્ધારિત, જે હવે ૨૦૨૬ની શરૂઆતમાં આયાતુલ્લાહ અલી ખામેનાઈના અવસાન પછી મોજતબા ખામેનાઈના નેતૃત્વમાં છે.

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

તેને વ્યક્તિગત પ્રતિભા નહીં, પરંતુ સત્તાની નિર્મમ વાસ્તવિકતાઓ આકાર આપે છે. અરાગચી તે જ મર્યાદાઓની અંદર ઉત્કૃષ્ટતાનું ઉદાહરણ છે.

**ક્રાંતિ અને વિદ્વત્તાના પાયા પર ઊભેલું વ્યક્તિત્વ**

૫ ડિસેમ્બર, ૧૯૬૨ના રોજ તેહરાનમાં ઈસ્ફહાનના મૂળ ધરાવતા એક રૂઢિચુસ્ત વેપારી પરિવારમાં — જ્યાં તેમના દાદા ગાલીચાના વેપારી હતા - જન્મેલા અરાગચી, ૧૯૭૯ની ઈસ્લામી ક્રાંતિના ઉથલપાથલભર્યા સમયમાં યુવાન થયા. ક્રૂર ઈરાન-ઈરાક યુદ્ધ (૧૯૮૦-૮૮)ના વર્ષોમાં તેમણે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)માં સ્વૈચ્છિક સેવા આપી. તે અગ્નિ-પરીક્ષાએ ક્રાંતિકારી શિસ્ત અને વ્યૂહાત્મક વિચાર તેમના લોહીમાં ઉતારી દીધા.

રાજદ્વારી જીવનનો ઔપચારિક પ્રારંભ ૧૯૮૫માં વિદેશ મંત્રાલયની આંતરરાષ્ટ્રીય સંબંધોની એકેડેમીથી થયો. ત્યારબાદ તેમણે —

★ આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સ્નાતક (૧૯૮૯)

★ ઈસ્લામિક આઝાદ યુનિવર્સિટી, તેહરાનથી રાજ્યશાસ્ત્રમાં અનુસ્નાતક (૧૯૯૧)

★ ઈંગ્લેન્ડની કેન્ટ યુનિવર્સિટીમાંથી રાજકીય વિચારમાં પીએચડી (૧૯૯૬)

તેમના શોધ-નિબંધમાં પશ્ચિમી લોકતાંત્રિક ભાગીદારી અને ઈસ્લામી શાસન-વ્યવસ્થા વચ્ચેના તણાવની તપાસ કરવામાં આવી હતી - એક એવો વિષય જેણે તેમને અસ્ખલિત અંગ્રેજી, પશ્ચિમી બૌદ્ધિક પ્રવાહોની ઊંડી સમજ અને પ્રતિપક્ષના વિશ્વદષ્ટિકોણને અંદરથી જાણવાની ક્ષમતાથી સજ્જ કર્યા. રણભૂમિની પ્રતિબદ્ધતા અને વિદ્વત્તાની ઊંડાઈના આ અનોખા સંગમે એક એવા રાજદ્વારી તૈયાર કર્યા જે શૈક્ષણિક સિદ્ધાંત તેટલી જ સહજતાથી ટાંકે છે જેટલી સહજતાથી બજાર-તર્ક. તેમણે પોતે એકવાર કહ્યું હતું: "વાટાઘાટોમાં ગાલીચા-વેપારી જેવી ધીરજ જોઈએ - સમય, દઢતા અને લાંબી રમત પર નજર."

**મૌન પદોન્નતિ પર ઊભેલી કારકિર્દી**

અરાગચીની કારકિર્દી ઈરાની રાજદ્વારી નીતિના એક માસ્ટર-ક્લાસની જેમ વંચાય છે. તેમણે ફિનલેન્ડમાં રાજદૂત (૧૯૯૯-૨૦૦૩, એસ્ટોનિયામાં પણ માન્યતા પ્રાપ્ત) અને ત્યારબાદ જાપાનમાં રાજદૂત (૨૦૦૮-૨૦૧૧) તરીકે સેવાઓ આપી, જ્યાં તેમને ટોક્યોનું પ્રતિષ્ઠિત 'ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન' સન્માન પ્રાપ્ત થયું.

તેહરાન વાપસી પછી તેમણે અનેક વરિષ્ઠ ભૂમિકાઓ ભજવી - વિદેશ મંત્રાલયના પ્રવક્તા, કાનૂની અને આંતરરાષ્ટ્રીય બાબતોના નાયબ મંત્રી, રાજકીય બાબતોના નાયબ મંત્રી અને યુરોપ સાથે પરમાણુ વાટાઘાટોના પ્રારંભિક તબક્કામાં પશ્ચિમ યુરોપ વિભાગના વડા.

૨૦૧૩ સુધીમાં વિદેશ મંત્રી મોહમ્મદ જાવદ ઝરીફ અને રાષ્ટ્રપતિ હસન રૂહાનીના નેતૃત્વમાં, અરાગચી નાયબ મુખ્ય પરમાણુ વાટાઘાટકાર બની ચૂક્યા હતા. તેઓ ઝરીફની જેમ જનતાનો ચહેરો નહોતા, પરંતુ જાણકારો તેમને અનિવાર્ય સંચાલક માનતા હતા - મુસદ્દો તૈયાર કરવો, યુરેનિયમ સંવર્ધન અને સેન્ટ્રીફ્યુજના ટેકનિકલ પાસાઓમાં નિપુણતા અને P5+1 (અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા, ચીન અને જર્મની) સાથેના મેરેથોન સત્રોમાં સંયમ જાળવી રાખવો.

૨૦૧૫માં જ્યારે સંયુક્ત વ્યાપક કાર્ય યોજના (JCPOA) પર મહોર લાગી, ત્યારે દરેક તકનીકી કલમ પર અરાગચીની સહી હતી. ૨૦૧૮માં અમેરિકાના હટી ગયા પછી અને વિયેનામાં પુનરૂદ્ધાર-વાટાઘાટો (૨૦૨૧, જેનું નેતૃત્વ તેમણે કર્યું હતું) તૂટી ગયા પછી, તેઓ રાયસી વહીવટમાં સલાહકાર ભૂમિકાઓમાં પાછા ફર્યા - અને ફરી ૨૦૨૪માં રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન દ્વારા તેમને સર્વોચ્ચ પદ માટે પસંદ કરવામાં આવ્યા.

**૨૦૨૬ની કસોટી : પરમાણુ મેજથી યુદ્ધવિરામ કૂટનીતિ સુધી**

આજે અરાગચીનું કાર્યક્ષેત્ર પરમાણુ ફાઈલથી ઘણું આગળ વધી ગયું છે. ૨૦૨૬ના ઈરાન-યુદ્ધમાં અમેરિકી અને ઈઝરાયેલી હુમલાઓથી ઈરાની માળખાગત સુવિધાઓ અને નેતૃત્વ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. એવા સમયે તેઓ તેહરાનના મુખ્ય વાટાઘાટકાર બની ગયા છે. તેમણે યુદ્ધવિરામ પર સંતુલિત નિવેદનો જાહેર કર્યા છે, પાકિસ્તાની મધ્યસ્થીઓનો આભાર વ્યક્ત કર્યો છે અને દઢતાથી કહ્યું છે: "ઈરાન દુશ્મનાવટનો નિર્ણાયક અને સ્થાયી અંત ઈચ્છે છે - પરંતુ ચકાસણી વિના કોઈ વિશ્વાસ નહીં, અને સાર્વભૌમત્વ સાથે સમજૂતી કરતો કોઈ સોદો નહીં." વાટાઘાટ-મેજ પર તેમનો સામનો કરનારા પશ્ચિમી રાજદ્વારીઓ તેમને "પોલાદી, દ્રઢનિશ્ચયી અને શાંત" સંચાલક ગણાવે છે - જે પરમાણુ બળતણ - ચક્રને અંદરથી જાણે છે અને લાલ રેખાઓ પર ક્યારેય નમતા નથી. ઈરાનની અંદરના જાણકારો તેમનામાં એક વફાદાર ક્રાંતિકારી જુએ છે જે કટ્ટરપંથીઓને મુશ્કેલ સમજૂતીઓ વેચી શકે છે, કારણ કે તેમને ક્યારેય પશ્ચિમના ચાટુકાર માનવામાં આવ્યા નથી.

**તમાશાથી ઉપર : ધૈર્ય જ શક્તિ છે**

અરાગચીની કાર્યશૈલીનો સાર કોઈ ધડાકો નથી, કોઈ નાટક નથી - પરંતુ એક સુવિચારિત પદ્ધતિ છે. તેઓ ભવ્ય વાકછટાથી બચે છે, વિગતવાર ડ્રાફ્ટિંગને પ્રાધાન્ય આપે છે અને વ્યૂહાત્મક ધૈર્યનો ઉપયોગ કરે છે. દબાણમાં તેઓ શાંત રહે છે. જીત હોય કે નિષ્ફળતા - શ્રેય હંમેશા સામૂહિકને આપે છે: સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ, નેતાનું કાર્યાલય અને સમગ્ર વ્યવસ્થા.

**આગળનો માર્ગ**

જેમ-જેમ ઈસ્લામાબાદ-વાટાઘાટો આકાર લે છે અને પ્રદેશ યુદ્ધવિરામની શરતો, પ્રતિબંધોમાં રાહત, પરમાણુ મર્યાદાઓ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં સુરક્ષિત માર્ગ વચ્ચે નાજુક સંતુલન સાધવાનો પ્રયાસ કરે છે - અરાગચીનો સ્થિર હાથ નિર્ણાયક મહત્વ ધરાવે છે. તેઓ એક અનોખી સ્થિતિમાં છે: ગંભીર સંવાદ માટે પશ્ચિમમાં પર્યાપ્ત સન્માનિત, અને મુશ્કેલ વિકલ્પોનો બચાવ કરવા માટે ઘરમાં પર્યાપ્ત વિશ્વસનીય.

ઈરાની કૂટનીતિના તે નિર્દય ક્ષેત્રમાં, જ્યાં એક ભૂલ યુદ્ધને આમંત્રણ આપી શકે છે અને ધૈર્યથી જીવન બચાવી શકાય છે - અબ્બાસ અરાગચી એક દુર્લભ સ્થિરતાના પ્રતીક છે: ક્રાંતિમાં ઘડાયેલી શાંત ક્ષમતા, વિદ્વત્તાથી શુદ્ધ થયેલી અને અગ્નિમાં પરખાયેલી.

તેઓ ચમત્કારોનો વાયદો નથી કરતા. તેઓ માત્ર સંભવની કળા આપે છે - એક સમયે એક સુવિચારિત ડગલું.

Email. :-msaeed181@gmail.com (મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

# શું 'ઘુસપેઠિયા' કાર્યવાહીને કારણે બંગાળની ૨૦૨૬ની ચૂંટણીમાં બાજી મમતાની તરફેણમાં ફેરવાઈ ગઇ છે?

## પશ્ચિમ બંગાળની ૨૦૨૬ની ચૂંટણીની લડાઈ સત્તા વિરોધી વલણથી લઈને ઓળખની રાજનીતિ સુધી, SIR, મતદારોના નામ કાઢી નાખવા અને 'ઘુસપેઠિયા' કાર્યવાહી દ્વારા આકાર પામવાની છે.

પશ્ચિમ બંગાળમાં ૧૫ વર્ષ સત્તામાં રહ્યા પછી, ૨૦૨૬ની ચૂંટણીમાં સત્તા વિરોધી લહેર પ્રબળ બનવાની અપેક્ષા હોવાને કારણે સતત ચોથી વખત જીત મેળવવી એ મમતા બેનરજી માટે કપરા ચઢાણ સમાન હતું. એનું મુખ્ય કારણ એ હતું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ), વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ અને તેની સંગઠનાત્મક તાકાત સાથે, એક મુખ્ય પડકાર તરીકે સામે હતી.

**'ઘુસપેઠિયા' કાર્યવાહીને લીધે સત્તા વિરોધી લહેર નિષ્ફળ**

આમ તો મુખ્ય પ્રધાન મમતા બેનરજી સામે કેટલીક શ્રેણીબદ્ધ ઘટનાઓને કારણે ખૂબ અસંતોષ હતો. આર.જી. કર મેડિકલ કોલેજની એક જુનિયર ડૉક્ટરની બળાત્કાર બાદ હત્યાનો મામલો તેમજ દક્ષિણ કોલકાતામાં થયેલો એક બીજો જાતીય હુમલાના મામલા એ જાહેર આક્રોશને જન્મ આપ્યો હતો. તદ્‌ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ સામે હિંસાના અહેવાલોએ લોકોના ગુસ્સામાં વધારો કર્યો હતો. જોકે આર.જી.કર મામલામાં તો મમતા ન્યાયની માંગણી માટે રસ્તા પર ઉતરી આવ્યા હોવા છતાં તે લોકોની હતાશા ઓછી થઈ ન હતી. લોકોમાં સત્તા વિરોધી ભાવના વધુ અને વાસ્તવિક દેખાતી હતી. પરંતુ બાંગ્લાદેશથી આવેલા હોવાનું માનવામાં આવે છે તેવા ગેરકાયદે બંગાળી ભાષી લોકોને 'ઘુસપેઠિયા' ગણાવીને તેમની સામે SIRએ, જે દેશવ્યાપી કાર્યવાહી કરી તેથી લોકોની હતાશામાં વળાંક આવ્યો છે. ભાજપ માટે 'ઘુસપેઠિયા' એક રાજકીય મુદ્દો હતો પણ ધરપકડો અને દેશનિકાલથી ત્રસ્ત લોકોમાં અસ્વસ્થતા ફેલાઈ હતી. તૃણમૂલ કોંગ્રેસ (TMC) સાથે ન હોય તેવા લોકોમાં પણ આ અસ્વસ્થતા ફેલાઈ ગઈ હતી. અને લોકોનો મૂડ બદલાવા લાગ્યો હતો. લોકોને બાંગ્લાદેશ મોકલવામાં આવી રહ્યા હોવાના અને ત્યાં હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો હોવાના અહેવાલોને કારણે અહીના સમુદાયોમાં ખુબ રોષ ફેલાવ્યો હતો.

**પછી પણ એવું થયું કે તે લોકોના મનમાં ઊંડે સુધી સ્પર્શી ગયું હતું**

બંગાળી ભાષા ન હોવાનો દાવો અને 'બાંગ્લાદેશી ભાષા'ના અનુવાદકની શોધને એક અમલદારશાહી ભૂલ તરીકે જોવામાં આવી અને તેને ઓળખ પર હુમલો માનવામાં આવ્યો હતો. આનાથી ઘણા લોકોમાં એ વિચાર મજબૂત બન્યો કે, ભાજપ ફક્ત ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને જ નિશાન બનાવી રહ્યું નથી પરંતુ બંગાળી ઓળખને જ પડકારી રહ્યું છે.

**SIR કેન્દ્રીય મુદ્દો**

આ પરિવર્તનનું મુખ્ય કારણ કેન્દ્રનું મતદાર યાદીઓનું ખાસ સઘન પુનરાવર્તન (SIR) છે. વહીવટી કવાયત તરીકે જે શરૂ થયેલું SIR ટૂંક સમયમાં ચૂંટણીનો મુખ્ય મુદ્દો બની ગયું છે. આ સ્કેલ ખૂબ જ વિશાળ છે. લગભગ ૧૨% એટલે કે ૯૧ લાખ મતદારોને કાં તો હટાવી દેવાયાં છે અથવા તો 'નિર્ણય હેઠળ' મૂકવામાં આવ્યા છે. કુલ મતદાર આધાર ૭.૦૮ કરોડથી ઘટીને ૬.૪૪ કરોડ થઈ ગયો છે.

આના કારણે SIR એક વ્યક્તિગત મુદ્દો બની ગયો છે. પરિવારોને નામો ઓછા થયેલા જોવા મળ્યા છે. પડોશીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. સમગ્ર સમુદાયો તપાસ હેઠળ આવી ગયા છે. રાજકીય ભાષા પણ બદલાઈ ગઈ છે. 'અંડર એડજ્યુડિકેશન' (ન્યાય હેઠળ) હવે એક એવુ લેબલ બની ગયું છે જે રોજિંદા જીવનને સીધી અસર કરે છે.

આ વિવાદ ત્યારે ચરમસીમાએ પહોંચ્યો જ્યારે ભારતની સુપ્રીમ કોર્ટે 'ન્યાય' સુનિશ્ચિત કરવા માટે કલમ ૧૪૨નો ઉપયોગ કરીને હસ્તક્ષેપ કર્યો હતો. કોર્ટે સુનાવણી વિના



યાદીઓ ફ્રીઝ કરવાના ચૂંટણી પંચના પગલાને ઉથલાવી દીધો હતો. મમતાએ આને લોકોની જીત ગણાવી છે.

ભાજપને SIRનો બચાવ કરવાની કિંમત ચૂકવવી પડી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે, 'શોધો, કાઢી નાખો, દેશનિકાલ કરો' એવી સ્પષ્ટ કવાયત ઘડી હતી. પરંતુ તેના પરિણામે માત્ર શંકાસ્પદ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને જ નહીં પરંતુ તેમના પોતાના સમર્થન આધારના કેટલાક ભાગોને પણ અસર થઈ છે. ૧૯૭૧ પછી સ્થળાંતરિત થયેલાં ઘણાં માટુઆ જેવા સમુદાયો પોતાને આ પ્રક્રિયામાં ફસાયેલા અનુભવે છે. આનાથી ચૂંટણીનો આકાર બદલાઈ ગયો છે. શાસન માટેની સીધી લડાઈ હવે એક સ્તરીય લડાઈ બની ગઈ છે. આ લડાઈ હવે તૃણમૂલ અને ભાજપ વચ્ચે, અને તૃણમૂલ અને ચૂંટણી પંચ વચ્ચે છે. ઘણા મતદારોને ભાજપ અને EC સાથે મળીને SIR પર કામ કરતા હોય તેવું લાગે છે, જે રાજકીય વિભાજનને વધુ તીવ્ર બનાવે છે.

સત્તા વિરોધી લહેર હજુ શમી નથી પરંતુ તે હવે મુખ્ય મુદ્દો નથી.

**મહિલાઓનું મમતાને વિશાળ સમર્થન**

'લક્ષ્મી ભંડાર' અને 'સ્વાસ્થ્ય સાથી' જેવી કલ્યાણકારી યોજનાઓને કારણે મહિલાઓમાં મમતા હજુ પણ માન ધરાવે છે. ભૂતકાળની ચૂંટણીઓમાં મહિલાઓનું સમર્થન ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યું છે. જોકે, મતદાર યાદીમાંથી લગભગ ૫૭ લાખ મહિલાઓના નામ રદ થઈ ગયાં હોવાથી મમતાને આ સમર્થનના લાભમાં વિક્ષેપ પડી શકે છે. આ વલણ ભાજપ તરફના વલણમાં પરિણમે છે કે કેમ તે હજુ અનિશ્ચિત છે. ૨૦૨૧ની સરખામણીમાં તૃણમૂલ માટે રાજકીય પરિદશ્ય સ્થિર થયું છે. ભાજપમાં પક્ષપલટાનું મોજું ધીમું થયું છે, કેટલાક નેતાઓ તો પાછા પણ ફર્યા છે. આનાથી મમતાને તેમની સ્થિતિ મજબૂત કરવામાં મદદ મળી છે.

દરમિયાન, ભાજપે 'ઘુસપેઠિયા' માટે શૂન્ય સહિષ્ણુતા' દાખવીને તેમનું અભિયાન સતત ચાલુ રાખ્યું છે. તેમનો સંદેશ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખીને તેમને દૂર કરવાનો છે. ગૃહમંત્રીએ સંકેત આપ્યો છે કે યોગ્ય પ્રક્રિયા પછી જેમને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા છે તેમને દેશનિકાલનો સામનો કરવો પડી શકે છે.

પરંતુ ભાજપ જેને સુરક્ષા અને શાસનના મુદ્દા તરીકે જે ગણાવે છે તેને ઘણા લોકો ઓળખના મુદ્દા તરીકે જુએ છે. મમતાએ હવે પોતાનું ધ્યાન અને અભિયાન 'બાંગ્લા' અને તેની સાંસ્કૃતિક ઓળખના રક્ષણ પર વધુ કેન્દ્રિત કરી રહ્યું છે. તેમનું આ સૂત્ર 'જાતોઈ કોરો હમલા, અબર જીતબે બાંગ્લા' (કેટલા પણ હુમલા કરો, બંગાળ જ જીતશે)' ભાવનાત્મક લાગે છે.

તેથી, ૨૦૨૬ની ચૂંટણી હવે ફક્ત કામ કે નીતિ વિશે નથી. તે ઓળખ, માલિકી અને અધિકારો વિશે છે. પ્રશ્ન ફક્ત એ નથી કે સત્તા વિરોધી લહેર મમતાને નુકસાન પહોંચાડશે કે નહીં, પરંતુ 'ઘુસપેઠિયા' સામે કડક વલણથી રાજકીય પરિકલ્પના સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે.

મિલકત વેચાવા માટે પ્રોપર્ટી ડીલરોની યુક્તિઓ ચંદીગઢના એક પરિવારને મૌકાના સ્થાન આવેલી તેમની મિલકત વેચવા માટે છેતરવામાં આવ્યો હતો.

હું ૧૯૫૬ થી ચંદીગઢમાં રહું છું અને મેં આ સુંદર શહેરની સ્થાપનાથી લઈને એક સમૃદ્ધ સૂક્ષ્મ મહાનગર સુધીની સફર જોઈ છે.

શરૂઆતના વર્ષોમાં, ૧૪થી આગળના સેક્ટરોને મુખ્યત્વે મધ્યમ વર્ગ માટે વિકસાવવામાં આવ્યા હતા. ૫, ૭, ૮ અને ૧૦ સેક્ટરના ૩૦૦ વારના સ્વતંત્ર પ્લોટ સામાન્ય રીતે મધ્યમ આવક ધરાવતા પરિવારો દ્વારા ખરીદવામાં આવતા હતા. તે સમયમાં, સેક્ટર ૧૫માં ૩૦૦ વારનો પ્લોટ ૧,૧૫૦ ? માં મળી શકતો હતો, જ્યારે ૧૫૦ વારનો પ્લોટ લગભગ ૫૦૦ ? માં ઉપલબ્ધ હતો.

જોકે, તાજેતરના વર્ષોમાં, કિંમતોમાં નોંધપાત્ર વધારો થયો છે. આજકાલ ખરીદદારો ૧૫૦ વારનો પ્લોટ માટે પણ ૩ કરોડથી વધુ ચૂકવવા તૈયાર છે.

મિલકતોની કિંમતોમાં થયેલા આ વધારાને કારણે અહીનાં પ્રોપર્ટી ડીલરોને તડાકો પડી ગયો છે. આકાશને આંબી રહેલા ભાવોને કારણે તેમને તગડુ કમિશન મળે છે.

તે માટે પ્રોપર્ટી ડીલરો સંભવિત વેચાણકર્તાઓને આકર્ષવા માટે એક રસપ્રદ પદ્ધતિ અપનાવતા હતા. તેઓ તેમની સવારની શરૂઆત અખબારોમાં 'ઉઠમણાં' અથવા 'બેસણાં'ની જાહેરાતો વાંચીને કરતા હતા. તેમનું ધ્યાન મૃતકના નામે ઘર અને તેના આશ્રિતોની સંખ્યા આ બે પાસાઓ પર રહેતું. તેનું કારણ એ હતુ કે આ ડીલરો માનતા હતા કે હવે મૃતકના પરિવારમાં રહેલા આશ્રિત સભ્યોની વચ્ચે મિલકત માટે વિખવાદ અનિવાર્ય છે. આમ માનીને પ્રોપર્ટી ડીલરો મૃતકના શોકગ્રસ્ત પરિવારના સભ્યોનો સંપર્ક કરતા અને તેમને આકર્ષક ઓફરો આપીને લલચાવતા હતા.

ચંદીગઢ શહેરમાં મારા ૭૦ વર્ષના જીવન દરમિયાન, મેં આવી ઘણી ઘટનાઓ જોઈ છે, પરંતુ એક મિલકતને વેચાવા માટે પ્રોપર્ટી ડીલર દ્વારા કરવામાં આવેલી હોશિયારીની વાત કરવા જેવી છે.

**સેક્ટર ૧૯માં મુખ્ય માર્ગ પર અને બજારની નજીક સ્થિત**

૩૦૦ વારના પ્લોટ પર આવેલી મિલકત જેમાં આખો પરિવાર રહેતો હતો તે મિલકત પર એક પ્રોપર્ટી ડીલરોની નજર પડી. તેમણે આ મિલકતનું વેચાણ કરવા માટે તે પરિવારનો સંપર્ક કર્યો. આ પરિવારને પ્રોપર્ટી ડીલરોએ ઘણી આકર્ષક ઓફરો કરી પરંતુ આ પરિવારને મિલકતને વેચવામાં કોઈ રસ ન હતો.

થોડા સમય બાદ એક પ્રભાવશાળી પરિવાર ભાડુઆત તરીકે આ પરિવારની પડોશમાં રહેવા આવ્યો અને ટૂંક સમયમાં આ ભાડુઆત પરિવારે પેલા પરિવાર સાથે મિત્રતા કરી લીધી. થોડા સમય પછી, તેઓએ ચાલાકીપૂર્વક મિલકતધારક પરિવારના સભ્યોમાં ગેરસમજ ફેલાવીને ઝગડા કરવવાનું શરૂ કર્યું, જેના પરિણામે આ સંયુક્ત પરિવારમાં મતભેદ ઊભા થયા અને આખરે તેઓ તેમની મિલકત વેચવા માટે મજબૂર બન્યા. જોકે મિલકત વેચી દીધાના ઘણાં સમય પછી આ પરિવારને ખબર પડી કે આ બધો પ્રોપર્ટી ડીલરનો મિલકત વેચાવા માટેનો ખેલ હતો.

**- ડાયના જ્યોર્જ**
**(સૌ. : ટાઈમ્સ નાઉ ન્યૂઝ)**

## 'નાગરિકોના ગૌરવનું અપમાન છે' : ગુજરાતમાં UCC કાયદો એ લઘુમતીઓ, લિવ-ઈન યુગલો માટે મુશ્કેલી ઊભી કરશે : PUCLની ચેતવણી

પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL)ના ગુજરાત એકમે ગુજરાત વિધાનસભા દ્વારા પસાર કરાયેલ ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલની તીવ્ર નિંદા કરી છે. જયપ્રકાશ નારાયણ અને ન્યાયાધીશ વી.એમ. તારકુંડે દ્વારા સ્થાપિત આ સંગઠને એક અખબારી નિવેદનમાં, આ કાયદાને "લક્ષિત નાગરિક સંહિતા" ગણાવી છે અને કહ્યું છે કે તે નાગરિકો અને ખાસ કરીને વંચિત સમુદાયો અને લઘુમતી સમુદાયોના ગૌરવ, ગોપનીયતા અને બંધારણીય અધિકારો માટે ગંભીર ખતરો છે.

PUCLએ રાજ્ય સરકાર પર અર્થપૂર્ણ પરામર્શ અથવા જાહેર ચર્ચા વિના આ બિલને આગળ ધપાવીને લોકશાહી ધોરણનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો હતો. સંગઠને નોંધ્યું હતું કે "ક્રૂર બહુમતી"નો ઉપયોગ કરીને વિધાનસભામાં ઉતાવળમાં પસાર થાય તે પહેલાં વાંધા અથવા ટીકા માટે વ્યાપક ડ્રાફ્ટ જાહેર ક્ષેત્રમાં મૂકવામાં આવ્યો ન હતો.



PUCLએ કહ્યું છે કે UCC પર ન્યાયાધીશ (નિવૃત્ત) રંજના દેસાઈ સમિતિ સમક્ષ તેની રજૂઆતોએ મહિલા ચળવળ દ્વારા દાયકાઓથી વિકસિત સૂક્ષ્મ, જાતિ-ન્યાય માળખાની રૂપરેખા આપી હતી. PUCLએ દલીલ કરી છે કે સરકારે આ પ્રગતિશીલ વલણની અવગણના કરી છે. વ્યાપક પરામર્શની સમગ્ર કવાયત નિરર્થક સાબિત થઈ છે. આ બિલમાં વિવિધ વ્યક્તિગત કાયદાઓના પ્રગતિશીલ તત્વોને એકીકૃત કરવા માટે એક પણ પ્રતીકાત્મક પ્રયાસ કર્યો નથી. PUCLએ ટ્રાન્સજેન્ડર અનu LGBTQIA+ સમુદાયોના અધિકારો અને ચિંતાઓને અવગણવા અને UCCને "લિવ-ઈન સંબંધો પર પણ લાગુ પડતી નોંધણીની અમલદારશાહી પ્રક્રિયા બદલ પણ આ કાયદાની ટીકા કરી હતી.

PUCL દ્વારા ઉઠાવવામાં આવેલી મુખ્ય ચિંતા બિલની કલમ ૪ હેઠળ રજિસ્ટ્રારને આપવામાં આવેલી મનસ્વી સત્તાઓ સાથે સંબંધિત છે. યુનિયને ચેતવણી આપી હતી કે આ તપાસમાં સત્તાઓ, અને અવ્યાખ્યાયિત અને ચોકસાઈનો અભાવ છે, આંતર-ધાર્મિક અને આંતર-જાતિ યુગલો જેઓ પરિવાર અથવા સમુદાયની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરે છે અથવા સહવાસ કરે છે તેમના વિરુદ્ધ આ કાયદાને હથિયાર બનાવી શકાય છે. આનાથી તેમની સુરક્ષા જોખમમાં મુકાશે, કારણ કે સમાજમાં હિંસક અતિ-રૂઢિચુસ્ત તત્વો કાયદાનું પાલન કરતા નથી.

લિવ-ઈન પાર્ટનર્સ માટે સ્થાનિક પોલીસને વિગતો સબમિટ કરવાની જરૂરિયાતને "દુર્ભાવના" અને "લિવ-ઈન સંબંધોને ગુનાહિત બનાવવાનો નિંદનીય પ્રયાસ" ગણવામાં આવ્યો છે. આ બિલ સ્પષ્ટપણે કલમ ૨૫, ૨૬ અને ૨૯ (ધર્મની સ્વતંત્રતા અને સાંસ્કૃતિક સ્વાયત્તતાની ખાતરી આપતું)નું ઉલ્લંઘન કરે છે. PUCLએ દલીલ કરી છે કે તેની અમલીકરણ પ્રક્રિયા ગોપનીયતાના બંધારણીય અધિકારનું ઉલ્લંઘન કરશે અને મર્યાદિત દસ્તાવેજો સાથે પરંપરાગત કાયદા પર આધાર રાખતા ગ્રામીણ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સામે હથિયાર બનાવી શકાય છે.

PUCLએ માંગણી કરી છે કે ગુજરાત સરકાર:

૧. તાત્કાલિક UCC પ્રક્રિયા બંધ કરે.
૨. તમામ ડ્રાફ્ટ દરખાસ્તો અને સંબંધિત દસ્તાવેજો જાહેર ક્ષેત્રમાં પ્રકાશિત કરે.
૩. મહિલા સંગઠનો દ્વારા કાયદા પંચની ભલામણો અને ટીકાઓને ધ્યાન લે.
૪. નાગરિક સમાજ, મહિલા જૂથો, બંધારણીય નિષ્ણાતો અને સમુદાયના પ્રતિનિધિઓ સાથે સમાવિષ્ટ પરામર્શ પ્રક્રિયા શરૂ કરે.

આ સંસ્થાએ પુષ્ટિ આપી છે કે તે બિલની દરેક કલમ અંગે ટીકા તૈયાર કરી રહી છે, જે ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. આ પ્રેસ સ્ટેટમેન્ટ PUCL ગુજરાતના પ્રમુખ આનંદ યાજ્ઞિક (એડવોકેટ) અને મહાસચિવ મુજાહિદ નફીસ દ્વારા જારી કરવામાં આવ્યું હતું.

**(સૌ : કાઉન્ટર વ્યૂ)**

# પોતાનું ન પણ હોય તેવા બાળક માટે એક પિતાનો સંઘર્ષ

ગાઝા શહેરમાં મોહમ્મદ લુબ્બાદ, પત્ની અમલ, બે પુત્રીઓ, માતા, ભાઈ, ભાભી અને તેમના સંતાન સાથે રહેતો હતો. ગાઝા પર ઈઝરાયેલી યુદ્ધ શરૂ થયાના થોડા દિવસો પછી ઈઝરાયેલે કરેલા હુમલાંમાં એક મિસાઈલ તેના ઘર પર પડી. તેનું ઘર કાટમાળમાં ફેરવાઈ ગયું. મોહમ્મદને નાશ પામેલા તેના ઘરમાંથી સારવાર માટે ઈન્ડોનેશિયન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ઈન્ડોનેશિયન હોસ્પિટલમાં મોહમ્મદને મળેલી માહિતી મુજબ, તેની બે પુત્રીઓમાંથી એક પુત્રી, તેની માતા, તેનો ભાઈ, તેની ભાભી અને તેમના બાળકના મૃત્યુ થયા હતા. પરંતુ તેની આઠ મહિનાની ગર્ભવતી પત્ની અમલ ગાયબ થઈ ગઈ હતી.

પત્નીની શોધખોળ કરવાના પ્રયત્નોમાં તેને જાણવા મળ્યું કે, તેની પત્ની અમલને કમાલ અદવાન હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં તેનું સિઝેરિયન કરવામાં આવ્યું હતું, જેના પરિણામે એક સ્વસ્થ બાળક, તેના પુત્રનો જન્મ થયો હતો. પરંતુ પછી તેને સમાચાર મળ્યા કે, તે સમયે ઈઝરાયેલી હુમલાઓમાં સેંકડો લોકો માર્યા ગયા હતા. તેથી યુદ્ધની અંધાધૂંધી વચ્ચે અમલને તેની સ્થિતિને કારણે અલ-શિફા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અને ૨૨ ઓક્ટોબરના રોજ માથા અને પેટમાં ઈજાને કારણે તેનું મૃત્યુ થયું હતું.

મોહમ્મદે તેની પત્ની, તેની પુત્રી રાણા અને અન્ય ગુમાવેલા પ્રિયજનોનો શોક વ્યક્ત કર્યો. પરંતુ થોડા સમય બાદ તેને યાદ આવ્યું કે તેના નવજાત પુત્રનું શું થયું? શું તે જીવતો હતો? અને તે ક્યાં છે?

**બાળકની ઓળખને લઈને સમસ્યા?**

ઓક્ટોબરના અંતમાં, તેને તેના સાળા દ્વારા ખબર પડી કે, બાળક અલ-શિફા હોસ્પિટલમાં અકાળ સમયે જન્મેલાં શિશુઓના જૂથમાં હોઈ શકે છે.

૩૫ વર્ષીય કમ્પ્યુટર પ્રોગ્રામર મોહમ્મદે અલ જઝીરાને કહ્યું, "હોસ્પિટલના સ્ટાફે અમને કહ્યું કે તમારી વિગતો સાથે મેળ ખાતું એક બાળક અહીં છે. આ બાળક ગર્ભાવસ્થાના આઠમા મહિનાના અંતે જન્મ્યો હતો અને ૧૩-૧૪ ઓક્ટોબરની આસપાસ કમલ અદવાનથી ટ્રાન્સફર થયું હતું. પરંતુ કમનસીબે, તેમની પાસે કોઈ સ્પષ્ટ વિગતો કે યોગ્ય નોંધણી ન હતી."

પરંતુ એક નવી મૂંઝવણ પેદા થઈ. તેના વર્ણન સાથે મેળ ખાતા આ બાળકને બીજા એક પરિવારે ઓળખ્યું હતું અને તે પરિવારના નામ હેઠળ નોંધણી પણ કરાઈ હતી. આ બાદ બાળક માટેનો એક નવો અધ્યાય અને કડવો વિવાદ શરૂ થયો.

મોહમ્મદે તે સમયના તબીબી દસ્તાવેજોના અભાવ પર પ્રકાશ પાડતા કહ્યું કે, "અમે કહેતા રહ્યા કે આ બાળક અમારા બાળકની પરિસ્થિતિ સાથે મેળ ખાય છે, જેનું ટ્રાન્સફર તે જ દિવસે કમાલ અદવાન પાસેથી કરવામાં આવ્યું હતું."

પરંતુ નવેમ્બર ૨૦૨૩માં યુદ્ધની સ્થિતિ વધી રહી હતી અને અલ-શિફા હોસ્પિટલમાં ઈઝરાયેલી ઘેરાબંધી વચ્ચે સચોટ તબીબી દસ્તાવેજો દુર્લભ બન્યા હતા. દરમિયાન, વૈશ્વિક ધ્યાન હોસ્પિટલની અંદર રહેલા અકાળ સમયે જન્મેલા શિશુઓ પર



**ગાઝામાં રહેતા મોહમ્મદની પત્ની અમલ ગર્ભવતી હતી. ઇઝરાયેલી હવાઈ હુમલામાં અમલનું મૃત્યુ થયું હતું પરંતુ મોહમ્મદને કહેવામાં આવ્યું કે તેણે મરતાં પહેલા એક બાળકને જન્મ આપ્યો છે**

કેન્દ્રિત થયું. તેમને એ ભય લાગ્યો કે, ઈઝરાયેલી ઘેરાબંધી દ્વારા વીજળી કાપવામાં આવતા સ્ટાફને જીવન બચાવનારા ઉપકરણો બંધ કરવાની ફરજ પડશે.

અલ જઝીરાને આપેલા નિવેદનમાં, ગાઝાના પોલીસ તપાસ વિભાગે આ બાળક અંગે વિવાદની પુષ્ટિ કરતાં કહ્યું કે, સમાન પરિસ્થિતિઓમાં બે મહિલાઓએ સમય પહેલા બાળકને જન્મ આપ્યા બાદ આ વિવાદ ઉભો થયો હતો. શરૂઆતમાં બંને બાળકો બચી ગયા હતા અને તેમને નવજાત સઘન સંભાળ એકમોમાં અન્ય અકાળ બાળકો સાથે મૂકવામાં આવ્યા હતા, પરંતુ ઈઝરાયેલના હુમલા અને તેની સાથે વીજળી ગુલ થવાના કારણે, ઘણા બાળકો મૃત્યુ પામ્યા હતા.

હોસ્પિટલ સ્ટાફના પુરાવા દર્શાવે છે કે, બે મૃત માતાઓએ જન્મ આપેલા બાળકોમાંથી એક એવું બાળક હતું જે બચી શક્યું ન હતું, જેના કારણે આ બચી ગયેલું એક બાળક વિવાદનું કેન્દ્ર બન્યું હતું.

ડિસેમ્બર ૨૦૨૩માં, મોહમ્મદને ખબર પડી કે, અલ-શિફા ખાતેના અકાળ સમયે જન્મેલા બાળકોને માનવતાવાદી તબીબી સ્થળાંતરના ભાગ રૂપે ઈજિપ્ત ખસેડવામાં આવશે. પરંતુ ગાઝા છોડતા પહેલા આ બાળકોને રફાહની એક હોસ્પિટલમાં લઈ જવામાં આવનાર છે.

મોહમ્મદ તરત જ રફાહ જવા રવાના થયો પણ તેને ઘણું મોડું થઈ ગયું હતું. બાળકોને તે પહોંચે તે પહેલા જ ઈજિપ્ત ખસેડવામાં આવ્યા હતા.

મોહમ્મદે રફાહ હોસ્પિટલના સ્ટાફને પોતાની તકલીફ સમજાવવાનો પ્રયાસ કર્યો. એક ડૉક્ટરે સહાનુભૂતિ વ્યક્ત કરી?અને પિતૃત્વ ચકાસવા માટે રક્ત પરીક્ષણની શક્યતા સૂચવી. પરંતુ બાળકને ઈજિપ્ત ખસેડી દેવામાં આવ્યું હોવાથી રક્ત પરીક્ષણ પણ અશક્ય હતું.

હવે મોહમ્મદને સ્થળાંતર કરાયેલા બાળકોના પાછા ફરવાની રાહ જોવા સિવાય છુટકો ન હતો. રાહ લાંબી હતી અને બે વર્ષ બાદ આખરે, ૩૧ માર્ચે, આ બાળકો ગાઝા પહોંચ્યા.

મોહમ્મદ તેના સંબંધીઓ સાથે ખાન યુનિસની નાસેર હોસ્પિટલમાં ગયો, જ્યાં તે જેને પોતાનું બાળક માને છે તે હતું પરંતુ જે પરિવારમાં બાળકની નોંધણી થઈ હતી તે પરિવાર પણ ત્યાં હાજર હતો.

મોહમ્મદે કહ્યું, "બાળકને લઈને અમારી વચ્ચે એક નાનો ઝઘડો થયો. તબીબી તપાસકર્તાઓએ દરમિયાનગીરી કરી અને બંને પરિવારોની વાત સાંભળી અને બંને કેસ વચ્ચે મજબૂત સમાનતાઓ જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા."

પોલીસ તપાસ વિભાગ કહે છે કે, બાળકના હાથમાં એક બ્રેસલેટ પહેરાવવામાં આવેલું હતું જે દર્શાવે છે કે તે મોહમ્મદ લુબ્બાદનું બાળક નથી, પરંતુ કમાલ અદવાન હોસ્પિટલમાં રેકોર્ડ ખોવાઈ જવાના પરિણામે અને સહાયક વૈજ્ઞાનિક પુરાવાના અભાવે, બીજા પરિવારના નામ હેઠળ બાળકની પ્રારંભિક નોંધણીને નિર્ણાયક ગણી શકાય નહીં.

મોહમ્મદ દઢપણે માને છે કે, આ બાળક તેનું છે, અને આ મામલાને ઉકેલવા માટે ડીએનએ પરીક્ષણનો આગ્રહ રાખે છે.

મોહમ્મદે કહ્યું, "ડીએનએ ટેસ્ટ એ નિર્ણાયક પરિબળ છે, હું કોઈપણ પરિણામ માટે તૈયાર છું, પછી ભલે તે મારું બાળક હોય કે બીજા પરિવારનું હોય. જે મહત્વનું છે તે ખાતરી છે."

મોહમ્મદ માટે સમસ્યા એ છે કે ગાઝામાં ડીએનએ પરીક્ષણ ઉપલબ્ધ નથી. અલ-શિફા હોસ્પિટલ કહે છે કે, આવું એટલા માટે છે કારણ કે યુદ્ધ દરમિયાન આવા પરીક્ષણ માટે ઉપયોગમાં લેવાતી વિશિષ્ટ પ્રયોગશાળાઓ નાશ પામી હતી અથવા બંધ થઈ ગઈ હતી. પોલીસ તપાસકર્તાઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ગાઝામાં હાલમાં તો કોઈ ચોક્કસ વૈજ્ઞાનિક ફોરેન્સિક સાધનોનો અભાવ છે. ગાઝાની અંદર ડીએનએ પરીક્ષણ સાધનોની જોગવાઈ અથવા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ઈજિપ્ત અથવા જોર્ડનની માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓમાં નમૂનાઓના તાત્કાલિક ટ્રાન્સફરની સુવિધા જરૂરી છે. મુખ્ય ઉદ્દેશ્ય એક એવા નિર્ણાયક પરિણામ પર પહોંચવાનો છે જે શંકાને સંપૂર્ણપણે દૂર કરે.

આ કેસ વૈજ્ઞાનિક રીતે વણઉકેલાયેલો હોવાને કારણે બંને પરિવારો ઊંડા માનસિક શોકમાં છે."

મોહમ્મદને પણ આગળ વધવા માટે કોઈ અંતિમ જવાબ મળી શકતો નથી.

તેણે કહ્યું, "મારી જગ્યાએ કોઈ પણ પિતા કલ્પના કરી શકે છે કે આ કેટલું મુશ્કેલ છે. હું એક માનસિક ભંગાણની નજીક છું જે મારા સમગ્ર જીવન અને કાર્યને અસર કરી રહ્યું છે. હું ફક્ત આ વિવાદનો અંત લાવવા માંગું છું. મેં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને ઉકેલ માટે દબાણ કરવા હાકલ કરી છે. આ અશક્ય ન હોવું જોઈએ."

મોહમ્મદ, જે હવે તેની બચી ગયેલી ચાર વર્ષની પુત્રી જાનાનો એકમાત્ર માતાપિતા છે, તે હાર માનવાનો ઈન્કાર કરે છે. તે અલ-શિફા હોસ્પિટલની બહાર પરિવારના સભ્યો સાથે વિરોધ પ્રદર્શનનું આયોજન કરીને પોતાના પ્રયાસોને વધુ તીવ્ર બનાવવાની યોજના ધરાવે છે.

ઈઝરાયેલના યુદ્ધે પિતાને તેની પત્ની, એક પુત્રી અને પરિવારના અન્ય સભ્યોથી દૂર કરી દીધો છે. પરંતુ મોહમ્મદ મક્કમ છે કે તેનો એક પુત્ર પણ છે. અને જ્યાં સુધી તેને જવાબ ન મળે ત્યાં સુધી તેણે અડગ રહેવાનો નિર્ણય કર્યો છે.

મોહમ્મદે કહ્યું, "મારી માનસિક અસર ઘણી ઊંડી છે, હું કામ કરી શકતો નથી કે સામાન્ય રીતે જીવી શકતો નથી. હું મૂંઝવણમાં છું. મારું આખું જીવન અટકી ગયું છે."

**- મરામ હુમૈદ**
**(સૌ. : અલ જઝીરા.કોમ)**

# સીમા વિવાદ : શું ભારત ચીનની રણનીતિ અપનાવી રહ્યું છે?

**ભા**રતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળની સરકારે લોકસભાનું કદ વધારવા માટેના બિલો પર ચર્ચા કરવા ગુરુવારે સંસદનું ખાસ સત્ર બોલાવ્યું છે. આ નિર્ણયને કારણે એવી ચર્ચા શરૂ થઈ છે જે બેઠકોની સંખ્યાથી આગળ જાય છે. વધતી જનસંખ્યા માટે વધુ સારું પ્રતિનિધિત્વ આપવા માટે બેઠકો વધારવાની વાતને બંધારણીય જરૂરિયાત તરીકે રજૂ કરવામાં આવી રહી છે. પરંતુ વાસ્તવમાં, આ પગલું એવું લાગે છે કે ભારતીય લોકશાહી પર નિયંત્રણ સ્થાપિત કરવા માટે બનાવવામાં આવી રહેલી મોટી માળખાકીય વ્યવસ્થામાં નવી કડી ઉમેરાઈ રહી છે.

અમે એવી સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છીએ જ્યાં શાસન વ્યવસ્થા ધીમે ધીમે ચીનની રાજકીય પદ્ધતિ જેવી બની રહી છે, અને પશ્ચિમી લોકશાહી મોડેલોથી ખાસ કરીને અમેરિકા જેવી કડક તપાસ અને સંતુલન ધરાવતી પ્રણાલીથી જાણે ઈરાદાપૂર્વક દૂર જઈ રહી છે.

**વિશાળ સંસદના જોખમો**


સીમાંકન, એટલે કે ચૂંટણી મતવિસ્તારોની સીમાઓ ફરીથી નક્કી કરવાની પ્રક્રિયા, લોકસભામાં ૮૦૦થી વધુ બેઠકો ધરાવતી ખૂબ મોટી સંસદ બનાવવાની દિશામાં લઈ જઈ શકે છે. ચીનમાં લગભગ ૩,૦૦૦ પ્રતિનિધિઓ દર વર્ષે બેઈજિંગમાં મળે છે, પરંતુ તેઓ મોટાભાગે માત્ર પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા પહેલેથી જ લેવાયેલા નિર્ણયો પર મોહર મારી દે છે.

આટલી મોટી વિધાનસભા સ્વાભાવિક રીતે અસરકારક રહેતી નથી. જ્યારે સત્રમાં ઘણા સભ્યો એક સાથે ભેગા થાય છે, ત્યારે અર્થપૂર્ણ ચર્ચા શક્ય રહેતી નથી. દરેક બિલની અલગથી વિગતવાર તપાસ કરવી મુશ્કેલ બની જાય છે, અને કારોબારી શક્તિ વધુ મજબૂત બને છે. પરિણામે, સંસદ ચર્ચા અને જવાબદારીનું મંચ રહેવાને બદલે માત્ર પ્રશંસા કરવાનું સ્થળ બની જાય છે.

ગૃહનું વિસ્તરણ કરીને અને સાથે સાથે તેની દેખરેખ રાખતી સમિતિઓને નબળી બનાવીને, રાજ્ય એ સુનિશ્ચિત કરે છે કે સંસદ માત્ર દેખાવ માટે જ રહે બાંધકામની દૃષ્ટિએ ભવ્ય હોય પરંતુ લોકશાહી રીતે ખાલી હોય આ સ્થિતિ અમેરિકાથી બિલકુલ વિપરીત છે. છેલ્લી સદીમાં અમેરિકાની વસ્તી ત્રણ ગણી વધી ગઈ હોવા છતાં, ૧૯૧૧થી પ્રતિનિધિ ગૃહના સભ્યોની સંખ્યા ૪૩૫ પર જ સ્થિર રાખવામાં આવી છે. અમેરિકન મોડેલ એ વિચાર પર આધારિત છે કે પ્રતિનિધિ અસરકારક બનાવવા માટે, તેની પોતાની એક અલગ ઓળખ અને અવાજ હોવો જરૂરી છે.

નાની અને મર્યાદિત વિધાનસભામાં, એક વ્યક્તિગત સભ્ય સમિતિઓને પ્રભાવિત કરી શકે છે, પક્ષપાતી બિલોને અટકાવી શકે છે અને રાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચી શકે છે. આ ''રચનાત્મક ઘર્ષણ'' લોકશાહીને જીવંત રાખે છે. પરંતુ તેના બદલે, મોટી સંસદ તરફ આગળ વધીને, ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર વ્યક્તિગત સાંસદોને સંખ્યાની ભીડમાં દબાવી દે છે. આ રીતે, વાસ્તવિક શક્તિ ધીમે ધીમે કેન્દ્રીય





જ્યારે એક જ સત્રમાં સેંકડો સભ્યોને સમાવી દેવામાં આવે ત્યારે અર્થપૂર્ણ ચર્ચા ધીમે ધીમે ગાયબ થઈ જાય છે અને સંસદ પછી માત્ર એક રબર સ્ટેમ્પ બની જાય છે જેમ ચીનમાં જોવા મળે છે

કાર્યકારી તંત્રમાં એકત્રિત થઈ રહી છે જે કંઈક ચીની સામ્યવાદી પક્ષના પોલિટબ્યુરોના ભારતીય સ્વરૂપ જેવી લાગે છે.

**નબળું બનતું વિરોધ**

વિધાનસભાની રચનામાં થતા આ બદલાવ સાથે રાજકીય પરિસ્થિતિમાં પણ ધીમે ધીમે ફેરફાર આવી રહ્યો છે. ખાસ કરીને વિરોધ પક્ષની નબળાઈ વધતી જાય છે. ચીનમાં, ''યુનાઈટેડ ફ્રન્ટ'' સિસ્ટમ હેઠળ આઠ નાના પક્ષોને અસ્તિત્વમાં રહેવાની મંજૂરી છે. પરંતુ તેઓ સંપૂર્ણપણે શાસક પક્ષના નિયંત્રણ હેઠળ રહે છે. તેઓ ખરેખર સ્પર્ધક નથી, માત્ર સલાહ આપનારા તરીકે જ કાર્ય કરે છે.

આ પક્ષો જેમ ચાઈના ડેમોક્રેટિક લીગ જ્યારે નેશનલ પીપલ્સ કોંગ્રેસમાં સ્થાન ધરાવે છે, ત્યારે તેઓ તેમના સ્વરૂપે ચીની કોમ્યુનિસ્ટ પાર્ટીની ''અગ્રણી સત્તા'' સ્વીકારવા માટે મજબુર કરવામાં આવે છે. તેઓ પોતે વ્યક્તિગત રીતે કરતા નથી, પરંતુ સરકાર સર્વસમાવેશક મદદ કરે છે, અને તેની સાથે ખાતરી કરે છે કે કાયદાકીય સરકારના વ્યૂહાત્મક લક્ષ્યો સાથે સુસંગત રહે.

ભારતનું રાજકીય વાતાવરણ પણ આવી જ નિયંત્રિત બહુવિધતાની દિશામાં આગળ વધી રહ્યું છે. રાજકીય હરીફો સામે તપાસ એજન્સીઓનો આક્રમક ઉપયોગ, તેમના નાણાકીય સ્ત્રોતોને નબળા પાડવા અને પક્ષપલટાને પ્રોત્સાહન આપીને, શાસક પક્ષના વિરોધને અંદરથી ખોખલો કરી રહ્યો છે. એવું લાગે છે કે લક્ષ્ય એવું ભારત બનાવવાનું છે જ્યાં વિરોધ પક્ષો દુનિયા સામે લોકશાહીનું દેખાવ જાળવવા માટે નામમાત્ર રહે પરંતુ વાસ્તવિક પડકાર ઉભો કરવા માટે તેઓ ખૂબ જ નબળા અને વિખરાયેલા રહે.

ચીનની સંસદમાં રહેલા નાના પક્ષોની જેમ, અહીં પણ તેમને ''નમ્ર વિરોધ'' સુધી મર્યાદિત કરવામાં આવી રહ્યા છે, જ્યાં તેઓ માત્ર શાસક પક્ષે નક્કી કરેલી મર્યાદાઓમાં જ પોતાની વાત રાખી શકે છે.

**એકાત્મક રાજ્ય**

બંને પ્રણાલીઓ વચ્ચેની સૌથી મહત્વપૂર્ણ સમાનતા એ છે કે રાષ્ટ્રીય સત્તા માટે સાંસ્કૃતિક એકરૂપતા લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ચીનમાં સ્થિરતા હાન-કેન્દ્રિત વિચાર પર આધારિત છે, જ્યાં રાજ્ય લઘુમતી સમુદાયોની ઓળખ જેમ કે ઉઈગુર, તિબેટીયન અને મોંગોલને એકસમાન ''ચીની ઓળખ'' હેઠળ ગૌણ બનાવે છે. ભારત પણ હાલમાં હિન્દુત્વના દૃષ્ટિકોણથી આંતરિક એકીકરણ તરફ આગળ વધી રહ્યું છે, જેમાં ચોક્કસ ધાર્મિક અને ભાષાકીય ઓળખના આધારે ''ભારતીયતા''ને ફરીથી વ્યાખ્યાયિત કરવાની કોશિશ થાય છે.

''સાંસ્કૃતિક રાજ્ય'' તરીકે ભારતનું વર્ણન ઉભું કરીને, શાસક પક્ષ પોતાને સાંસ્કૃતિક પુનર્જાગરણના નેતા તરીકે રજૂ કરે છે. જેમ ચીની કોમ્યુનિસ્ટ પાર્ટી ચીની રાજ્ય સાથે ગાઢ રીતે જોડાયેલ છે, તેમ અહીં શાસક વિચારધારાને રાષ્ટ્રીય ઓળખ સાથે જોડવાનો પ્રયાસ થાય છે.

જે લોકો અસહમત છે, તેમને માત્ર રાજકીય વિરોધી તરીકે નહીં, પરંતુ ''રાષ્ટ્રવિરોધી'' તરીકે રજૂ કરવામાં આવે છે જે ચીનમાં ''વિભાજકો'' અને ''વિધ્વંસકો'' વિશે કરવામાં આવતા પ્રચાર જેવું જ લાગે છે.

આ સાંસ્કૃતિક બદલાવ સંઘવાદને નબળું પાડવા લાંબા સમયથી ચાલતા પ્રયાસ સાથે જોડાયેલો છે. ''એક રાષ્ટ્ર, એક લોકો, એક સંસ્કૃતિ'' જેવી વિચારધારાથી પ્રેરિત થઈને, શાસક પક્ષ ભારતની વિવિધ રાજ્યની ઓળખને કેન્દ્રીય એકતામાં અવરોધ તરીકે જોવાનું શરૂ કરે છે. ગોલવાલકર દ્વારા ૧૯૬૧માં રાષ્ટ્રીય એકતા પરિષદને આપવામાં આવેલ મેમોરેન્ડમ આ દિશામાં એક આધારરૂપ દસ્તાવેજ માનવામાં આવે છે, જેમાં સંઘવાદને ''મૂળભૂત ભૂલ'' તરીકે ગણાવીને ''એક દેશ, એક વિધાનસભા, એક કારોબારી'' જેવી પદ્ધતિનો સમર્થન કરવામાં આવ્યો હતો. સીમાંકન આ પ્રકારના એકીકરણ માટે એક મહત્વપૂર્ણ સાધન તરીકે રજૂ થાય છે. વસ્તીના આધારે પ્રતિનિધિત્વ નક્કી કરવાથી, દક્ષિણ ભારતના રાજ્યોને તેમની વસ્તી નિયંત્રણની સફળતા માટે નુકસાન થાય તેવી શક્યતા ઉભી થાય છે.

આ પદ્ધતિ અમેરિકાની સેનેટથી વિપરીત છે, જ્યાં દરેક રાજ્યને તેના કદની પરવા કર્યા વગર બે બેઠકો આપવામાં આવે છે, જેથી ''બહુમતીના દબાણ''ને અટકાવી શકાય. તેની સામે, ભારત ધીમે ધીમે એવી પદ્ધતિ તરફ આગળ વધી રહ્યું છે જ્યાં પ્રાંતીય ઓળખોને કેન્દ્રિય હિત હેઠળ રાખવામાં આવે આ પરિવર્તન માટે અંતિમ દલીલ ''સરમુખત્યારશાહી સ્થિરતા''નું વચન છે. દલીલ આકર્ષક લાગે છે: ચીન જેવી શક્તિ સાથે સ્પર્ધા કરવા માટે, ભારતે આંતરિક મતભેદ ઘટાડવા જોઈએ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ વિચારધારાના સમર્થકો માને છે કે અસંમતિના ''ઘર્ષણ'' વગરનું એકમાત્ર દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવું જ મહાનતા મેળવવાનો રસ્તો છે.

પરંતુ ભારત ચીન નથી. આપણી વિવિધતા કોઈ ખામી નથી જેને સુધારવાની જરૂર હોય; તે આપણું મુખ્ય બળ છે. ચીનમાં દેખાતી સ્થિરતા અંદરથી નાજુક છે, જેને ભારે સુરક્ષા ખર્ચ અને કડક દેખરેખ દ્વારા જાળવવામાં આવે છે. જો ભારત પોતાના લોકશાહી સ્વભાવને અને સાચી વિધાનસભાની વિચારપૂર્વક તથા અસરકારક ભૂમિકાને ચીની પ્રકારની ''કાર્યક્ષમ'' પ્રણાલીથી બદલે, તો તે દેશને એકસાથે રાખતા મહત્વપૂર્ણ સુરક્ષા તંત્ર ગુમાવવાનો જોખમ લઈ શકે છે.

હજારો વર્ષોથી ભારતની શક્તિ ખુલ્લી ચર્ચા, વિચારની વિવિધતા અને અસહમતિ વ્યક્ત કરવાની પરંપરામાં રહી છે.

અમર્ત્ય સેનનું માનવું હતું કે આ ''વાદબાજ'' સ્વભાવ વિકાસમાં અવરોધ નથી, પરંતુ ન્યાય અને સામાજિક કલ્યાણ માટે જરૂરી શરત છે. આ સ્વભાવને ''ઝંપલાવતું ડ્રેગન'' જેવી પદ્ધતિથી બદલી નાખવાનો અર્થ એ થાય છે કે મજબૂત અને પોતે સુધરતી લોકશાહીને નાજુક અને ભારે એકરૂપ તંત્રથી બદલવી.

અસહમતિ વગરનો વિકાસ કોઈ ''નવું ભારત'' નથી તે બહારથી અપનાવેલું મોડેલ છે, જે ઈતિહાસમાં માનવીય સ્વતંત્રતાને દબાવવાનું કારણ બન્યું છે. જ્યારે નવી અને વિશાળ સંસદ પોતાના સેંકડો સભ્યોને બેસાડવા તૈયાર થઈ રહી છે, ત્યારે એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉભો થાય છેઃ શું આપણે આપણા નાગરિકોની વિચારશીલ અને બોલવાની સ્વતંત્રતાનું સ્મારક ઊભું કરી રહ્યા છીએ, કે એક-પક્ષીય શાસન માટે કિલ્લો બનાવી રહ્યા છીએ?

**(લેખક કેરળ સરકારમાં નાયબ કાયદા સચિવ છે અને "The Supreme Codex: A Citizen's Anxieties and Aspirations on the Indian Constitution"ના લેખક છે.)**

**- ફૈસલ સીકે**

**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# અમારાં બાળકોની ઓળખ શું?'' મુર્શિદાબાદમાં મતદારોની વ્યથા

**'આ** બધું અમને ભારતમાંથી દૂર કરવા માટે રચાયેલું મોટું ષડયંત્ર છે,' સમસેરગંજની આયેશા બીબી કહે છે. અહીં ખાસ સઘન સુધારા (SIR) પછી અંદાજે ૭૫,૦૦૦ જેટલા મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, જેમાં મોટાભાગે મુસ્લિમો છે. આ ઘટનાને લઈને પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ અને લાલગોલા જેવા મુસ્લિમ બહુલ વિસ્તારોમાં ભય, રાજકીય આરોપો અને અનિશ્ચિતતાનો માહોલ ઊભો થયો છે.

અહીં ૩૪% કરતાં વધુ મતદારો મુસ્લિમ છે જે તેમની વસ્તી હિસ્સા કરતાં વધુ છે એટલે સ્થાનિક લોકો ભેદભાવ થવાનો આરોપ લગાવી રહ્યા છે અને પોતાનો મતાધિકાર છીનવાઈ જવાનો ડર વ્યક્ત કરી રહ્યા છે. બદલાતી રાજકીય સ્થિતિ અને મુસ્લિમ મતદારોના વિભાજનથી શું આ વિસ્તારનું ભવિષ્ય બદલાશે તે પ્રશ્ન પણ ઊભો થયો છે.

'આ બધું અમારા સાથે થઈ રહ્યું છે કારણકે અમે મુસ્લિમ છીએ અને ગરીબ છીએ. અમને ભારતમાંથી બહાર કરવા માટે આ એક મોટું ષડયંત્ર છે,' ૨૮ વર્ષની આબિદા ખાતુન કહે છે, જ્યારે તે પોતાની આંગળીઓ વચ્ચે સૂકાસાલના પાનથી બીડી બનાવતી હતી.

આબિદા મુર્શિદાબાદ જિલ્લાના સમસેરગંજ વિસ્તારના સરહદી ગામમાં રહે છે, જ્યાં આશરે ૭૦ ટકા વસ્તી મુસ્લિમ છે. તે ૭૪,૭૭૫ મતદારોમાંની એક છે, જેમના નામ પશ્ચિમ બંગાળમાં આવનારી ચૂંટણીના પ્રથમ તબક્કા પહેલા મતદાર યાદીના ખાસ સઘન સુધારા (SIR) પછી કાઢી નાખવામાં આવ્યા છે. આબિદા, જેના પતિ સ્થળાંતરિત મજૂર તરીકે કામ કરે છે, તેણે સમસેરગંજના અનેક અન્ય લોકોને જેમ, પોતાનું નામ ફરીથી સામેલ કરવા માટે એપેલેટ ટ્રિબ્યુનલમાં ઓનલાઈન અરજી દાખલ કરી છે. વક્ફ સુધારા કાયદા પછી ગયા વર્ષે થયેલી સામપ્રદાયિક હિંસાનું કેન્દ્ર બનેલી આ સરહદી બેઠકમાં રાજ્યભરમાં સૌથી વધુ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. ત્યારબાદ લાલગોલા બીજા ક્રમે આવે છે. ભારતની સુપ્રીમ કોર્ટે પ્રથમ તબક્કામાં જેમના નામ કાઢી નાખવામાં આવ્યા છે, તેમને ૨૧ એપ્રિલ સુધી ૧૯ અપીલ ટ્રિબ્યુનલમાં અપીલ કરવાની મંજૂરી આપી છે.

આબિદા, જેમના પતિ સ્થળાંતરિત મજૂર છે, તેમણે સમસેરગંજના હજારો અન્ય મતદારોની જેમ અપીલ ટ્રિબ્યુનલમાં ઓનલાઈન અરજી કરી છે, પરંતુ તેમને વધુ આશા નથી.

**શું નિશાન બનાવીને નામ કાઢવામાં આવ્યા છે?**

નજીકની લાલગોલા વિધાનસભા બેઠકમાં, જ્યાં રાજ્યમાં બીજા નંબર પર સૌથી વધુ નામ કાઢી નાખવામાં આવ્યા છે, સ્થિતિ પણ એટલી જ ચિંતાજનક છે. અહીં SIR પછી લગભગ ૬૫,૦૦૦ મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. તેમાં પઠાણપરા ગામની રહેવાસી રૂક્સાના ખાતુનનું નામ પણ સામેલ છે, જે છેલ્લા ત્રણ મહિનાથી ગર્ભવતી છે આ સમયગાળો તેના SIR તપાસ સમય સાથે મેળ ખાય છે.

'તાર્કિક અસંગતતા'ના કારણથી રૂક્સાનાનું નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું. તેના અજન્મા બાળકના ભવિષ્ય અંગે ચિંતિત રૂક્સાના હવે શાંત રહે છે અને ઓછું ખાય છે, એમ તેની માતા કહે છે. તેને ડર છે કે તેને ડિટેન્શન કેમ્પમાં મોકલી દેવામાં આવશે અથવા સરહદ પાર બાંગ્લાદેશ મોકલી દેવામાં આવશે, અને પછી એકલી એ જ બાળક ઉછેરવો પડશે. ''મને પણ ચિંતા થાય છે... શું આ બાળકને ભારતીય તરીકે માનવામાં આવશે? જુઓ, મારું નામ SIR યાદીમાં છે, મેં ૨૦૦૨માં મતદાન કર્યું હતું. તેના પતિનું નામ પણ તેમાં છે. તો મારી દીકરીનું નામ યાદીમાં કેમ નથી?'' રૂક્સાનાની માતા પ્રશ્ન કરે છે.

૨૨ વિધાનસભા મતવિસ્તારો ધરાવતો મુર્શિદાબાદ જિલ્લો તેની ઊંચી મુસ્લિમ વસ્તી (૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૬૭.૭ ટકા) માટે ખાસ ઓળખાય છે. પશ્ચિમ બંગાળના રાજકારણમાં તેને ઘણીવાર ''કિંગમેકર'' તરીકે ઓળખવામાં આવે છે, ખાસ કરીને નજીકના માલદાહ સાથે. જ્યારે SIR પ્રક્રિયાના કારણે વિવિધ વર્ગોના લોકો પ્રભાવિત થયા છે, ત્યારે સ્થળાંતરિત મજૂરો, અનુસૂચિત જાતિના મુસ્લિમો અને મહિલાઓ એ લોકો છે, જેઓ કાઢી નાખવામાં આવેલા મતદારોમાં મોટો હિસ્સો ધરાવે છે.

પરંપરાગત રીતે ડાબેરી અને ત્યારબાદ કોંગ્રેસના ગઢ તરીકે ઓળખાતા આ વિસ્તારમાં, ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ ૨૨માંથી ૨૦ બેઠકો જીતી હતી.



આ કારણસર મુર્શિદાબાદમાં મોટા પાયે નામ કાઢી નાખવાના મુદ્દે ભારતીય જનતા પાર્ટી (BJP) અને ભારતીય ચૂંટણી પંચ (ECI) સામે રાજકીય પ્રેરિત ધાર્મિક પ્રોફાઈલિંગના આરોપો ઉઠ્યા છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે ECI ભાજપ સાથે મળીને કામ કરી રહ્યું છે.

**ટીકાકારો આવા શંકાઓને ડેટા દ્વારા સમર્થન આપે છે**

ડિસેમ્બરના અંતમાં, ECIએ ASDD (ગેરહાજર, સ્થળાંતરિત, મૃત્યુ પામેલા, ડુપ્લિકેટ) યાદી જાહેર કરી હતી. તેમાં મુસ્લિમોના નામ કાઢી નાખવાનો હિસ્સો લગભગ દરેક બેઠકમાં તેમની કુલ વસ્તી કરતાં ઓછો હતો. પરંતુ અત્યાર સુધી મતદાર યાદીમાંથી કાઢી નખાયેલા કુલ ૯૧ લાખ મતદારોમાં ૩૪ ટકાથી વધુ મુસ્લિમ છે, જ્યારે ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ તેમની રાજ્યવ્યાપી વસ્તી આશરે ૨૭ ટકા છે. જોકે, કુલ કાઢી નાખવામાં હિન્દુઓ (ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ)ની સંખ્યા મુસ્લિમો કરતાં વધુ છે.

SABARના મુખ્ય સંશોધક શબીર અહેમદ કહે છે કે, ''પ્રથમ યાદી મેપિંગ પર આધારિત હોવાથી મુર્શિદાબાદ અને માલદાહ જેવા વિસ્તારોમાં ઓછા નામ કાઢવામાં આવ્યા હતા, કારણ કે મુસ્લિમોના નામ ૨૦૦૨ની યાદી સાથે સારી રીતે મેળ ખાતા હતા. પરંતુ ECI દ્વારા 'તાર્કિક વિસંગતતા'નો અસ્પષ્ટ ખ્યાલ રજૂ કર્યા પછી વધુ મુસ્લિમોના નામ દૂર થવા લાગ્યા.''

TMCના પૂર્વ રાજ્યસભા સાંસદ જવાહર સિરકાર પણ માને છે કે આ ડેટા ભાજપના ગંભીર રાજકીય ઈરાદાઓને દર્શાવે છે. તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું, ''મુસ્લિમ વિરોધી ભાવના RSS-BJPના હિન્દુત્વ રાજકારણનો એક મહત્વપૂર્ણ ભાગ છે. તેઓ બંગાળી મુસ્લિમ વસ્તીની વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર નથી.''તેમણે ઉમેર્યું કે ભાજપ માટે ૨૭ ટકા મુસ્લિમ વસ્તી ''મોટો અવરોધ'' છે, કારણ કે પાર્ટી માને છે કે પશ્ચિમ બંગાળમાં મુસ્લિમો ભાજપને મત આપશે નહીં.

સમસેરગંજ બેઠકમાં સ્ઝએ છેલ્લી વખત ૨૬,૧૧૧ મતોના અંતરથી જીત મેળવી હતી. હવે લગભગ ૭૫,૦૦૦ મતદારોના નામ કાઢી નાખવાથી પાર્ટીના ભવિષ્ય પર શું અસર પડશે તે પ્રશ્ન ઊભો થાય છે.

**સ્થળાંતરિત મજૂરો પર વધુ અસર**

SIR પ્રક્રિયાના કારણે સમાજના લગભગ તમામ વર્ગો પ્રભાવિત થયા છે, પરંતુ સ્થળાંતરિત મજૂરો, અનુસૂચિત જાતિના મુસ્લિમો અને મહિલાઓ પર સૌથી વધુ અસર જોવા મળે છે.

સમસેરગંજના ઓશીદુલ શેખ રમઝાન માટે કેરળમાંથી ઘરે આવ્યા હતા, જ્યાં તેઓ સુથાર તરીકે કામ કરે છે. તેમના એક દસ્તાવેજમાં નામની સ્પેલિંગમાં થયેલી ભૂલને કારણે 'તાર્કિક વિસંગતતા' બતાવી તેમની નોંધણી પ્રશ્નમાં આવી.

તે જ રીતે, સમસેરગંજના સકીમ શેખ ફેબ્રુઆરીમાં સુનાવણીમાં હાજર થવા માટે કેરળથી ઘરે આવ્યા હતા, જ્યાં તેઓ સુથાર તરીકે કામ કરે છે. તેમનું નામ પણ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું હોવાથી તેઓ હજી સુધી પાછા કામ પર જઈ શક્યા નથી.

તેમણે સ્થાનિક અધિકારીઓને અપીલ કરી અને સ્થાનિક ચૂંટણી અધિકારીઓ સાથે સુનાવણીમાં પણ હાજરી આપી હતી.

ત્યારથી ઓશીદુલ પોતાના ગામમાં જ રહી રહ્યો છે મતદાર યાદીમાં પોતાનું નામ પાછું મેળવવા માટે તે સ્થાનિક વહીવટીતંત્ર, BLO અને BDO કચેરીઓમાં સતત દોડધામ કરી રહ્યો છે. છતાં, અંતિમ પૂરક યાદીમાં તેનું નામ કાઢી નાખવામાં આવ્યું.

''આ સમસ્યા ઉકેલવા માટે હું બે મહિનાથી ઘરે છું. ફક્ત એક કારકુની ભૂલ સુધારવા માટે મારો બે મહિનાનો પગાર ગુમાવ્યો છે. આ ખર્ચ કોણ ભરશે?'' તે પ્રશ્ન કરે છે.

ઓશીદુલ કેરળમાં દર મહિને અંદાજે ૩૦,૦૦૦થી ૩૫,૦૦૦ રૂપિયા કમાય છે, જે તેના અને તેના પરિવારના ગુજરાન માટે મહત્વપૂર્ણ છે.

સમસેરગંજના સિકદરપુર ગામના સકીમ શેખ, જે કેરળમાં જ કામ કરે છે, તેમની સ્થિતિ પણ સમાન છે. ''મને સુનાવણી માટે બોલાવવામાં આવ્યા પછી, મેં મારી વાપસીની ટિકિટ બે વખત રદ કરી. છતાં અંતે મારું નામ કાઢી નાખવામાં આવ્યું,'' તેઓ કહે છે.

ગયા વર્ષે ગૃહ મંત્રાલય (MHA) દ્વારા અન્ય રાજ્યોમાં ''બાંગ્લાદેશી'' તરીકે ઓળખાવી કરાયેલી કાર્યવાહી દરમિયાન ઘણા બંગાળી મુસ્લિમ સ્થળાંતરિત મજૂરોને દુર્વ્યવહાર અને દેશનિકાલનો સામનો કરવો પડ્યો હતો. હવે એ જ લોકો પોતાનો મતાધિકાર બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

માલદહ જિલ્લાના સમાજ શેખ પણ આવા લોકોમાંના એક છે. ગયા વર્ષે તેમને ગુરુગ્રામ છોડવું પડ્યું હતું, કારણ કે તેમને ''બાંગ્લાદેશી'' તરીકે ગેરકાયદેસર રીતે અટકાયતમાં લેવામાં આવશે એવી ભીતિ હતી.

હવે તેમનું નામ પણ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું છે. ''પહેલા તેઓ અમને કામના સ્થળ પરથી દૂર કરે છે અને ઘરે પાછા મોકલે છે. હવે કહે છે કે અમે અહીંના પણ નથી અને ઘરે પણ નથી. તો અમે ક્યાં જઈશું? અમે કામ કેવી રીતે કરીશું?'' સમાજ શેખ કહે છે.

મહિલાઓ પર પણ આ અસર મોટા પ્રમાણમાં પડી છે. ઘણી મહિલાઓના નામ કાઢી નાખવામાં આવ્યા છે, કારણ કે તેમના લગ્ન પહેલા અને લગ્ન પછીના નામોમાં મેળ નથી આવતો.

સંશોધક ડૉ. આદિલ હુસૈનના કહેવા મુજબ, કેટલાક જિલ્લાઓમાં વધુ પ્રમાણમાં નામ કાઢી નાખવાના મુદ્દાને સમજવા માટે જાતિ એક મહત્વપૂર્ણ પરિબળ છે.

''હિન્દુ સમાજમાં નામશૂદ્ર અનુસૂચિત જાતિના માટુઆ શરણાર્થીઓમાં સૌથી વધુ પ્રભાવ જોવા મળે છે. તેવી જ રીતે, મુર્શિદાબાદ, માલદાહ અને દિનાજપુરના બંગાળી મુસ્લિમ સ્થળાંતરિત મજૂરો મોટાભાગે કહેવાતી 'નીચલી જાતિ'માંથી આવે છે. તેમના પૂર્વજોએ હિન્દુ જાતિવ્યવસ્થાના દબાણથી બચવા માટે ઈસ્લામ સ્વીકાર્યો હતો. આ સમુદાયોમાં જાતિના કારણે નોકરી કે ઔપચારિક શિક્ષણ મેળવવા માટે જરૂરી સામાજિક આધાર ઓછો છે, જે તેમની મતાધિકારથી વંચિત રહેવાની સ્થિતિને વધુ ગંભીર બનાવે છે,'' ડૉ. હુસૈન સમજાવે છે.

**મુર્શિદાબાદના રાજકીય માહોલમાં ફેરફાર?**

૧૭૦૪માં નવાબ મુર્શિદ કુલી ખાને સ્થાપિત કરેલું મુર્શિદાબાદ સદીઓથી સત્તા અને રાજકારણનું કેન્દ્ર રહ્યું છે. ૧૮મી સદીમાં તે બંગાળ, બિહાર અને ઓરિસ્સાની રાજધાની તરીકે ઓળખાતું હતું અને પ્લાસીના યુદ્ધ પહેલાં સુધી મહત્વપૂર્ણ સત્તાકેન્દ્ર રહ્યું હતું. આ વિસ્તારમાં બંગાળના છેલ્લાં નવાબ સિરાજ ઉદ-દૌલા અને તેમના વિશ્વાસઘાતી સગા મીર જાફરની ઐતિહાસિક યાદો આજે પણ લોકોની સ્મૃતિમાં જીવંત છે. સિરાજ સાથે થયેલા વિશ્વાસઘાત અને બાદમાં બ્રિટિશ શાસનના આગમનની યાદો લોકો માટે ભાવનાત્મક મુદ્દો છે. કેટલાક સ્થાનિક લોકો આજની પરિસ્થિતિમાં ભાજપને ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે અને TMCને મીર જાફર સાથે સરખાવે છે.

લાલગોલાના રહેવાસી મોહમ્મદ ખૈરુલ ઈસ્લામે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી, ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મતદાન કર્યું હતું. તેઓ કહે છે કે જો તેઓ કાયદેસર મતદાર ન હોત, તો તેમના મત અગાઉ કેવી રીતે ગણાયા હોત?

**પ્રવાસી મજૂર ઓશીદુલ શેખનું નામ 'આશીદુલ' તરીકે ખોટું લખાતા તેમનો મતાધિકાર ગુમાવવો પડ્યો**

ખૈરુલ કહે છે, ''આ SIRની ગડબડ ભાજપ દ્વારા ઊભી કરવામાં આવી છે, પરંતુ TMCએ પણ કોઈ મદદ કરી નથી. મુખ્યમંત્રીએ સુપ્રીમ કોર્ટમાં અમારી તરફથી વધુ મજબૂત રીતે લડવું જોઈએ હતું. આ મામલો ટ્રિબ્યુનલ સુધી પહોંચવો જ ન જોઈએ હતો.'' તેમની બહેન અને પત્નીના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, જ્યારે તેમનું પોતાનું નામ અનેક સુનાવણીઓ પછી ફરી સામેલ થયું છે.

૨૦૨૧ની ચૂંટણીમાં સમસેરગંજ બેઠક પર TMCના અમીરુલ ઈસ્લામે ૯૬,૪૧૭ મત (૫૧.૧૩%) મેળવીને કોંગ્રેસના ઝૈદુર રહેમાન અને ભાજપના મિલન ઘોષને હરાવ્યા હતા. આ વખતે TMC તરફથી નૂર આલમ ઉમેદવાર છે, કારણ કે અમીરુલ ઈસ્લામને ફરક્કા ખસેડવામાં આવ્યા છે આ નિર્ણય ઘણા લોકો માટે આશ્ચર્યજનક રહ્યો છે. કોંગ્રેસ તરફથી નઝમે આલમ અને ભાજપ તરફથી ષષ્ઠી ચરણ ઘોષ મેદાનમાં છે.

લાલગોલામાં કોંગ્રેસે તોહીદૂર રહેમાન સુમનને ઉમેદવાર બનાવ્યા છે, જે TMCના અબ્દુલ અઝીઝ 'ડોક્ટર' સામે લડી રહ્યા છે. અઝીઝને સ્વચ્છ છબી ધરાવતા ''માટીના પુત્ર'' તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ તેમના પર તેમના સસરા અને પૂર્વ TMC નેતા ઈનામુલ હકના પ્રભાવનો આક્ષેપ થાય છે.

લાલગોલાના ચોપાડાની કાજોરી બીબી કહે છે, ''આ વિસ્તારના મુસ્લિમો હવે માત્ર વોટ બેંક તરીકે વપરાતા રહેતા થાકી ગયા છે. તે ઉમેરે છે, ''સરકારે લક્ષ્મીર ભંડારની રકમ ૧,૦૦૦થી વધારીને ૧,૫૦૦ રૂપિયા કરી છે, પરંતુ જો અમને કાયદેસર મતદાર માનવામાં ન આવે તો આ સહાયનો શું ઉપયોગ? મારા પરિવારના ૧૧માંથી ૮ સભ્યોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. જ્યારે મારો પોતાનો પરિવાર મતદાન કરી શકતો નથી, ત્યારે હું કેવી રીતે ખુશ રહી શકું?''

રાજકીય વિશ્લેષક ઝાદ મહમૂદના મતે, આ વખતે ''મુસ્લિમ મત'' વિખરાતો દેખાઈ રહ્યો છે. મુસ્લિમ બહુલ વિસ્તારોમાં TMC, કોંગ્રેસ અને ડાબેરીઓ વચ્ચે ત્રિકોણીય મુકાબલો જોવા મળી રહ્યો છે. ઓવેસી જેવા નેતાઓ, હુમાયુ કબીર જેવા પ્રાદેશિક પરિબળો, તેમજ ISF અને AUDF જેવા વિકલ્પો પણ રાજકીય સમીકરણોને અસર કરી રહ્યા છે, જે TMC માટે પડકાર ઉભો કરે છે. સ્થાનિક લોકોમાં કેટલાકનો મત છે કે તેઓ હવે TMCના શાસન અને ભ્રષ્ટાચારથી અસંતુષ્ટ છે અને આ વખતે તેમની પાસે વિકલ્પો છે. જોકે, મહમૂદ માને છે કે મુસ્લિમ મતના વિભાજનથી ભાજપને ફાયદો થઈ શકે છે.

**- રાખી બોઝ**

**(સૌ. : ધ ક્વિન્ટ.કોમ)**